દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 83 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ફાગણ વદ- 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 April 2024, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૮ એપ્રિલ ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૬ ૭ ૮







## ગુજરાત, મહારાષ્ટ્રમાં ચૂંટણી વખતે
# ભારે ગરમીની આગાહી

નવી દિલ્હીઃ લોકસભાની ચૂંટણીના સમયગાળામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, આંધ્ર પ્રદેશમાં ભારે ગરમી પડવાની આગાહી કરાઇ છે. લૂ લાગવાથી ચૂંટણી માટેના કર્મચારીઓ, અધિકારીઓ, મતદારો અને અન્ય સંબંધિત લોકોની તબિયતને માઠી અસર થઇ શકે છે. જાહેરસભામાં ભાગ લેવા જતાં લોકોની તબિયત બગડવાની પણ ભીતિ રહે છે. ભારે ગરમી અને વૅકેશનને લીધે મતદાનની ટકાવારી ઘટવાની શક્યતા પણ નકારી ન શકાય.

ભારતીય હવામાન વિભાગ - ઇન્ડિયા મીટિઅરૉલજિકલ ડિપાર્ટમેન્ટ (આઇએમડી)ના વડા મૃત્યુંજય મોહપાત્રએ જણાવ્યું હતું કે મતદારો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો જો ગરમીમાં લાંબો સમય ઊભા રહે, તો તેઓની તબિયત બગડી શકે છે. મતદાન મથકે પીવાના પાણીની સગવડ રાખવી જોઇએ. કોઇને લૂ લાગે તો તેઓની પ્રાથમિક સારવાર માટે ઔષધ અને તબીબી સુવિધા હોવી (જુઓ પાનું ૨) ▶▶


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.


આજે સૌથી મોટું સૂર્યગ્રહણ ૨


HAPPY GUDI PADWA
SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## ઈન્દોરમાં મોતિયાના ઑપરેશન બાદ આઠ દરદીને આડઅસર

ઈન્દોરઃ ઈન્દોરમાં ગયા મહિને એક હૉસ્પિટલમાં મોતિયાના ઑપરેશન બાદ આઠ દરદીને આડઅસર થતાં સ્થાનિક વહીવટીતંત્રને હૉસ્પિટલના ઑપરેશન થિયેટરને સિલ કરવાની તેમ જ ઘટનાને મામલે તપાસ યોજવાની ફરજ પડી હોવાનું અધિકારીઓએ રવિવારે કહ્યું હતું. આ દરદીઓએ દૃષ્ટિ ગુમાવી છે કે નહીં હાલ એ કહેવું મુશ્કેલ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તપાસ બાદ જ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થશે.

ઑપરેશનમાં કોઈપણ પ્રકારની બેદરકારી દાખવવામાં ન આવી હોવાનું જણાવી હૉસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટીએ દાવો કર્યો હતો કે અજાણ્યા કારણોસર આ આઠ દરદીની (જુઓ પાનું ૨) ▶▶

## લદાખમાં બરફવર્ષાઃ ૮૦ લોકોને સૈન્યએ બચાવ્યા

લેહઃ કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં લેહ અને શ્યોક નદીની ખીણ વચ્ચેના ૧૭,૬૮૮ ફૂટ ઊંચા ચાંગ લા પાસ પર હિમવર્ષામાં ફસાયા બાદ મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૮૦ લોકોને ભારતીય સૈન્યએ બચાવ્યા હતા.

રવિવારે માહિતી આપતાં ભારતીય સેનાના લેહ સ્થિત ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સે જણાવ્યું હતું કે ત્રિશુલ ડિવિઝનના સૈનિકોએ મધરાતે ઓપરેશન હાથ ધર્યું હતું. ટ્રાઈડેન્ટ ડિવિઝનના સૈનિકોએ ચાંગ લાની (જુઓ પાનું ૨) ▶▶

# સેવન ઇન વન ઉત્સવમાં ગુંજ્યો કરુણા અને માનવતાનો બુલંદ અવાજ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

## અખંડ ૧૦૦૮ આયંબિલ તપ આરાધક મહાતપસ્વી પરમ સૌમ્યાજી મહાસતીજીનું સન્માન

મુંબઈઃ પોતાના દુઃખમાં જેને બીજાનું દુઃખ દેખાય અને તેને દૂર કરવા જે પ્રયાસ કરે તે માનવ નહીં મહામાનવ હોય, એમ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે સેવન ઇન વન ઉત્સવ કાર્યક્રમમાં જણાવ્યું હતું. આ અવસરે અનેક મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો, રાજકીય હસ્તીઓ અને હજારો ભાવિકો આ અનોખા ઉત્સવને માણવા ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્થાનકવાસી જૈન સમાજમાં પ્રથમવાર વિક્રમ સર્જક અખંડ ૧૦૦૮ આયંબિલ તપની આરાધના કરી રહેલાં પરમ સૌમ્યાજી મહાસતીજીનું મુંબઈભરમાં ૧૦૮થી વધુ જૈન સંઘો એવમ્ સંસ્થાઓએ સન્માન કરીને તેમજ મીનાબેન દેસાઇ, મોનાબેન અજમેરા, મીનલબેન દેસાઇ, માનસીબેન શાહ, મિલીબેન શેઠ, પૂર્વીબેન પટેલ, કાજલબેન શેઠ, સોનલબેન શાહ, પૂર્વીદીદી મેઘાણી આદિ દ્વારા મહાસતીજીને મહાતપસ્વીનું ગૌરવવંતું પદ અર્પણ કરવામાં આવતા ઉપસ્થિત સહુ જયકાર ગુંજવીને અહોભાવિત બન્યાં હતાં.

મહાતપોત્સવ મંગલ કલશનું મહારાષ્ટ્રના માનનીય ડેપ્યુટી ચીફ મિનિસ્ટર દેવેન્દ્રજી ફડણવીસ દ્વારા પ્રથમ સાકર અર્પણના મંગલાચરણ સાથે મુંબઈ, રાજકોટ, અમદાવાદ, બરોડા, સુરત, મહારાષ્ટ્ર, કોલકાતા, બેંગલોર, ચેન્નઈ આદિ ભારતના ખૂણે-ખૂણેથી તેમજ વિદેશના દુબઈ, સિંગાપોર, અમેરિકા, મલેશિયા, ઓસ્ટ્રેલિયા આદિ અનેક ક્ષેત્રોના ભાવિકો સાકર અર્પણ કરીને ભાવિકો ધન્ય બની રહ્યાં છે.

એક અલૌકિક દિવ્યતા પ્રસારિત કરતી, પરમ ગુરુદેવના બ્રહ્મસ્વરમાં લયબદ્ધ તાલે કરાવવામાં આવેલી મહાપ્રભાવક શ્રી ઉવસ્સગ્ગહર સ્તોત્રની સંકલ્પ સિદ્ધિ જપ સાધનામાં વિશાળ જનસમુદાય લયલીન બન્યો હતો.

આ અવસરે રિલાયન્સ પરિવારના અનંતભાઈ અંબાણીએ વીડિયોના માધ્યમે જિઓ સેન્ટરમાં પરમ ગુરુદેવના આગમન બદલ સૌભાગ્યની અનુભૂતિ વ્યક્ત કરીને કહ્યું હતું કે જીવરક્ષા અને જીવદયાની જે પ્રેરણા પરમ ગુરુદેવ પાસેથી મને મળી તે પ્રેરણા પર જો આ દેશના બધા લોકો ચાલે તો આ જગત સુંદર બની જાય. ઉપરાંતમાં ગિરનારમાં પરમ ગુરુદેવના દર્શને એમની સાધના અને એમની અપરિગ્રહી સંયમી જીવનશૈલી પ્રત્યે અહોભાવ પ્રદર્શિત કરીને પરમ ગુરુદેવના આશીર્વાદની અભિલાષા કરી હતી.

રોજબરોજની જીવન રફતારમાં ઘટતી અનેક દુર્ઘટનાઓ અને એક્સિડન્ટમાં ઘાયલ થતાં માનવીઓ માટે દરેક સ્થાન પર ડૉક્ટર્સની ક્લિનિક અને મોટી મોટી હૉસ્પિટલ સહજ હોય છે પરંતુ ઘાયલ થયેલાં અબોલ પશુ-પંખીઓના ઈલાજ માટેની વ્યવસ્થા કરવાના સંકલ્પ સાથે કરુણાનિધાન પરમ ગુરુદેવની કરુણા ભાવનાથી પરમધામ ખાતે ૨૧ કરોડના ખર્ચે દરેક પ્રકારની આધુનિક સુવિધાઓ સાથેની વિશાળ 'પરમ એનિમલ હૉસ્પિટલ' સર્જનનો પ્રોજેક્ટ લોંચ થતાં દરેક જીવદયાપ્રેમી ભાવિક હર્ષ હર્ષ પોકારી ઊઠ્યાં હતાં.

ઉપરાંતમાં અબોલ જીવોની વેદનાને વાચા આપતી જીવદયાનો સંદેશ આપતી હૃદયદ્રાવક પ્રસ્તુતિ ''મેં બેઝુબાન હું બેજાન




નહીં'' નાટિકાના અદ્ભુત દૃશ્યો ન માત્ર અહિંસા અને કરુણાની પ્રેરણા આપી ગયા પરંતુ દૃશ્યો નિહાળી માંસાહાર ત્યાગ માટે અનેક ભાવિકો પ્રતિજ્ઞાબદ્ધ થયાં.

આ અવસરે સફળતાના માસ્ટર પોઇન્ટ્સ આપતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, લાઇફની ટેસ્ટમાં જે જીભના ટેસ્ટને જીતે છે તેનું જીવન સફળ બની જાય છે. સક્સેસનો બીજો મંત્ર છે સેવા, જ્યાં સેવા ત્યાં સક્સેસ. સ્વાર્થ ત્યાં સફળતા ન હોય, પરમાર્થ ત્યાં સફળતા હોય. પોતાના દુઃખના સમયે પણ જેને બીજાનું દુઃખ દૂર કરવાના ભાવ જાગે તે માનવ નહીં પણ મહામાનવ હોય. એ સાથે જ સેવા, વિનય અને સંપત્તિના અપ્રતિમ સંગમ સ્વરૂપે શ્રી અનંતભાઈ અંબાણીને ઓળખાવતાં પરમ ગુરુદેવે એમના અબોલ જીવો પ્રત્યેના પ્રેમ એવમ્ સેવાના કાર્યોની ભાવભીની અનુમોદના કરી હતી.

આ અવસરે પરમ ગુરુદેવની પ્રેરણાથી ચાલી રહેલા નબળી અને કમજોર દૃષ્ટિનાં કારણે જીવને જોખમમાં મૂકીને રિક્ષા ચલાવનારા એવા સેંકડો રિક્ષા ડ્રાઈવર્સ માટે નિઃશુલ્ક આઇ ચેકઅપ કેમ્પ ''પરમ દૃષ્ટિ'', કાળઝાળ ગરમીથી ત્રસ્ત એવા હજારો રાહદારીઓ માટે ઠંડી છાશ વિતરણના પ્રકલ્પ તેમજ પોતાના જેવું નામ ધરાવતી અન્ય કોઈ એક ગરીબ વ્યક્તિને દત્તક લેવા સ્વરૂપ 'હમ નામ હેલ્પ' પ્રકલ્પ જેવા જીવદયા અને માનવતાના પ્રકલ્પોની ઘોષણા થતાં હર્ષ હર્ષ છવાયો હતો.

લોકપ્રિય ગાયક કલાકાર પદ્મશ્રી કૈલાશ ખેર, પાર્થિવ ગોહિલ અને ગીતાબેન રબારીના મધુર કંઠે કર્ણપ્રિય સૂર સંગીતના તાલે સર્જાયેલી સોલફૂલ સિમ્ફની સાથે સંપન્ન થયેલા સેવન ઇન વન ઉત્સવની આ સાંજ સહુ માટે કદી ન ભુલાય એવી યાદગાર સાંજ બની હતી. ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કંગનાના કહેવાથી ઈતિહાસ થોડો બદલાઈ જાય ?

ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોથી ગમાર અને અજ્ઞાની લોકોની એક આખી જમાત ઊભી થઈ છે કે જે મીડિયામાં અને સોશિયલ મીડિયામાં મનફાવે એવો બકવાસ કર્યા કરે છે, પોતાની વિકૃત માનસિકતા પ્રમાણે ઐતિહાસિક તથ્યોને તોડીમરોડીને રજૂ કર્યા કરે છે. તેમાં તેમને શું આનંદ આવે છે એ ખબર નથી પણ આ જમાત ધીરે ધીરે મોટી થતી જાય છે. વોટ્સએપ યુનિવર્સિટીમાં ભણતા ને ઈતિહાસનું જરાય જ્ઞાન નથી એવા ગમારોના કારણે આ જમાત પોષાયા પણ કરે છે.

બોલીવૂડ અભિનેત્રી કંગના રનૌતે રાજકારણમાં એન્ટ્રી મારી છે અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યાં છે તેથી એ પણ આ જમાતમાં જોડાઈ ગયાં. કંગના આ જમાતનાં જ હતાં પણ બહુ સક્રિયતાથી યોગદાન નહોતાં આપતાં. હવે ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યાં છે એટલે સક્રિયતાથી યોગદાન આપી રહ્યાં છે ને તેના ઉત્સાહમાં તેમણે જવાહરલાલ નહેરુને બદલે સુભાષચંદ્ર બોઝને દેશના પહેલા વડા પ્રધાન ગણાવી દીધા. કંગના રનૌતે એક ઇન્ટરવ્યુમાં દાવો કર્યો કે, જવાહરલાલ નહેરુ નહીં પણ સુભાષચંદ્ર બોઝ ભારતના પહેલા વડા પ્રધાન હતા. કંગનાએ પોતાના દાવાના સમર્થનમાં ૧૯૪૩માં સુભાષચંદ્ર બોઝે બનાવેલી ગવર્નમેન્ટ ઈન એક્સાઈલનો હવાલો પણ આપ્યો.

કંગનાના ઈતિહાસના અજ્ઞાનની મજાક ઉડાવાઈ પછી કંગનાએ જવાબ આપ્યો કે, લોકોને ખબર હોવી જોઈએ કે મેં ઈમરજન્સી નામની ફિલ્મ બનાવી છે કે જે મુખ્યત્વે નેહરુ પરિવારની આસપાસ છે તેથી મહેરબાની કરીને ચૂપ રહો. હું તમારા આઈક્યુ કરતાં વધારે બોલું છું તો તમને લાગે છે કે મને ખબર નથી તેથી મારી મજાક ઉડાવી રહ્યા છો પણ વાસ્તવમાં તમે મજાકનું પાત્ર બની ગયા છો.

આ બહેનને શું કહેવું ? ઈમર્જન્સી પર ફિલ્મ બનાવી એટલે ઈતિહાસનાં જાણકાર થઈ ગયાં ને ગમે તે બકવાસ કરવાનો પરવાનો મળી ગયો ? જ્યાં સુધી આઈક્યુનો સવાલ છે, કંગનાનો જવાબ જ તેનો આઈક્યુ શું છે એ બતાવી આપે છે તેથી તેના વિશે કશું બોલવાની જરૂર નથી.

કંગનાએ જે વાત કરી છે એ સુભાષચંદ્ર બોઝે ૨૧ ઓક્ટોબર, ૧૯૪૩ ના રોજ સિંગાપોરમાં રચેલી આઝાદ હિંદ સરકારની છે. વિશ્વમાં પોતાના દેશને આઝાદ કરાવવા માટે લડનારા વિદેશમાં રહીને ગવર્નમેન્ટ ઈન એક્સાઈલ રચતા હોય છે ને સુભાષબાબુએ એવી જ સરકાર બનાવી હતી.

આ સરકારના વડા પ્રધાન સુભાષચંદ્ર બોઝ પોતે હતા. તેમની પાસે વિદેશ વિભાગ અને યુદ્ધ વિભાગ પણ હતા. એ.સી. ચેટર્જી નાણાં મંત્રી, એસ.એ. ઐયર પ્રચાર અને પ્રચાર-પ્રસાર પ્રધાન હતા, અને લક્ષ્મી સ્વામિનાથન મહિલા બાબતોનાં મંત્રી હતાં. બોઝના આઝાદ હિંદ ફૌજના ઘણા અધિકારીઓને મંત્રીમંડળમાં હતા. આઝાદ હિન્દ સરકારે બ્રિટનની દક્ષિણ પૂર્વ એશિયાની બર્મા, સિંગાપોર અને મલાયાની કોલોનીઓના વિસ્તારોમાં રહેતા તમામ ભારતીય નાગરિકો અને લશ્કરી કર્મચારીઓ પર પોતાની સત્તા હોવાનો દાવો કર્યો હતો.

કંગના જેવો બકવાસ જ કરવો હોય તો પછી મૌલાના બરકતુલ્લાહને દેશના પહેલા વડા પ્રધાન ગણવા પડે કેમ કે સુભાષચંદ્ર બોઝે પ્રોવિઝનલ ગવર્નમેન્ટ રચી તેના બહુ પહેલાં સ્વાતંત્ર્ય સેનાની રાજા મહેન્દ્ર પ્રતાપે ભારતની પહેલી પ્રોવિઝનલ ગવર્નમેન્ટ બનાવી હતી. ૧ ડિસેમ્બર, ૧૯૧૫ના રોજ બનાવાયેલી આ પ્રોવિઝનલ ગવર્નમેન્ટના પ્રમુખપદે રાજા મહેન્દ્ર પ્રતાપ હતા જ્યારે વડા પ્રધાન તરીકે મૌલાના બરકતુલ્લાહ હતા. અફઘાનિસ્તાનના કાબુલમાં રચાયેલી આ પ્રોવિઝનલ ગવર્નમેન્ટમાં મૌલવી ઉબૈદુલ્લાહ સિંધી ગૃહ મંત્રી, મૌલવી બશીર યુદ્ધ મંત્રી અને ચંપાક્રમણ પિલ્લાઈ વિદેશ મંત્રી હતા.

આઝાદ હિન્દ સરકાર અસ્તિત્વમાં આવી તેના ૨૮ વર્ષ પહેલાં કાબુલમાં ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ કમિટી (આઈઆઈસી)એ વિદેશમાં વસતા ભારતીય રાષ્ટ્રવાદીઓની મદદથી આ સરકાર રચી હતી. આઈઆઈસીએ ઓટ્ટોમન ખિલાફત અને જર્મનોની મદદથી ભારતમાં અંગ્રેજો સામે પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બળવો કરાવવાની યોજના પણ ઘડી હતી પણ એ સફળ નહોતી થઈ. મૌલાના બરકતુલ્લાહ સહિતના સ્વાતંત્ર્ય સેનાનીઓએ ૧૯૧૩ માં કેલિફોર્નિયામાં ભારતમાં બ્રિટિશ શાસનને ઉથલાવવા માટે ગદર ચળવળ શરૂ કરાવેલી. સુભાષબાબુએ બીજા વિશ્વયુદ્ધમાં અંગ્રેજો સામે લડતા જાપાન અને જર્મનીની મદદથી અંગ્રેજોને હરાવીને ભારતને આઝાદ કરાવવાનું વિચારેલું એ રીતે રાજા મહેન્દ્ર પ્રતાપે પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન વિદેશમાં અને મુખ્યત્વે તો જર્મની અને અમેરિકાના ભારતીયોને એક કરીને અંગ્રેજ વિરોધીઓ સાથે ભારતને આઝાદ કરાવવાની યોજના ઘડેલી.

આ પ્રોવિઝનલ ગવર્નમેન્ટનો ઉદ્દેશ રશિયા, ચીન, જાપાન સહિતના દેશોનું સમર્થન મેળવવાનો હતો. પ્રોવિઝનલ ગવર્નમેન્ટને અફઘાનના આમીરે બહુ મદદ કરી હતી પણ માન્યતા નહોતી આપી. વિશ્વયુદ્ધ સમાપ્ત થાય પછી તેનું પરિણામ શું આવે તેના પર તેમની નજર હતી. વિશ્વયુદ્ધમા બ્રિટન તથા તેના સાથી દેશો જીત્યા પછી અંગ્રેજોના દબાણ હેઠળ અફઘાનિસ્તાનના આમીરે રાજા મહેન્દ્ર પ્રતાપ તથા આખા પ્રધાનમંડળના સભ્યોને બિસ્તરાં-પોટલાં બંધાવીને અફઘાનિસ્તાનમાંથી રવાના કરાવી દીધા હતા.

રાજા મહેન્દ્ર પ્રતાપની પ્રોવિઝનલ ગવર્નમેન્ટને ભારતની પહેલી પ્રોવિઝનલ ગવર્નમેન્ટ તરીકે સૌએ સ્વીકારી છે. કંગના જેવાં ગમાર અને અબૂધોની દલીલ હેઠળ તો સુભાષચંદ્ર બોઝ નહીં પણ મૌલાના બરકતુલ્લાહ દેશના પહેલા વડા પ્રધાન કહેવાય, કંગના કે તેમના જેવા લોકો આ વાત સ્વીકારશે ?

કંગના જેવાં લોકો આ બકવાસ કરીને માત્ર પોતાના અજ્ઞાન અને ગમારપણાનું જ પ્રદર્શન નથી કરી રહ્યાં પણ હલકી માનસિકતાનું પણ પ્રદર્શન કરી રહ્યાં છે. કોઈ ગમે તેટલા ધમપછાડા કરે પણ ઈતિહાસ બદલી શકાતો નથી એ હકીકત છે. ને જવાહરલાલ નહેરુ આઝાદ ભારતના પહેલા વડા પ્રધાન હતા એ ઈતિહાસ કોઈ બદલી ના શકે. કંગના જેવાં લોકો આવશે ને જતાં રહેશે, કોઈ તેમને યાદ પણ નહીં કરે ને ક્યાં ખોવાઈ જશે એ પણ ખબર નથી. પચાસ વર્ષ પછી આ લોકોનું અસ્તિત્વ હતું એ પણ લોકોને યાદ નહીં હોય પણ જવાહરલાલ નહેરુ દેશના પહેલા વડા પ્રધાન હતા એ વાત આ દેશ અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી લોકોને યાદ રહેશે. જેમને નથી ગમતું એ લોકોએ પણ જખ મારીને યાદ રાખવું પડશે.

કંગના જેવાં લોકોએ ઈતિહાસને વિકૃત રીતે રજૂ કરીને પોતાના છિછરાપણાનું પ્રદર્શન કરવાના બદલે નવો ઈતિહાસ રચવો જોઈએ. દુનિયામાં પરાક્રમી લોકો એ જ કરતાં હોય છે. જૂના ઈતિહાસને બદલવાના બદલે પોતાના નામે નવો ઈતિહાસ રચે. જેમનામાં એ તાકાત નથી હોતી, પોતાને જૂના કરતાં બહેતર સાબિત કરવાની ક્ષમતા નથી હોતી એ લોકો જૂનાં લોકોને ગાળો આપીને. તેમના યોગદાનને નકારીને માનસિક વિકૃતિ સંતોષે છે. કંગના આણિ મંડળી એ જ કરી રહી છે ને તેની પ્રેરણા ક્યાંથી મળી રહી છે એ કહેવાની જરૂર નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), સોમવાર, તા. ૮-૪-૨૦૨૪,
દર્શ - સોમવતી અમાવસ્યા,ખગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં દેખાશે નહી

- ભારતીય દિનાંક ૧૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૫, ફાગણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ફાગણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૩૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૧૦-૧૨ સુધી, પછી રેવતી,ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ઙ્ગ
- ભરતી :સવારે ક.૧૧-૪૩, રાત્રે ક.૨૩-૫૦, ઓટઃ બપોરે ક.૧૭-૩૭, મધ્યરાત્રિ પછી ક.૦૬-૦૦(તા.૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ - દર્શ અમાવસ્યા. સોમવતી અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, પંચક,
- ખગ્રાસ સૂર્યગ્રહણઃ મુંબઈમાં દેખાવાનું નથી. ધાર્મિક દૃષ્ટિએ પાળવું નહીં.સોમવાર, તા. ૦૮-૦૪-૨૦૨૪, ફાગણ વદ-૩૦, મીન રાશિ, રેવતી નક્ષત્રમાં થાય છે. ખંડગ્રાસ સ્વરૂપે ઉત્તર- મધ્ય અમેરિકા. મેક્સિકો, પૂર્વ કેનેડામાં ખગ્રાસ સ્વરૂપે ઉત્તર પેસેફિક મહાસાગર, દક્ષિણ પેસિફિક મહાસાગરનો અમુક ભાગ લેબ્રેડર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, આઈસલેન્ડ સમુદ્ર. ગ્રહણ સ્પર્શઃ ક. ૨૧-૧૨, ગ્રહણ મધ્યઃ ૨૩-૪૭, ગ્રહણ મોક્ષઃ ક. ૨૬-૨૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે. મુહૂર્ત વિશેષઃ- સોમવતી અમાસનો મહિમાઃ સોમવતી અમાસ સનાતન હિંદુ સંસ્કૃતિનું ધર્મલાભનું પવિત્ર તિથિપર્વ છે. સોમવતી અમાવસ્યાનું પવિત્ર તીર્થસ્નાન, ગંગા, નર્મદા, કાવેરી, ક્ષિપ્રા, સરયુ, વેરાવલ, હરિદ્વાર, ઋષિકેશ, પ્રયાગ, કાશિ, ત્ર્યંબક, નાશિક ગોદાવરી ઈત્યાદિ સર્વ નદી, સંગમતીર્થોમાં તથા પોતાના આવાસથી નજીક આવેલ નદી, તળાવ,સરોવર, સમુદ્રમાં પવિત્ર સ્નાનનું મહત્ત્વ છે. સર્વ નદીઓનું સ્મરણ કરી સ્નાન કરવું.
- સોમવતી અમાસનાં ધર્મલાભઃ શિવ-પાર્વતી શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, દીપપૂજા, દીપદાન, રાત્રિ જાગરણ ભક્તિ,કીર્તન. ભગવાન સૂર્યનારાયણને તર્પણ, અર્ઘ્યપ્રદાન, ધ્રુવ દેવતા, પુષાદેવતાનું પૂજન, સૌભાગ્યવતી સ્ત્રીઓ વ્રતવિધિ પૂર્વક શિવ-પાર્વતીની પૂજા કરે છે. વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્રનાં પાઠ બિલી, વડ, પીપળો એમ સર્વ વૃક્ષનું પૂજન. તુલસી, લીમડો, વડ, પીપળો, બિલી, કેળા આદિ વૃક્ષ વાવવા. બગીચાનાં કામકાજ. બી વાવવું, મંદિરમાં ધજા, કળશ, પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા. અમાવસ્યાના પ્રાતઃ કાળમાં નાશિકમાં ગોદાવરી રામકુંડ, ત્ર્યંબકમાં કુશાવર્ત કુંડમાં બ્રાહ્મણ દ્વારા દશવિધ પ્રાયશ્ચિત સ્નાનની વિધિનો મહિમા છે. સૂર્ય, ઋષી,પિતૃઓનું જળથી તર્પણ કરવું. તર્પણથી પિતૃઓના આશીર્વાદ કૃપાથી ધન, સુખ, સમૃદ્ધિ, વંશવૃદ્ધિ થાય છે. ૐ નમઃ શિવાય, ૐ પ્રણવ મંત્ર, ૐ નમોઃ ભગવતે વાસુદેવાય, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના સ્તોત્ર, પાઠ વાંચન, શિવસહસ્ર નામ સ્તોત્ર વાંચન, પુરુષસુક્ત, શ્રી સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્, હનુમાનચાલીસા વગેરે યથાશક્તિ પાઠ કરવા. આજના આ સર્વ સ્નાન જપ, તપ, ભક્તિ, નામકીર્તન, પાઠ ઈત્યાદિ પુણ્ય, કર્મ પિતૃઓને અર્પિત કરવા. સોમવતી અમાસ અને જ્યોતિષશાસ્રઃ સોમવતી અમાસ પર્વ બ્રાહ્મણો, જ્યોતિષશાસ્રીઓ, આયુર્વેદાચાર્યો વગેરે માટે અત્યંત મહિમાવંત પર્વ છે. તીર્થાટન, સ્નાન, શ્રાદ્ધ, જપ, તપ, દાન, આદિ પુણ્યકર્મ દ્વારા આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ થાય છે. ત્રિપિંડી શ્રાદ્ધ, નારાયણબલિ, કાલસર્પયોગ, પિતૃશાંતિ પૂજા, પિતૃદોષના વિધાનનો આજ રોજ મહિમા છે. જન્મકુંડળીમાં ચંદ્રના રાહુ-સૂર્ય-બુધ-શનિ સાથે અશુભ યોગો હોય તેમણે અધિક ધર્મલાભ લેવા. ચંદ્ર-શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન, આજ રોજ અર્હિબુધન્ય દેવતા, ધ્રુવાય નમઃના મંત્રજાપ કરવા. શિવ પરિવાર પૂજા તથા વિષ્ણુ-લક્ષ્મી પૂજામાં ચોખાની ખીરનો ભોગ ધરાવવો તથા સંધ્યા સમયે ઘરમાં ઈશાન ખૂણામાં દીવો પ્રગટાવવો, ધૂપ કરવો, હાથી, ગાય,પશુઓ, જળમાં રહેતા જીવોને ખવરાવવું. આચમનઃ ચંદ્ર રાહુ યુતિ આત્મવિશ્વાસનો અભાવ, ચંદ્ર સૂર્ય યુત્તિ તત્ત્વ ચિંતક.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર રાહુ યુતિ, ચંદ્ર સૂર્ય યુતિ ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

# આજે સૌથી મોટું સૂર્યગ્રહણ, પરંતુ ભારતમાં દેખાવાનું નથી

નવી દિલ્હી : સાલ ૨૦૨૪ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ આજે થવાનું છે. આ વર્ષનું સૂર્ય ગ્રહણ અનોખું છે, કારણકે ૫૦ વર્ષ બાદ આવું સૂર્યગ્રહણ જોવા મળશે. આ સૂર્યગ્રહણનો સમયગાળો લગભગ પાંચ કલાક અને ૨૫ મિનિટ જેટલો મોટો છે. આમાંથી સાડાસાત મિનિટનો સમય એવો હશે કે જે દરમિયાન સંપૂર્ણપણે અંધારું છવાઈ જશે. આ સૂર્ય ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી આથી એનું સુતક પાળવાની જરૂર નથી. આ ગ્રહણ સોમવતી અમાસના દિને થવાનું છે. હિન્દુઓનું નવું વર્ષ આમ તો સોમવારે મોડી રાત્રે બેસે છે, પરંતુ આપણે ઉદય તિથિ લેતા હોવાથી ગુડી પડવો મંગળવારે હશે.

ભારતીય સમય મુજબ આ ગ્રહણની શરૂઆત આઠ એપ્રિલે રાત્રે ૯-૧૨ વાગ્યે થશે અને એ રાત્રે ૨-૨૨ કલાકે સમાપ્ત થશે. અમેરિકા, કેનેડા, આયરલૅન્ડ અને ઈંગ્લૅન્ડ જેવા દેશોમાં સૂર્ય ગ્રહણની શરૂઆત બપોરે ૨-૧૫ કલાકે થશે.

આ સૂર્યગ્રહણ સંપૂર્ણ એટલે કે ખગ્રાસ સૂર્ય ગ્રહણ હશે. આ દરમિયાન ચંદ્ર, સૂર્યને પૃથ્વીની વચ્ચે આવી જાય છે. આથી સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પડતો નથી.

ભારતમાં આ ગ્રહણ દેખાવાનું નથી, પરંતુ એટલાન્ટિક, મેક્સિકો, ઉત્તર અમેરિકા, કેનેડા, મેક્સિકો, મધ્ય અમેરિકા, દક્ષિણ અમેરિકા અને ઈંગ્લૅન્ડમાં દેખાશે. ભારતમાં આગામી સૂર્ય ગ્રહણ ૨૧ મે, ૨૦૩૧એ દેખાશે.

વિજ્ઞાનીઓ ચેતવણી આપે છે કે સૂર્ય ગ્રહણને નરી આંખે જોવામાં જોખમ છે. આને માટે ખાસ ચશ્મા કે ફિલ્ટરનો ઉપયોગ કરવો જોઈએ. નરી આંખે જોવાથી આંખોને ઈજા થઈ શકે અથવા આંખની રોશની જતી રહે એવી શક્યતા છે. કેમેરાના માધ્યમથી પણ સીધું ગ્રહણ જોઈ શકાય નહીં. ભારતમાં નાસાના યૂટ્યુબ લાઈવ સ્ટ્રીમમાં ગ્રહણ જોઈ શકાશે. ■

# મહેબૂબા મુફતી અનંતનાગથી લડશે, ગુલામ નબી આઝાદ સાથે સીધો સામનો

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરમાં ગુપકાર ગઠબંધન હવે સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયું છે. ૨૦૧૯માં બનેલા ગુપકાર ગઠબંધનના બે મુખ્ય પક્ષો નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ લોકસભાની ત્રણ-ત્રણ બેઠકો પર પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) એ નિર્ણય લીધો છે કે પાર્ટીના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મહેબૂબા મુફતી અનંતનાગ-રાજૌરી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં વિપક્ષીઓ દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ભાજપનો સામનો કરવા માટે ગુપકાર અલાયન્સની સ્થાપના કરવામાં આવી હતી.

મહેબૂબા મુફતી આ પહેલાં પણ અનંતનાગ મતવિસ્તારમાંથી સાંસદ રહી ચૂક્યાં છે. જમ્મુ અને કાશ્મીરના અન્ય એક ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ પણ અનંતનાગ લોકસભા બેઠક પરથી ચૂંટાયા છે અને ફરી ચૂંટણી લડી રહ્યા છે. પીડીપીએ યુવા નેતા મોહમ્મદ હમદ વહીદ પારાને શ્રીનગરથી અને બારામુલ્લાથી બયાઝ અહેમદ ભટ્ટને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. નેશનલ કોન્ફરન્સે મિયાં અલ્તાફને અનંતનાગ-રાજૌરી લોકસભા બેઠક પરથી ઉતારવાનો નિર્ણય કર્યો છે.

મહેબૂબા મુફતીએ કહ્યું હતું કે નેશનલ કોન્ફરન્સે તેમની સલાહ લીધા વગર પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. આનાથી પીડીપીના કાર્યકરો ખાસ્સા નારાજ છે.

આ જ કારણે અમે અમારી તાકાત નેશનલ કોન્ફરન્સને દેખાડી દઈશું. મહેબૂબા મુફતીએ અનંતનાગ-રાજૌરી પૂંછના લોકોને એવી અપીલ કરી હતી કે પીડીપીને મજબૂત કરો અને લોકસભામાં જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવવાની તક આપો.

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ રવિવારે કાશ્મીર ખીણની ત્રણ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરી હતી. પીડીપી સંસદીય બોર્ડના વડા સરતાજ મદનીએ જણાવ્યું હતું કે પાર્ટીની યુવા શાખાના અધ્યક્ષ વહીદ પારા શ્રીનગરથી ચૂંટણી લડશે અને રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય મીર ફૈયાઝ બારામુલાથી ચૂંટણી લડશે.

મહેબૂબા મુફતી અને સરતાજ મદનીએ પ્રેસ કોન્ફરન્સમાં પાર્ટીના ઉમેદવારોની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે પીડીપી જમ્મુની બે સીટો ઉધમપુર અને જમ્મુ પર કોંગ્રેસને સમર્થન આપશે.

મહેબૂબાએ એમ પણ કહ્યું હતું કે તેઓએ (નેશનલ કોન્ફરન્સ) અમારી સામે ઉમેદવાર ઊભો રાખીને ચૂંટણી લડવા સિવાય કોઈ વિકલ્પ છોડ્યો નથી. તેમણે કહ્યું કે જ્યારે મુંબઈમાં ઈન્ડિયા બ્લોકની બેઠક થઈ હતી ત્યારે મેં ત્યાં જ કહ્યું હતું કે નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લા અમારા જ્યેષ્ઠ નેતા છે, તેઓ સીટ વહેંચણી અંગે નિર્ણય લેશે અને ન્યાય કરશે. મને આશા હતી કે તેઓ પોતાની પાર્ટીના હિતોને એક તરફ રાખીને નિષ્પક્ષ નિર્ણય લેશે.

અબ્દુલ્લાએ કહ્યું હતું કે આ ચૂંટણીમાં લોકો સમજી વિચારીને મતદાન કરશે. તેમણે કહ્યું હતું કે ૩૭૦ હટાવવા અંગે નિર્ણય મતદારોએ લેવાનો છે, જે રીતે અમને દગો આપવામાં આવ્યો અને અપમાનિત કરવામાં આવ્યા તે અંગે બીજી કોઈ રીતે નહીં તો કમ સે કમ વોટ દ્વારા અવાજ ઉઠાવવો જોઈએ. આ શ્રીનગરના મતદારો માટે એક મોટી તક છે. ■

### મણિપુર લોકસભા ચૂંટણીઃ

# સ્થળાંતર કરી ગયેલા ૨૪,૦૦૦ લોકો રાહત છાવણીમાંથી કરશે મતદાન

ઈમ્ફાલઃ અગિયાર મહિનાની હિંસા, પચાસ હજાર કરતા વધુ લોકોનું સ્થળાંતર અને અમુક લોકોમાં ચૂંટણીવિરોધી લાગણીઓ વચ્ચે ચૂંટણીપંચ હિંસાગ્રસ્ત મણિપુરમાં લોકસભાની ચૂંટણી યોજવાના પડકારજનક લક્ષ્યને સિદ્ધ કરવાની તૈયારી કરી રહ્યું છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પ્રદીપકુમાર ઝાએ કહ્યું હતું કે આવનારી લોકસભાની ચૂંટણી માટે ૨૪,૫૦૦ કરતા પણ વધુ સ્થળાંતર કરી ગયેલાઓને પાત્ર મતદાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે અને આ લોકો રાહત છાવણીમાંથી જ મતદાન કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી માટે રાજ્યમાં કુલ ૨,૯૫૫ મતદાન મથક ઊભા કરવામાં આવશે જેમાંથી પચાસ મતદાન મથકને સંવેદનશીલ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે એમ જણાવતાં સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે ઈન્ટરનલી ડિસ્પ્લેસ્ડ પીપલ (આઈડીપી) મતદાન કરી શકે તે માટે અમે ૯૪ વિશેષ મતદાન મથક ઊભા કરી રહ્યા છીએ. ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયા (ઈસીઆઈ)ના નિયમાનુસાર ગામડાંઓ સહિતના સંવેદનશીલ મતવિસ્તારોનું ચૂંટણી અગાઉ જ સર્વેક્ષણ કરી લેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# ભ્રષ્ટ નેતાઓને બચાવવા કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ પર હુમલાઃ મોદી

જલપાઈગુરી : તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) પશ્ચિમ બંગાળમાં ભ્રષ્ટાચાર અને હિંસાને મુક્ત લાયસંસ આપવા માગે છે અને આજ કારણથી રાજ્યમાં ભ્રષ્ટાચારના કેસો તપાસી રહેલી કેન્દ્રીય એજન્સીઓના અધિકારીઓ પર હુમલા થાય છે, એવો આક્ષેપ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો હતો.

જલપાઈગુરીમાં મોટી જાહેર સભાને સંબોધતાં મોદીએ દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં 'ટીએમસીનું સિન્ડીકેટ રાજ' પ્રવર્તમાન છે અને આ પક્ષને ભ્રષ્ટ નેતાઓનો બચાવ કરવામાં જ રસ છે. ટીએમસી સરકાર બંગાળમાં લૂંટ ચલાવવા અને આતંક ફેલાવાનો ફ્રી પાસ માગે છે. તેના ખંડણીબાજ અને ભ્રષ્ટ નેતાઓને બચાવવા માટે ટીએમસી કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ અહીં આવે છે ત્યારે તેમના પર હુમલા કરે છે.

એનઆઈએની ટીમ શનિવારે પશ્ચિમ બંગાળના મેદીનીપુર જિલ્લામાં ૨૦૨૨ બ્લાસ્ટ કેસમાં બે મુખ્ય શકમંદની ધરપકડ કરવા આવી ત્યારે ટોળાએ તેના પર હુમલો કર્યો હતો. આના એક દિવસ બાદ મોદીએ રવિવારે ઉક્ત ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે ટીએમસી દેશના બંધારણ અને કાયદાનું અપમાન કરે છે.

એનઆઈએની ટીમ પરના હુમલાથી પાંચ જાન્યુઆરીની યાદ તાજી થઈ હતી જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરોક્ટરેટ (ઈડી)ની ટીમ નોર્થ૨૪ પરગણામાં ટીએમસીના નેતા શાહજહાં શેખના ઘરે સર્ચ કરવા આવી હતી ત્યારે તેના પર હુમલો થયો હતો. ટીએમસીએ શેખને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યો છે.

મોદીએ કહ્યું હતું કે રાજ્યની પરિસ્થિતિ એવી છે કે અદાલતે વિવિધ બાબતોમાં દરમિયાનગીરી કરવી પડે છે. મોદીએ આક્ષેપ કર્યો હતો કે ટીએમસી સરકાર રાજ્યમાં ગરીબો માટેની કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજના લાગુ પાડતી નથી.

મોદીએ કહ્યું હતું કે ટીએમસી રાજ્યના ગરીબ લોકોને કેન્દ્રનું ફંડ મળે એની છૂટ આપતી નથી. તેમને સેન્ટ્રલ ફંડ તેમના ખાતામાં જોઈએ છે. બંગાળમાં ટીએમસીનું સિન્ડીકેટ રાજ ચાલે છે. ટીએમસી ગરીબો માટેની કલ્યાણકારી યોજના પર રાજ્યમાં બ્રેક મૂકે છે.

તેમણે દાવો કર્યો હતો કે ઈડીએ બંગાળના ભ્રષ્ટાચારના વિવિધ કેસમાં ટીએમસીના કરપ્ટ નેતાની ૩૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ પર ટાંચ મૂકી છે. (એજન્સી) ■

# ચેન્નઈના રેલવે સ્ટેશન પરથી ચાર કરોડ રૂપિયાની રોકડ જપ્ત

ચેન્નઈઃ લોકસભા ચૂંટણીની જાહેરાત થયા બાદ આદર્શ આચાર સંહિતા લાગુ થઇ ગઈ છે, ચૂંટણી પંચે લોકોને રૂ.૫૦ હજારથી વધુ રોકડ રકમ રાખવાની મનાઈ કરી છે. એવામાં તમિલનાડુની રાજધાની ચેન્નાઈમાં ૪ કરોડ રૂપિયા રોકડા પકડાતા પોલીસ અને ચૂંટણી પંચના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. શનિવારે નવ વાગ્યાની આસપાસ પોલીસ સાથે ફ્લાઈંગ સ્ક્વોડના અધિકારીઓ તાંબરમ રેલવે સ્ટેશન પર પહોંચી રોકડ કબજે કર્યા હતા.

ચેન્નાઈના તાંબરમ રેલવે સ્ટેશન પર અધિકારીઓએ મોટી માત્રામાં રોકડ જપ્ત કરી છે. રોકડા ચાર કરોડ રૂપિયા છ બેગમાં ભરીને લઈ જવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી છે. જેમાં ભાજપના સભ્ય અને ખાનગી હોટલના મેનેજર સતીશ, તેના ભાઈ નવીન અને ડ્રાઈવર પેરુમલની અટકાયત કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું કે સતીષે કથિત રીતે થિરુનેલવેલીથી ભાજપના લોકસભા ઉમેદવાર નયનાર નાગેન્દ્રનની ટીમના નિર્દેશો અનુસાર કામ કરવાની કબૂલાત કરી છે. વધુ તપાસ ચાલુ છે. રોકડ ક્યાંથી આવી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ભારે ગરમીની

જોઇએ. આ ઉપરાંત, મતદાન કેન્દ્ર ખાતે તડકો ન લાગે, તે માટે શૅડ પણ રાખવો જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે દેશના ચૂંટણી પંચે ચૂંટણીની તારીખો જાહેર કરતા પહેલાં હવામાન ખાતા પાસે હવામાનની આગાહીની માહિતી મેળવી હતી. દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે યોજતી વખતે હવામાનને લગતી આગાહી પર પણ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

તેમણે એક ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે દેશમાં સામાન્ય ચૂંટણી વખતે ઉનાળાની બહુ જ ગરમી હશે. અમે સંબંધિત સત્તાવાળાઓને હવામાનની જરૂરી માહિતી મોકલીએ છીએ, પરંતુ ચૂંટણીમાંના મતદાન અને જાહેરસભાની તારીખ કે સમયમાંના ફેરફારનું કોઇ સૂચન નથી કરતા. (એજન્સી) ■

### ઈન્દોરમાં મોતિયાના

આંખને આડઅસર થઈ હતી. આ તમામને સારવાર બાદ રજા આપી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ડિસ્ટ્રીક્ટ બ્લાઈન્ડનેસ કંટ્રોલ સોસાયટીના મેનેજર ડૉ. પ્રદીપ ગોયલે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ઘટનાને મામલે તપાસ યોજવા સ્થાનિક વહીવટીતંત્રએ ત્રણ સભ્યની બનેલી સમિતિની રચના કરી છે. નેશનલ પ્રોગ્રામ ફૉર કંટ્રોલ ઑફ બ્લાઈન્ડનેસ અંતર્ગત મધ્ય પ્રદેશસ્થિત ચોઈથરામ નેત્રાલયમાં ૨૦ માર્ચે સરકારી ખર્ચે ૭૯ દરદીનું મોતિયાનું ઑપરેશન કરવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. ઑપરેશન બાદ ૭૯માંથી આઠ દરદીને આડઅસર થઈ હોવાની માહિતી આરોગ્ય ખાતાને હૉસ્પિટલના વહીવટીતંત્ર મારફતે મળી હતી. આ દર્દીઓએ દૃષ્ટિ ગુમાવી છે કે નહીં તે અત્યારે કહેવું મુશ્કેલ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે યોગ્ય તપાસ બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે. આ દરીદઓ પર જ્યાં ઑપરેશન કરવામાં આવ્યું હતું તે ઑપરેશન થિયેટરને સિલ કરી દેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. નેત્રાલયના મેનેજિંગ ટ્રસ્ટી અશ્વિની વર્માએ દાવો કર્યો હતો કે ઑપરેશન દરમિયાન કોઈ જ બેદરકારી દાખવવામાં નહોતી આવી. નેત્ર શિબિરમાં ભાગ લેનારા આ આઠ દરદી ઈન્દોરના જુદા જુદા વિસ્તારના રહેવાસી છે અને અજાણ્યાં કારણોસર ઑપરેશન બાદ તેમને આડઅસર થઈ હતી. જોકે યોગ્ય સારવાર આપ્યા બાદ તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### લદાખમાં બરફવર્ષા

બરફવર્ષામાં ટ્રાફિક અવરોધને દૂર કરવા માટે કટોકટીની પરિસ્થિતિ વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

કોર્પ્સે તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર લખ્યું હતું કે રાત્રે બે કલાક સુધી સતત ઓપરેશન ચલાવવામાં આવ્યું અને બરફવર્ષા વચ્ચે ફસાયેલા મહિલાઓ અને બાળકો સહિત લગભગ ૮૦ લોકોને રાહત પહોંચાડવામાં આવી છે જેમાં બચાવ કામગીરીની કેટલીક તસવીરો અને વીડિયો પણ શૅર કરવામાં આવ્યા હતા. ■


मे. बी. जी. चितळे ®
चितळे
डे अ री
Chitale
चैत्रोत्सव
2024
ગુડીની
વાર્તા
આ ખાસ દિવસે, દરેક વ્યક્તિ
પોતાના પ્રિયજનો સાથે શ્રીખંડ-પુરીમાં
આનંદ કરે છે, સાથે મળીને ગુઢી પડવો
ઉજવે છે.
એવું માનવામાં આવે છે કે આ
દિવસે ભગવાન બ્રહ્માએ સૃષ્ટિની
રચના કરી હતી.
એવું કહેવાય છે કે
ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક
ગુઢીપડવા પર થયો હતો.
"ગુઢી" અથવા વિજય ધ્વજ
લહેરાવવાની પરંપરા છત્રપતિ શિવાજી
મહારાજથી ઉદ્ભવી હોવાનું કહેવાય છે.
ગુડી પડવો ભગવાન શિવના નૃત્ય
સાથે જોડાયેલો છે, કારણ કે એવું
માનવામાં આવે છે કે આ દિવસે લોકો
શિવ મંદિરમાં ગુડી કાવડ લઈ જાય છે.
चितळे फुल क्रिम श्रीखंड केशर Net Wt. 500 g
चितळे डिलिशियसखंड बटरस्कॉच Net Wt. 500 g
चितळे फुल क्रिम श्रीखंड आंबा Net Wt. 500 g
चितळे फुल क्रिम श्रीखंड बदाम पिस्ता Net Wt. 500 g
चितळे फुल क्रिम श्रीखंड इलायची Net Wt. 500 g
Scan The QR Code
To Follow Us
Call: 1800 21 2448253 / 1800 21 CHITALE (2448253)
These stories are for illustration purposes only & are not to be taken as objective facts.

# સ્વચ્છતા ઝુંબેશ હેઠળ મહિનામાં ૧૦૨ મેટ્રિક ટન કાટમાળ, ૭૦ મેટ્રિક ટન કચરો જમા

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા અનેક મહિનાઓથી 'ડીપ ક્લિનિંગ ડ્રાઈવ' ચલાવવામાં આવી રહી છે, જે હેઠળ છેલ્લા એક મહિનામાં મુંબઈમાં જુદા જુદા વિસ્તારમાંથી ૧૦૨ મેટ્રિક ટન કાટમાળ, ૭૦ મેટ્રિન ટન કચરો ભેગો કરવાની સાથે ૬૩૪ કિલોમીટર લંબાઈના રસ્તાને બ્રશિંગ કરવાની સાથે પાણીથી ધોઈને સાફ કરવામાં આવ્યા છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તમામ પ્રશાસકીય વોર્ડમાં શનિવાર, છ એપ્રિલ, ૨૦૨૪ના રોજ 'ડીપ ક્લિનિંગ ડ્રાઈવ' હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ રસ્તા અને ફૂટપાથ ધુળમુક્ત કરવાની સાથે લાવારિસ વાહનોને હટાવવામાં આવ્યા હતા. તેમ જ લાઈસન્સ વગરના બેનર હટાવવાની સાથે જ સાર્વજનિક શૌચાલયોની સફાઈ, કાટમાળ હટાવવાની સાથે જ રસ્તા પર લટકતા જોખમી વાયરોને હટાવવાનું કામ કરવામાં આવ્યું હતું. પાલિકાએ આપેલ આંકડા મુજબ સ્વચ્છતા ઝુંબેશ અંતર્ગત ગયા મહિનાભરમાં ૧૦૨ મેટ્રિક ટન કાટમાળ, ૭૦ મેટ્રિન ટન કચરો, ૨૫ મેટ્રિક ટન કચરામાં ફેંકી દેવામાં આવેલી મોટી વસ્તુઓ ભેગી કરવાની સાથે ૬૩૪ કિલોમીટર લંબાઈના રસ્તાને બ્રશિંગ કરવાની પાણીથી સફાઈ કરવામાં આવી હતી. આ કામ માટે ૧,૫૫૫ કામગાર-કર્મચારીઓ ૧૭૫ મશીનની મદદથી આ કામગીરી કરવામાં આવી હતી. જેસીબી,, ડમ્પર, કૉમ્પેક્ટર, કચરો ભેગો કરવાનું વાહન, પાણીના ટેન્કર જેવા ૧૭૫ વાહનો અને ફાયરેક્સ મશીન, મિસ્ટીંગ મશીન વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વૃક્ષોની છટણીઃ હાઉસિંગ સોસાયટી,બિનસરકારી સંસ્થા અને ખાનગી જગ્યાએ ૧,૮૫૫ લોકોને નોટિસ

# ચોમાસા પહેલાંના ભાગરૂપે અત્યાર સુધી ૧૨,૪૬૭ વૃક્ષોની છટણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈની તમામ હાઉસિંગ સોસાયટી, ખાનગી જગ્યાના માલિક તથા બિનસરકારી સંસ્થાઓને તેમના પરિસરમાં રહેલા ઝાડનું ટ્રિમિંગ એટલે કે વૃક્ષોની ડાળખીની છટણી ચોમાસાના આગમન પહેલા કરી નાખવાની અપીલ કરી છે. પાલિકાએ અત્યાર સુધી ચોમાસાના ભાગરૂપે ૧૨,૪૬૭ વૃક્ષોની છટણી કરી નાખી છે.

દર વર્ષે ચોમાસામાં ભારે વરસાદ અને પવન ફૂંકાવાને કારણે વૃક્ષો ધરાશાયી થવાના અને ઝાડની ડાળખી તૂટી પડવાના બનાવ મોટા પ્રમાણમાં બનતા હોય છે, તેને કારણે જાનહાનિ પણ થતી હોય છે. તેથી ચોમાસામાં નાગરિકોને તકલીફ થાય નહીં તે માટે પાલિકાના ઉદ્યાન વિભાગે ચોમાસા પહેલા આ કામ હાથમાં લીધું છે. ચોમાસાના કામના એક ભાગ રૂપે મોટા ઝાડ ખાસ કરીને ભારે પવન ફૂંકાય ત્યારે જોખમી બની શકે એવા ઝાડની ડાળખીઓનું ટ્રિમિંગ કરવાનું કામ પાલિકાના ઉદ્યાન વિભાગ મારફત કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે મુંબઈ મહાનગરમાં કુલ ૧,૧૧,૬૭૦ ઝાડની છટણી કરવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે, તેમાંથી ૧૨,૪૬૭ ઝાડની છટણી થઈ ગઈ છે. સાત જૂન, ૨૦૨૪ સુધીમાં બાકીના ૯૯,૨૦૩ ઝાડની છટણી પૂરી કરવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે.

મુંબઈ મહાનગરપાલિકાની હદમાં સાધારણ રીતે ૨૯,૭૫,૦૦૦ ઝાડ છે, તેમાંથી ૧૫,૫૧,૧૩૨ જેટલા ઝાડ ખાનગી સંસ્થાના પરિસરમાં છે. તો ૧૦,૬૭,૬૪૧ ઝાડ સરકારી બિલ્ડિંગ તેમ જ એસ્ટાબ્લિશમેન્ટ પરિસરમાં છે.

કુલ ઝાડમાંથી ૧,૮૫,૯૬૪ ઝાડ એ રસ્તાને લાગીને આવેલા છે. રસ્તાને લાગીને આવેલા ઝાડનું ચોમાસા પહેલા સર્વેક્ષણ કરીને છટણીનું કામ નક્કી કરવામાં આવે છે. જે ઝાડ નાના હોય છે, જેનાથી કોઈ જોખમ હોતું નથી તેને સર્વેક્ષણમાં ગણવામાં આવતા નથી. આ પ્રક્રિયા અનુસાર ઉદ્યાન વિભાગે આ વર્ષે મુંબઈમાં આકારમાં મોટા એવા લગભગ ૧,૮૬,૨૪૬ વૃક્ષોનું સર્વેક્ષણ કર્યું છે. તેમાં રસ્તાને લાગીને લગભગ ૧,૧૧,૬૭૦ ઝાડ છે. પહેલી એપ્રિલ, ૨૦૨૪ના સુધીમાં ૧૨,૪૬૭ ઝાડની ડાળખીની છટણી કરવામાં આવી છે. તો સાત જૂન, ૨૦૨૪ અંત સુધીમાં આ કામ પૂરા કરવામાં આવવાના છે.

પાલિકાએ પોતાના તમામ ૨૫ પ્રશાસકીય વોર્ડમાં આવેલી ખાનગી હાઉસિંગ સોસાયટીઓને પાલિકાની અગાઉથી મંજૂરી લઈને ઝાડની યોગ્ય રીતે ચોમાસા પહેલા છટણી કરવાની સૂચના આપી છે.

દરમિયાન પાલિકાના ઉદ્યાન વિભાગ મારફત ચોમાસા પહેલા કરવામાં આવતા કામમાં મુખ્યત્વે મૃત તેમ જ જોખમી ઝાડની ડાળખીઓને કાપી નાખવાની, બિનઆવશ્યક ડાળખીને કાપવાની સાથે જ મૂળિયાથી ધરાશાયી થયેલા ઝાડને કાપી નાખવા, ઝાડનું પુનર્રોપણ કરવું, ઝાડના પત્તાઓ પર દવાનો છંટકાવ કરવા જેવા કામ કરવામાં આવે છે.

## પારસી મરણ

ઓસ્તી હોમાય મંચેરશા કરકરીયા તે મરહુમો ઓસ્તી નાજામાય તથા એરવદ મંચેરશાના દીકરી. તે એરવદ મીનુના કઝીન બહેન. તે મરહુમો જહાંગીર તથા માનેકબાઇના ભત્રીજી. (ઉં. વ. ૯૮) રે. ઠે. એફ. એસ. પારખ ધર્મશાલા, હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ સોમવાર, તા. ૮-૪-૨૪ના રોજ બપોરે ૩-૪૫ કલાકે માલકમ બાગ અગિયારી.

## પાયદસ્ત

આલુ મીનુ ધાલા તે મરહુમ મીનુ જમશેદજી ધાલાના ધણિયાની. તે આદીલના માતાજી. તે આશીષના સાસુજી. તે અરમાન તથા અરનાઝના બપઇજી. તે જરબાઇ તથા જમશેદજી જહાંગીરજી ધાલાનાં વહુ. તે ઉદવાડેવાલા મરહુમો બાનુબાઇ તથા અરદેશર પાલનજી સીધવાના દીકરી. તે જમશેદ અરદેશર સીધવા તથા મરહુમો ધન નોશીર દસ્તુર, હોમ્યાર તથા પાલનજીના બહેન. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૭૯૨, દીના મંઝીલ, ૨જે માળે, જામે જમશેદ રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. પાયદસ્તઃ તા. ૮-૪-૨૪ના રોજ સવારે ૭.૪૦ કલાકે બેનેટ બંગલી ૫ ડુંગરવાડી, મુંબઇ. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૯-૪-૨૪ના રોજ બપોરે ૩-૪૫ કલાકે બાટલીવાલા અગિયારી, તારદેવ, મુંબઇ.

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

### ૧૦. મહિલાઓ માટે

**દવા વગર**

સાંધાના, કમરના દુઃખાવા, ફ્રોઝન સોલ્ડર, સંધીવા, શરીરની દરેક તકલીફ દૂર, પાઈનગર બોરીવલી. 9930332471. (૧૩૪૯૧-બી)

**કાનનાં મોટાકાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૪૦૪૬)

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી ગણેશ યાત્રા**

અયોધ્યા, કાશીવિશ્વનાથ, પ્રયાગ, ચિત્રકૂટ, સાથે / સિવાય નેપાળ પશુપતિનાથ, દિવસ 8/13 Deluxe હોટલ, અષ્ટવિનાયક, દિવસ 3. ગ્રુપ બુકિંગ આવકાર્ય. 9820164007, 9892268667. (૧૪૩૫૦-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**વાલકેશ્વર**

**૨ બેડરૂમ હોલ કિચન લીવ લાઈસન્સથી ૧૨૦૦ સ્કે.ફીટનો વિશાળ રોડ ફેસિંગ ફર્નિશ્ડ ફ્લેટ એટેચ્ડ બાથરૂમ સાથે દરેક રૂમમાંથી ક્લિયર સમુદ્ર દર્શન નેકલેસ વ્યુ સાથે, સર્વન્ટ બાથરૂમ ૧ પાર્કિંગ સુંદર વેલ મેઈન્ટેન્ડ સોસાયટી હિતેશ શાહ. 9819367303. (એસડીબી-૧૮૩૧)**

**LNT CRESCENT BAY, PAREL**

Fully Furnished Interiors High Floor, Sea Views 3 Bed, 1500+ cpt with Decks 6.40 Cr. nego +91-98192 27923. (B-13674)

**ASHOK TOWERS, PAREL**

Furnished Large Spacious 2 Bed with Serv Room, 1000 cpt All Amenities 6.25 Cr. 9920320535. (B-13675)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ગોદામો, મસ્જિદબંદર (વેસ્ટ)**

દરિયાસ્થાન સ્ટ્રીટ, કાઝીસૈયદ સ્ટ્રીટ, એરિયા ૧૫૦૦ થી ૨૫૦૦ RCC મકાનમાં ભાડેથી/ લીવલાયસંસથી લેવા મળો મહેશ શાહ ૯૮૨૦૨ ૫૩૦૨૬, ૨૩૪૨૨૨૬૧/ ૨૩૪૩૭૭૭૭. (જી-૨૪૯૨-બી)

### ૨૦. ધંધાદારી જગ્યા

**PEDDAR ROAD**

Doctor House full floor 2000 sqft 14 Cr 4 Parking & for Rent Clinic 100 to 400 sqft with Parking Owner 9892710071/ 9619048555. (B-14050)

### ૩૧. નાણાંકીય

■ શેરનાં ડીમેટ / IEPF / ડુપ્લીકેટ / ટ્રાન્સમીશનની સર્વિસ આપશું. / ખરીદશું. - 9619315362, 8291225710. (૧૪૩૨૫-બી)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**

48 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૪૬૮૮-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીચામુંડા જ્યોતિષ**

**લગ્નમાં રૂકાવટ, ખવડાવેલુ, પિવડાવેલુ, જૂની બીમારી, સંતાન ચિંતા, લવમેરેજ, પતિદુખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, પારસ નગર, જૈન દેરાસર પાસે, શંકરગલી કાંદિવલી (વેસ્ટ). 9157999811/022-31970731. (૧૪૩૩૪/એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**

(1997) કોક્રોચ 560/- માકડ 660/-, ઉધઈ 760/-, ફ્લેટ, ઓફિસ, સોફા ક્લિનિંગ 9322504177 / 8080575877. (જેપી-૪૯૧૨-ઈ)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**DWARKADHISH WATERPROOFING**

સ્પેશ્યિલીસ્ટ વોટરપ્રુફિંગ ટેરેસ, ક્રેક ફિલીંગ, પેન્ટીંગ, ઓલ એરીયા લીકેજ વોટરપ્રુફીંગ. 8169858614, 9082823163. (૧૩૪૯૫-ડી)

### ૫૨. કુરીઅર્સ

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૦૬૯)

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## સંસ્થા સમાચાર

### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ઉજવાયો સેવન ઈન વન ઉત્સવ

મુંબઈનું જિયો વર્લ્ડ સેન્ટર, રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ઉજવાયેલાં સેવન ઇન વન ઉત્સવ પ્રોગ્રામમાં અનેક મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યો, રાજકીય હસ્તીઓ અને હજારો ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્થાનકવાસી જૈન સમાજમાં પ્રથમવાર વિક્રમ સર્જક અખંડ ૧૦૦૮ આયંબિલ તપની આરાધના કરી રહેલાં પરમ સૌમ્યાજી મહાસતીજીનું મુંબઈભરમાં ૧૦૮થી વધુ જૈન સંઘો એવમ્ સંસ્થાઓએ સન્માન કરીને તેમજ મીનાબેન દેસાઇ, મોનાબેન અજમેરા, મીનલબેન દેસાઇ, માનસીબેન શાહ, મિલીબેન શેઠ, પૂર્વીબેન પટેલ, કાજલબેન શેઠ, સોનલબેન શાહ, પૂર્વીદીદી મેઘાણી આદિ દ્વારા મહાસતીજીને મહાતપસ્વીનું ગૌરવવંતું પદ અર્પણ કરવામાં આવતા ઉપસ્થિત સહુ જયકાર ગુંજવીને અહોભાવિત બન્યાં હતાં. મંગલ કલશનું મહારાષ્ટ્રના માનનીય ડેપ્યુટી ચીફ મિનિસ્ટર દેવેન્દ્રજી ફડણવીસ દ્વારા પ્રથમ સાકર અર્પણના મંગલાચરણ સાથે મુંબઈ, રાજકોટ, અમદાવાદ, બરોડા, સુરત, મહારાષ્ટ્ર, કોલકાતા, બેંગલોર, ચેન્નઈ આદિ ભારતના ખૂણે-ખૂણેથી તેમજ વિદેશના દુબઈ, સિંગાપોર, અમેરિકા, મલેશિયા, ઓસ્ટ્રેલિયા આદિ અનેક ક્ષેત્રોના ભાવિકો સાકર અર્પણ કરીને ભાવિકો ધન્ય બની રહ્યાં છે.

આ અવસરે રિલાયન્સ પરિવારના અનંતભાઈ અંબાણીએ વીડિયોના માધ્યમે જિઓ સેન્ટરમાં પરમ ગુરુદેવના આગમન બદલ સૌભાગ્યની અનુભૂતિ વ્યક્ત કરી હતી.

ઘાયલ થયેલાં અબોલ પશુ-પંખીઓના ઈલાજ માટેની વ્યવસ્થા કરવાના સંકલ્પ સાથે કરુણાનિધાન પરમ ગુરુદેવની કરુણા ભાવનાથી પરમધામ ખાતે ૨૧ કરોડના ખર્ચે દરેક પ્રકારની આધુનિક સુવિધાઓ સાથેની વિશાળ 'પરમ એનિમલ હૉસ્પિટલ' સર્જનનો પ્રોજેક્ટ લોંચ કર્યો હતો.

## છેલ્લા પાનાનું ચાલુ

### શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે

નામ અને ચૂંટણી ચિન્હ પણ ગુમાવી દીધાં છે.

ચૂંટણી પંચ અને મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષે અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી અને શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને વાસ્તવિક એનસીપી અને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી છે. વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષકોના કહેવા મુજબ ઠાકરે અને શરદ પવાર બંને નેતાઓએ ચૂંટણીમાં પ્રભાવશાળી પ્રદર્શન કરવાની જરૂર છે, નહીં તો તેમનું રાજકીય અસ્તિત્વ જોખમમાં આવી જશે. આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ સુધી તેમના જૂથને એક રાખવું ઉદ્ધવ ઠાકરે માટે આવશ્યક છે કે તેમના ઓછામાં ઓછા છ-સાત ઉમેદવારો ચૂંટણી જીતે.

### ઠાકરેએ અત્યાર સુધીમાં ૨૧ ઉમેદવારોના નામની જાહેરાત કરી છે

રાજકીય વિશ્લેષકોના મતે ઠાકરેની શિવસેના (યુબીટી)એ એટલી જ લોકસભા બેઠકો પર ચૂંટણી લડવી પડશે જેટલી તેમની પાર્ટી ૨૦૧૯માં ભાજપની સાથે હતી ત્યારે લડી હતી. ઠાકરેએ અત્યાર સુધીમાં ૨૧ ઉમેદવારોના નામ જાહેર કરીને તે જ કર્યું છે જ્યારે કોંગ્રેસ આમાંથી કેટલીક બેઠકો પર દાવો કરી રહી હતી. એનસીપી (શરદચંદ્ર પવાર) મહાવિકાસ અઘાડીમાં શિવસેના (યુબીટી) અને કોંગ્રેસ સાથે બેઠકોની વહેંચણીના ભાગરૂપે ૧૦ લોકસભા મતવિસ્તારોમાં ચૂંટણી લડી રહી છે. શરદ પવાર માટે મહત્વની બેઠક તેમના ગૃહ મતવિસ્તારની બારામતી છે જ્યાં તેમની પુત્રી અને ત્રણ વખતનાં સાંસદ સુપ્રિયા સુળે અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે લડી રહ્યાં છે.

### બારામતી હારે તો બધું ખતમ!

રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે જો શરદ પવાર બારામતી ગુમાવશે તો તેમનું બધું જ ખતમ થઈ જશે. આ તેમની અને તેમના ભત્રીજા અજીત વચ્ચેની સીધી લડાઈ છે. જ્યારે ૮૩ વર્ષના શરદ પવાર તેમની પાંચ દાયકાની રાજકીય કારકિર્દીમાં ક્યારેય ચૂંટણી હાર્યા નથી. ઉદ્ધવ ઠાકરેએ ક્યારેય સીધી ચૂંટણી લડી નથી. જ્યારે ઠાકરે મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ વિધાન પરિષદમાં ચૂંટાયા હતા. ચૂંટણી પહેલા ઠાકરે રાજ્યના વિવિધ ભાગોમાં પ્રવાસ કરી રહ્યા છે અને તેમની રેલીઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

### શરદ પવાર તેમની પુત્રીનો રસ્તો સરળ બનાવવામાં વ્યસ્ત

શરદ પવાર પૂણે જિલ્લામાં (જ્યાં બારામતી મતવિસ્તાર છે) તેમના જૂના હરીફોનો પણ સંપર્ક કરી રહ્યા છે જેથી તેમની પુત્રીનો રસ્તો સરળ રહે. દલિત નેતા પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી સાથે મહાવિકાસ આઘાડીની બેઠક-વહેંચણીની વાટાઘાટો નિષ્ફળ ગઈ છે, જેના કારણે મહાવિકાસ આઘાડી અને મહાયુતિ ગઠબંધન વચ્ચેની સીધી સ્પર્ધા હવે ત્રિકોણીય સ્પર્ધામાં ફેરવાઈ ગઈ છે અને આનો લાભ શાસક ગઠબંધનને થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

### પવાર અને ઠાકરેનો પરંપરાગત મતદારો પર વિશ્વાસ

અન્ય એક વરિષ્ઠ પત્રકારના જણાવ્યા મુજબ આ ચૂંટણી શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે દ્વારા વારંવાર કરવામાં આવતા દાવાની પણ કસોટી છે કે તેમના સંબંધિત પક્ષોના પરંપરાગત મતદારો અને કેડર તેમને વફાદાર છે. તેમણે કહ્યું હતું કે ભાજપના કાર્યકરોમાં પણ બધું સમુસૂતરું નથી અને હવે જોવાનું એ છે કે શું તેઓ અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને શિંદેની આગેવાનીવાળી શિવસેનાના ઉમેદવારો માટે પૂરા દિલથી કામ કરે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજકીય પક્ષો વચ્ચે મતભેદ નવી વાત નથી. પરંતુ વિભાજન પછી પ્રથમ વખત બળવાખોરોએ મૂળ પક્ષો પર કબજો મેળવીને માન્યતા પ્રાપ્ત કરી હોવાથી અત્યારે શિંદે માટે સરસાઈ છે.

### બીજા તબક્કાની ૮ બેઠકો

અકોલામાં ૧૭, અમરાવતીમાં ૫૬, વર્ધામાં ૨૬, યવતમાલ-વાશિમમાં ૨૦, હિંગોલીમાં ૪૮, નાંદેડમાં ૬૬ અને પરભણીમાં ૪૧ ઉમેદવારોએ નોમિનેશન દાખલ કર્યા હતા.

### ત્રણ બેઠકો પર શિવસેના અને શિવસેના-યુબીટી આમને-સામને

હિંગોલી, યવતમાળ-વાશિમ અને બુલઢાણામાં મુખ્યપ્રધાન એકનાથ શિંદેની શિવસેના અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) વચ્ચે સીધો મુકાબલો છે, જેમાં મુખ્ય લડાઈ બુલઢાણામાં શિવસેનાના વર્તમાન સાંસદ પ્રતાપરાવ જાધવ શિવસેના યુબીટીના નરેન્દ્ર ખેડેકર વચ્ચે જોવા મળશે. યવતમાળ-વાશિમમાં શિવસેનાના રાજશ્રી પાટીલ અને શિવસેનાના યુબીટીના સંજય દેશમુખ વચ્ચે જ્યારે હિંગોલીમાં શિવસેનાના બાબુરાવ કોહલી અને શિવસેના-યુબીટીના નરેશ અષ્ટિકર વચ્ચે જંગ છે.

### નવનીત રાણાની સીટ પર ત્રિકોણી મુકાબલો

અમરાવતીમાં સાંસદ નવનીત રાણા, કોંગ્રેસના બળવંત વાનખેડે અને વંચિત બહુજન અઘાડીના આનંદરાજ આંબેડકર વચ્ચે ચૂંટણીનો ત્રિપાંખિયો જંગ થશે. વર્ધામાં એનસીપીના શરદચંદ્ર પવારના અમર કાળેનો મુકાબલો ભાજપના વર્તમાન સાંસદ રામદાસ તડસ સાથે થશે. અકોલામાં ભાજપના અનુપ ધોત્રે, કોંગ્રેસના અભય પાટીલ અને વંચિત બહુજન અઘાડીના અધ્યક્ષ પ્રકાશ આંબેડકર વચ્ચે ત્રિકોણી મુકાબલો છે. નાંદેડ બેઠક પર કોંગ્રેસના વસંત ચવ્હાણનો સામનો સાંસદ પ્રતાપ ચિખલીકર સાથે થશે. પરભણીમાં રાષ્ટ્રીય સમાજ પક્ષના પ્રમુખ મહાદેવ જાનકર અને શિવસેના-યુબીટીના સંજય જાધવ વચ્ચે મુખ્ય મુકાબલો છે.

### ખડસે ભાજપમાં

નેતાઓ પણ તેમની પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા છે. એ જ પગલે હવે એનસીપી શરદ પવાર જૂથના મોટા નેતા એકનાથ ખડસે પણ પોતાની પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ રહ્યા છે.

### આ દિવસે ભાજપમાં જોડાશે

એનસીપી શરદ પવાર જૂથના વરિષ્ઠ નેતા એકનાથ ખડસે ગુડી પડવાના દિવસે (૯ એપ્રિલ) ભાજપમાં એટલે કે સ્વગૃહે પરત ફરવાના છે. હાલમાં એકનાથ ખડસે શરદ પવારની પાર્ટીમાંથી વિધાન પરિષદના સભ્ય છે. ખડસેએ દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી હતી. અહીં નોંધનીય છે કે ઓક્ટોબર ૨૦૨૦ માં એકનાથ ખડસેએ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને રાજ્યના પ્રધાન ગિરીશ મહાજન સાથેના વિવાદોને કારણે ભાજપ છોડી હતી.

### પુત્રી રોહિણી એનસીપીમાં જ રહેશે

મહત્ત્વની વસ્તુ એ છે કે એકનાથ ખડસેની પુત્રી રોહિણી ખડસે એનસીપી (શરદચંદ્ર પવાર) પાર્ટીની મહારાષ્ટ્ર મહિલા પાંખની અધ્યક્ષા છે. જાણવા મળ્યા મુજબ હાલમાં રોહિણી ખડસે એનસીપી શરદ પવાર જૂથમાં જ રહેશે.

### પુત્રવધૂ સામે રાવેરના વિરોધને શમાવવામાં સફળતા

એકનાથ ખડસેની પુત્રવધુ રક્ષા ખડસે ભાજપના સંસદસભ્ય છે અને આગામી લોકસભાની ચૂંટણીમાં તેઓ ફરી એક વખત રાવેરની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેમને ઉમેદવારી આપવામાં આવ્યા બાદ રાવેર મતદારસંઘમાં તેમની સામે અનેક સ્થળે વિરોધ કરવામાં આવ્યો હતો અને તેમને એનસીપી તરફી ગણાવવામાં આવ્યા હતા.

હવે એકનાથ ખડસેનું ભાજપમાં પુનરાગમન થયું હોવાથી રક્ષા ખડસે સામે જે વિરોધનો વંટોળ ઉઠ્યો હતો તેને ખાળવામાં ભાજપનું નેતૃત્વ સફળ થયું છે અને હવે રક્ષા ખડસેનો વિજય પાકો માનવામાં આવી રહ્યો છે.

### માથે લાખોનું ઈનામ

પી.એસ. બુર્ગીની હદમાં મૌઝા જવેલીના ગાઢ જંગલમાં સુરક્ષા દળોની હિલચાલ પર નજર રાખી રહી છે, એવી માહિતી મળ્યા બાદ પોલીસ, સી-૬૦ ફોર્સ અને સીઆરપીએફના જવાનોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં નક્સલવાદી મહિલાને તાબામાં લેવાઇ હતી.

બંને મહિલાએ ૨૦૧૮થી ૨૦૨૧ દરમિયાન અનેક ગંભીર ગુના આચર્યા હતા હતા. ૨૦૨૦માં બંનેએ કોપર્શી-પોયારકોટી જંગલમાં પોલીસ દળ પર હુમલો કર્યો હતો, જેમાં એક અધિકારી અને જવાન શહીદ થયા હતા.

### ડ્રગ્સ વેચીને મળેલાં નાણાં

બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ ૧૨ ફેબ્રુઆરીએ કુર્લા પશ્ચિમથી પરવીનબાનો શેખને રૂ. ૧૨.૨૦ લાખના મેફેડ્રોન અને દોઢ લાખના દાગીના સાથે ઝડપી પાડી હતી. શેખને ડ્રગ્સ વેચનારા સાજીદ આસિફ શેખને બાદમાં મીરા રોડથી રૂ. છ કરોડના ડ્રગ્સ સાથે તાબામાં લેવાયો હતો. સાજીદ શેખને ડ્રગ્સ સપ્લાય કરનાર સુરતના રહેવાસી ઇજાઝઅલી અન્સારી અને આદિલ બોહરાની બાદમાં ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓની પૂછપરછ તેમ જ ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ પોલીસની ટીમે ૨૫ માર્ચે સાંગલી સ્થિત કવઠે મહાંકાળ તાલુકાના ઇરળી ગામમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ત્યાંથી રૂ. ૨૪૫ કરોડનું મેફેડ્રોન, ડ્રગ્સ બનાવવા માટે વપરાતી સામગ્રી અને વાહન જપ્ત કરી

પ્રવીણ ઉર્ફે નાગેશ શિંદે, વાસુદેવ જાધવ, પ્રસાદ મોહિતે, વિકાસ મલમે, અવિનાશ મહાદેવ માળી અને લક્ષ્મણ શિંદેની ધરપકડ કરી હતી.

મુખ્ય આરોપી પ્રવીણ ઉર્ફે નાગેશ શિંદે ઉત્તર પ્રદેશમાં બે વર્ષ અગાઉ ડ્રગ્સ બનાવતા શીખ્યો હતો. બાદમાં તેણે સાંગલીમાં આરોપી વાસુદેવ જાધવની જગ્યા ભાડા પર લઇ ત્યાં ડ્રગ્સની ફેક્ટરી શરૂ કરી હતી. પ્રવીણે શિંદે ડ્રગ્સ વેચીને મળેલા રૂ. ૩.૪૬ કરોડ ભિવંડીના પોતાના ઘરે છુપાવી રાખ્યા હતા, જે પોલીસે ગયા સપ્તાહે જપ્ત કર્યા હતા.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાલ જૈન**

બારોઇ હાલે ડોંબીવલીના હેમંત ભવાનજી કેનિયા (ઉ.વ. ૬૦) તા. ૦૬/૦૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. રૂક્ષ્મણીબેન ભવાનજી વેલજીના પુત્ર. કોમલના પતિ. સાક્ષીના પિતા. મુકેશ, મનોજના ભાઇ. મુંબઇના માધુરી દત્તાત્રેય બાસુદકરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે ન આવવા નમ્ર વિનંતી. નિ. મનોજ ભવાનજી કેનિયા, ૧૦૧, સુખસાગર, દેવીચોક, ડોંબીવલી (પશ્ચિમ).

**દશા શ્રીમાળી જૈન**

સરધાર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કાન્તાબેન વ્રજલાલ મુલચંદ દોશીના સુપુત્ર મહેશભાઇ (ઉં. વ. ૭૪) તા. ૬-૪-૨૪ના શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રીતિબહેન (પ્રવિણાબેન)ના પતિ. ગૌરવના પિતા. ફોરમના સસરા. નયસાના દાદા. સ્વ. પ્રફુલભાઇ, નલીનભાઇ, રમેશભાઇ, ભરતભાઇ, સ્વ. પ્રવિણાબેન સતિષભાઇ ગોસલીયાના ભાઇ તથા ધારી નિવાસી સ્વ. ઝવેરચંદ રૂપસી શેઠના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**કપોળ**

ભેરાઇવાળા હાલ પારલા-મુંબઇ, સ્વ. જીવકુંવરબેન અને રતિલાલ ગાંધીના પુત્ર તે સ્વ. નિર્મળાબેનના પતિ વિઠ્ઠલદાસ (ઉં. વ. ૯૧) ગુરૂવાર તા. ૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષા, રાજેશ, સોનલના પિતા. તે પ્રીતિ, સુનિલના સસરા. તે સ્વ. જગજીવનદાસ, સ્વ. લલિતાબેન, સ્વ. માધવદાસ, ગં. સ્વ. ઇન્દુબેન તથા સ્વ. વનરાવનદાસના ભાઇ. તે જયોતિબેનના દેર. તે સાવરકુંડલાવાળા સ્વ. કમળાબેન રતિલાલ મહેતાના જમાઇ. તે નિશાંત-એનિકા, ધ્વનિના દાદા. સલોની-આકાશ, સોનીરા, આદિત્ય, રિયાના, રિતિકના નાના. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

રાજુલા નિવાસી હાલ સાંતાક્રુઝ નિર્મળાબેન દ્વારકાદાસ સંઘવી (ઉં. વ. ૮૯) તે સ્વ. દ્વારકાદાસ વૃજલાલ સંઘવીના પત્ની. તે સ્વ. કેતન, સ્વ. મિલન, આરતીબેન જયેશભાઇ પારેખના માતુશ્રી. તે ગુંજન (રેખા), નીલમ અને સ્વ. જયેશભાઇના સાસુ. તે ગ્વાલિયરવાળા સ્વ. શામળદાસ દેવચંદભાઇ મોદીના પુત્રી. તે સ્વ. જયંતિભાઇ, સ્વ. ચીમનભાઇ, સ્વ. મોહનભાઇ, ઉષાબેન ધીરજલાલ ગાંધીના બહેન. તા. ૬-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

મહુવાવાળા હાલ મુંબઇ સ્વ. બીપીનભાઇ હરકીસનદાસ પારેખના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૮૦) તે શનિવાર, તા. ૬-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે વૈશાલી સંદિપ પારેખ તથા દિપાલી ભાવેશકુમાર મહેતાના માતુશ્રી. તે મહેક, માહી, જાનવી, હેતલના દાદી. તે ભારતીબેન મહેન્દ્રભાઇ પારેખ, માલતીબેન ધ્રુવકુમાર દોશી તથા હર્ષિકા ગૌરાંગ ગાંધીના ભાભી. મોસાળ પક્ષ નાથાલાલ મગનલાલ ગાંધીના પુત્રી. લૌકિક પ્રથા બંધ છે.

### પાણીકાપ

૨૭.૮૪ ટકા જેટલો પાણીનો સ્ટોક બાકી રહ્યો છે. ગયા વર્ષે જ આ જ સમયે જળાશયોમાં ૩૩.૯૦ ટકા અને ૨૦૨૨માં ૩૬.૭૬ ટકા પાણીનો જથ્થો બાકી રહ્યો હતો. છેલ્લા થોડા વર્ષોથી ચોમાસું સક્રિય થવામાં વિલંબ થઈ રહ્યો છે અને તેને કારણે જળાશયોમાં પાણીની ઘટતી સપાટીને કારણે મુંબઈમાં પાણીકાપ લાગુ કરવો પડે છે. ગયા વર્ષે જળાશયોમાં પાણીનો સ્ટોક ઓછો હોવાથી પાલિકા દ્વારા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો હતો. પરંતુ બાદમાં જુલાઈમાં ચોમાસાનું આગમન થતા પાણીકાપ પાછો ખેંચવામાં આવ્યો હતો. બાદમાં જોકે ચોમાસાએ જલદી વિદાય લીધી હતી અને જળાશયોમાં પાણીનો પૂરતો સ્ટોક જમા થયો નહોતો. થોડા દિવસ અગાઉ જ પાલિકાએ પાણીકાપની શક્યતા સામે સ્પષ્ટતા કરી હતી કે રાજ્ય સરકારે અપર વૈતરણામાંથી ૯૩,૫૦૦ મિલિયન લિટર અને ભાતસામાંથી ૧,૩૭,૦૦૦ મિલિયન લિટર જેટલો પાણીનો રિઝર્વ સ્ટોક વાપરવાની મંજૂરી આપી છે, તેને કારણે પાણીકાપ મૂકવાની શક્યતા નથી. જોકે જે રીતે જળાશયોમાં પાણી ઝડપભેર ઘટી રહ્યું છે,

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ઘાટકોપરમાં ફેરિયાઓનો મુદ્દો કોર્ટમાં

## ▸ જનહિતની અરજી પર આ અઠવાડિયામાં સુનાવણી થવાની શક્યતા

મુંબઈઃ ઘાટકોપરમાં ફેરિયાઓને રસ્તા પરથી હટાવવા માટે દાખલ કરવામાં આવેલી જનહિતની અરજી પર આ અઠવાડિયામાં સુનાવણી શરૂ થવાની શક્યતા છે. ઘાટકોપર પૂર્વના એમજી રોડ પર ગેરકાયદેસર ફેરિયાઓના કબજાથી નાગરિકો ત્રસ્ત થઈ ગયા હતા. ફેરિયાઓના ત્રાસને કારણે સ્થાનિક નાગરિકોએ આંદોલન કરી મુંબઈ પાલિકાનું ધ્યાન આ બાબતે દોર્યું હતું, પણ પાલિકાની કાર્યવાહીના ૨૪ કલાક બાદ તરત જ ફેરિયાઓ આ વિસ્તારમાં ફરી પોતાનો કબજો જમાવી લે છે. જેથી આ અંગે સ્થાનિક નાગરિકોએ જનહિતની અરજી અદાલતમાં દાખલ કરી હતી.

ઘાટકોપર પૂર્વના એમજી રોડના વિસ્તારમાં ફેરિયાઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે, જેથી અદાલતમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ બાબતે અરજી કરનારે જણાવ્યું હતું કે ઘાટકોપરના આ વિસ્તારમાં ફેરિયાઓ જબરદસ્તી કરીને તેમનો સામાન રોડ પર વેચવા માટે મૂકે છે અને તેમને સામાન ત્યાંથી હટાવવાનું કહેવામાં આવતા તેઓ લોકો સાથે ખરાબ વર્તન કરીને તેમની સાથે મારપીટ પણ કરે છે. આ બાબતે અનેક નાગરિકોએ પોલીસમાં ફરિયાદ કરી હતી, જોકે ફેરિયાઓના ભયથી પોલીસ કે પાલિકાના અધિકારીઓ કોઈપણ કાર્યવાહી કરી નહોતી.

ગેરકાયદેસર ફેરિયાઓના ત્રાસથી છુટકારો મેળવવા માટે અદાલતમાં અરજી દાખલ કરી હતી, જેના પર આ અઠવાડિયામાં સુનાવણી થશે એવી શક્યતા છે. આ વિસ્તારમાં અનેક એવા ફેરિયાઓ પણ છે જે પાલિકા અધિકારીઓને પણ ધમકાવે છે, જેને કારણે પાલિકા કોઈપણ કાર્યવાહી કરવા વિસ્તારમાં આવતી નથી. ફેરિયાઓના મુદ્દે પાલિકા અધિકારીઓએ પોલીસ સાથે મળીને કાર્યવાહી કરી હતી, પણ કાર્યવાહીના બીજા જ દિવસે આ ફેરિયાઓ ફરીથી અહીં પોતાની દુકાન લગાવે છે, એવું એક અધિકારીએ કહ્યું હતું.

ગેરકાયદેસર ફેરિયાઓના લીધે ઘાટકોપરમાં પૂર્વના એમજી રોડ અને તેની આસપાસના વિસ્તારમાં ભારે ટ્રાફિકની સમસ્યા નિર્માણ થઈ છે જેને લીધે નાગરિકોને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે, જેથી અદાલત આ મામલે કોઈ યોગ્ય ચુકાદો આપશે એવી આશા નાગરિકોને છે. ■



**પ્રેક્ટિસ :** હિન્દુ નૂતનવર્ષ ગૂડીપડવો મંગળવારે છે ત્યારે મુંબઈમાં ઠેકઠેકાણે શોભાયાત્રા નીકળતી હોય છે જેમાં પારંપરિક ઢોલ-નગારા વગાડવામાં આવતા હોય છે. હાલમાં ઢોલ-નગારા વગાડનારા મંડળો દ્વારા જોરદાર પ્રેક્ટિસ કરવામાં આવી રહી છે. આ મંડળોમાં હવે યુવતીઓ પણ હોંશેહોંશે ભાગ લઈ રહી છે. (અમય ખરાડે)

# મારો રાજકીય વારસો ભાજપ કાર્યકર્તાઓને આપીશઃ ગડકરી

મોહાડીઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ રવિવારે ભંડારા જિલ્લાના મોહાડીમાં ભંડારા - ગોંદિયા લોકસભા મતદાર સંઘમાં ભાજપ - મહાયુતિના ઉમેદવાર સુનીલ મેંઢે માટે જાહેર સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ગડકરીએ તેમના રાજકીય વારસદાર વિશે ફોડ પાડી વાત કરી હતી. તેમણે જણાવ્યું કે 'ખેડૂતોને કરજમાંથી મુક્તિ અપાવી શકે એવા નેતાની આપણને જરૂર છે. યુવાનો પાસે કામ કરાવી શકે એવા નેતાની જરૂર છે. જાતીય ભેદભાવ ન રાખવો જોઈએ. મારો પુત્ર, પત્ની અને પુત્રી રાજકારણમાં નથી. એ લોકો ક્યારેય ઉમેદવારી માગશે નહીં. મેં મારા બાળકોને કહી દીધું છે કે મારી સંપત્તિનો વારસો તમને જ મળશે, પણ રાજકીય વારસો કેવળ ભાજપના કાર્યકર્તાઓને જ મળશે. હું મારો રાજકીય વારસો બાળકોને નહીં, પણ કાર્યકર્તાઓને આપવાનો છું.' ■

# મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને મળ્યું જીઆઈ ટેગ



પુણેઃ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના નાના શહેર મિરજમાં બનેલા સિતાર અને તાનપુરાને જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન (જીઆઈ) ટેગ મળ્યો છે. આ પ્રદેશ સંગીતનાં સાધનો બનાવવાની કારીગરી માટે જાણીતો છે. ઉત્પાદકોએ દાવો કર્યો હતો કે આ સાધનો મિરજમાં બનાવવામાં આવે છે અને શાસ્ત્રીય સંગીતના કલાકારો તેમજ ફિલ્મ ઉદ્યોગના જાણીતા કલાકારોમાં તેની ભારે ડિમાન્ડ હોય છે.

ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પાદિત પ્રોડક્ટને જીઆઈ ટેગ મળે છે અને આ ઉત્પાદનના વ્યાવસાયિક મૂલ્યમાં વૃદ્ધિ કરે છે. સંગીતના આ સાધનોના નિર્માતાઓએ જણાવ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરા બનાવવાની પરંપરા ૩૦૦ વર્ષથી વધુ જૂની છે. સાત પેઢીઓથી વધુ સમયથી કારીગરો આ તંતુવાદ્યો બનાવે છે.

૩૦ માર્ચના રોજ ભારત સરકારની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફિસે સિતાર માટે મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને તાનપુરા માટે સોલ્યુટ્યુન મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ પ્રોડ્યુસર ફર્મને જીઆઈ ટેગ આપ્યો હતો. મિરજ મ્યુઝિકલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ક્લસ્ટરના પ્રમુખ મોહસિન મિરજકરે જણાવ્યું હતું કે તેઓ શહેરમાં સિતાર અને તાનપુરાના બંને ઉત્પાદકો માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરે છે.

તેમણે જણાવ્યું હતું કે તેમની સંસ્થામાં ૪૫૦ થી વધુ કારીગરો સિતાર અને તાનપુરા સહિતના સંગીતનાં સાધનો બનાવે છે. તેમણે કહ્યું કે મિરજમાં સિતાર અને તાનપુરાની ખૂબ માગ છે, પરંતુ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ મર્યાદિત સંસાધનોને કારણે માગ પૂરી કરી શકાતી નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મિરજ નિર્મિત હોવાનો દાવો કરતા સંગીતનાં સાધનો દેશના ઘણા ભાગોમાં વેચાય છે. જ્યારે અમને આ અંગે ફરિયાદો મળવા લાગી, ત્યારે અમે ઇન્સ્ટ્રુમેન્ટ માટે જીઆઈ ટેગ મેળવવાનું નક્કી કર્યું અને ૨૦૨૧માં તેના માટે અરજી કરી હતી. (પીટીઆઈ)■

# લોકસભાની ચૂંટણી માટે પ્લેન અને હેલિકૉપ્ટર્સના બુકિંગ ફૂલ

મુંબઈઃ લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોએ પ્રચારનું રણશિંગું ફૂંક્યું છે. લોકસભા ચૂંટણી અંગે દરેક રાજકીય પાર્ટીઓનું ધ્યાન મહારાષ્ટ્ર પર છે. મહારાષ્ટ્રમાં શહેર સાથે ગામમાં પણ પક્ષના નેતાઓ ચૂંટણીના પ્રચાર માટે જનસભા કરે છે. રાજ્યના શહેરી ભાગથી ગ્રામીણ ભાગમાં ચૂંટણી પ્રચારમાં જવા માટે નાના આકારના પ્રાઈવેટ પ્લેન અને હેલિકૉપ્ટર્સની માગણીમાં મોટો વધારો આવ્યો છે. પ્રાઈવેટ પ્લેન અને હેલિકૉપ્ટર્સની માગણીમાં વધારા સાથે તેના ભાવ પણ આસમાને પહોંચ્યા છે.

રાજકીય પક્ષના મોટા નેતાઓ ઉમેદવારના લોકસભા ચૂંટણી પ્રચાર માટે જનસભામાં આવતા હોય છે, જોકે અનેક ગ્રામીણ વિસ્તારોમાં પહોંચવા માટે કોઈ સાધન ન હોવાથી ગામની નજીકના શહેરમાં આવીને આ નેતાઓ પ્રાઈવેટ પ્લેન કે હેલિકૉપ્ટરથી કાર્યક્રમના સ્થળે પહોંચે છે. એક અહેવાલ મુજબ આ વાહનોની માગણી વધવાને લીધે તેના ભાવમાં પણ મોટો વધારો આવ્યો છે. ગઢચિરોલી જેવા વિસ્તારમાં કોઈપણ હુમલાના ભયથી રાજ્યના ગૃહ વિભાગ દ્વારા એર એમ્બ્યુલન્સને પાંચ દિવસ સુધી ભાડે લેવામાં આવી હોવાની માહિતી એક અધિકારીએ આપી હતી.

ચૂંટણી પ્રચારમાં અનેક મોટા નેતાઓની સાથે સેલેબ્રિટીઝને પણ એક દિવસમાં અનેક કાર્યક્રમમાં હાજર રહેવું પડે છે. આ કાર્યક્રમમાં જલદીથી પહોંચવા માટે પ્લેન અને હેલિકૉપ્ટર સૌથી ઝડપી વાહન છે, જેથી ખાનગી કંપની પાસેથી મોટી સંખ્યામાં નાના આકારના પ્રાઈવેટ પ્લેન અને હેલિકૉપ્ટર ભાડા પર લેવામાં આવી રહ્યા છે. તેમ જ અનેક રાજકીય પક્ષોએ તો પ્લેન અને હેલિકૉપ્ટર્સની એડ્વાન્સ બૂકિંગ પણ કરી દીધી છે.

આ સાથે ગઢચિરોલીમાં ચૂંટણી માટે રાજ્ય સરકારે પાંચ દિવસ માટે એર એમ્બ્યુલન્સ બૂક કરાવી છે. ગઢચિરોલીમાં લગભગ ૪૨૮ જેટલા મતદાન કેન્દ્રો છે, જેથી નક્સલવાદીઓ અને માઓવાદીઓ હુમલો કરે તેવી શક્યતા છે, જેથી આવી પરિસ્થિતી દરમિયાન જાનહાનિ રોકવા માટે અને જલદીથી સેવા પહોંચાડવા માટે ૧૭થી ૨૧ એપ્રિલ સુધી એક ખાનગી કંપની પાસેથી એર એમ્બ્યુલન્સ ભાડા પર લેવામાં આવી છે. ■

### ચૂંટણી પ્રચાર માટે હેલિકૉપ્ટર લાભદાયક

ચૂંટણી પહેલાના સમયમાં પ્લેન કરતાં હેલિકૉપ્ટર્સની માગણીમાં વધારો આવ્યો છે. કારણકે પ્લેનને લેંડિંગ કરાવવા માટે રનવેની જરૂર હોય છે, પણ હેલિકૉપ્ટર દુર્ગમ ભાગમાં પણ સહેલાઈથી લેંડિંગ કરી શકે છે. હાલના સમયમાં મોટા ભાગની ખાનગી કંપનીમાં પ્રાઈવેટ પ્લેન અને હેલિકોપ્ટરની બૂકિંગ ફૂલ થઈ ગઈ છે.

### વિમાન-હેલિકૉપ્ટરના દરમાં વધારો

બૂકિંગ ફૂલ થવાની સાથે પ્રાઈવેટ પ્લેન અને હેલિકૉપ્ટર્સની કિંમતમાં પણ મોટો ઉછાળો આવ્યો છે. પાંચ સીટર હેલિકૉપ્ટર માટે એક કલાકનું છ લાખ રૂપિયા ભાડું વસૂલવામાં આવે છે અને ત્રણ કલાક માટે ૧૮ લાખ રૂપિયા ચૂકવવામાં પડે છે અને તેમાં પણ જીએસટી અલગથી ચૂકવતા એક પ્રચાર સભા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, એવું માની શકાય. ■

# ફ્લાઇટમાં ધૂમ્રપાન અને લઘુશંકા કરનાર પ્રવાસીને ₹ 30,000 દંડ

મુંબઈઃ ફ્લાઇટમાં સ્મોકિંગ કરવાની સાથે પ્રવાસીઓ દ્વારા અભદ્ર વર્તન કરવાના અનેક સમાચાર જાણવા મળતા હોય છે. તાજેતરમાં પણ એક એવી જ ઘટના વિસ્તારાની ફ્લાઇટમાં બની હતી, જેમાં એક વિદેશી નાગરિકે ફ્લાઈટમાં ઓનબોર્ડ મુસાફરી વખતે સિગારેટ પીવાની સાથે અને સીટ પર પેશાબ પણ કર્યાનો ચોંકાવનારો કિસ્સો બન્યો હતો. આ બનાવથી ફરી એક વખત એવિએશન સેક્ટર ચર્ચામાં આવ્યું છે.

પેરિસથી મુંબઈ આવતી વિસ્તારા એરલાઇન્સની ફ્લાઇટમાં આ બનાવ બન્યો હતો. વિસ્તારા એરલાઇન્સની ફ્લાઇટમાં ફ્રાન્સના એક ૩૬ વર્ષના એક પ્રવાસીએ ફ્લાઇટમાં સિગારેટ પીધી હતી. એટલું જ નહીં, સિગારેટ પીધા પછી તેનો ધુમાડો લોકો પર ઉડાવ્યો હતો ત્યાર બાદ પોતાની સીટ પર પેશાબ કર્યો હતો. આવી ખરાબ વર્તણૂક કરનારા પ્રવાસીની ફરિયાદ કરવામાં આવ્યા પછી પ્લેન મુંબઈ પહોંચ્યા પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ થયેલી વિસ્તારા એરલાઇન્સની પેરિસ-મુંબઈ ફ્લાઇટમાં આ ઘટના બાદ જોરદાર હંગામો થયો હતો. ફ્લાઇટમાં સિગારેટ પીવા બદલ પ્રવાસીને સિક્યોરિટી સ્ટાફે બહાર કાઢ્યો હતો. ત્યાર બાદ આ પ્રવાસીએ પ્લેનમાં ધૂમ્રપાન કરીને પોતાની સીટ પર પેશાબ પણ કર્યો હતો એવી માહિતી પોલીસને આપી હતી અને તે બાદ ફ્લાઇટના ક્રૂ મેમ્બર્સ પાસેથી આખી ઘટનાની માહિતી લઈને આ પ્રવાસીની મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી.

પોલીસે ફ્લાઇટમાં સિગારેટ પીવાની સાથે સીટ પર પેશાબ કરવા બદલ ફ્રાન્સના નાગરિકની ધરપકડ કરી હતી. આ પ્રવાસી પાસેથી એક સિગારેટ અને લાઇટર પણ જપ્ત કરવામાં આવ્યું હતું, ત્યાર બાદ આરોપીને સીઆઇએસએફને સોંપી દેવામાં આવ્યો હતો.

આ પ્રવાસી સામે એવિએશન એક્ટ હેઠળ બીજા પ્રવાસીઓની સુરક્ષાને જોખમમાં મૂકવા બદલ તેની સામે ફરિયાદ નોંધી તેને સ્થાનિક અદાલત સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. આ સુનાવણીમાં અદાલતે આરોપીને ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારી તેને જામીન આપવામાં આવ્યા હતા.

થોડા સમય પહેલા પણ દિલ્હી-મુંબઈ ફ્લાઇટમાં એક પ્રવાસીએ બીડી પીધી હતી. આ આરોપીએ લાઇટર સાથે પ્લેનના ટોઇલેટમાં જઈને બીડી પીધી હતી. જોકે ફ્લાઇટના સ્ટાફને તેના પર શંકા આવતા તેની તપાસ કરી હતી અને તેની પાસેથી એક લાઇટર અને બીડીનું બંડલ પણ મળી આવ્યું હતું. ■

# રાજ્યમાં ફરી મચ્છરોનો ઉપદ્રવ

## ▸ ત્રણ મહિનામાં ડેન્ગ્યૂ, મલેરિયા અને ચિકનગુનિયાના ૩,૫૦૦ જેટલા કેસ નોંધાયા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ફરી એક વખત મચ્છર જન્ય રોગ અને બીમારીમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનાના સમયગાળામાં રાજ્યમાં ૩,૫૦૦ કરતાં વધુ ડેન્ગ્યૂ, મલેરિયા અને ચિકનગુનિયાના દર્દીઓ મળી આવ્યા છે. વર્લ્ડ હેલ્થ ડેના દિવસે રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે મહારાષ્ટ્રમાં એક વર્ષનો રિપોર્ટ જાહેર કર્યો હતો. આ રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે ગયા વર્ષે મહારાષ્ટ્રમાં ૩૬,૮૫૭ લોકો મચ્છર જન્ય રોગ અને બીમારીથી પીડાયા હતા. આ દર્દીઓમાં સૌથી વધારે ડેન્ગ્યૂની અસર લોકોમાં જોવા મળી હતી.

રાજ્યમાં ૨૦૨૪ની શરૂઆત સાથે તાવના કેસમાં પણ વધારો આવ્યો હતો. રિપોર્ટ મુજબ જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં ૨,૦૩૮ મલેરિયા, ૧,૨૨૦ ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના ૩૩૦ જેટલા દર્દીઓ નોંધવામાં આવ્યા હતા. જોકે રાજ્યમાં ચોમાસા પહેલા આ રોગો વધતાં નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે. ચોમાસા પહેલા આ પ્રકારની સ્થિતિ નિર્માણ થઈ છે, અને ચોમાસા દરમિયાન રોગચાળાની સ્થિતિ વધુ વકરે એવી શક્યતા છે, એવું નિષ્ણાતોનું માનવું છે.

આ બાબતે એક અધિકારીએ કહ્યું હતું કે ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ઓછા દર્દીઓ મળી આવ્યા છે. સરકારી, પ્રાઈવેટ હૉસ્પિટલ અને લેબમાં તપાસ દરમિયાન લોકોમાં ડેન્ગ્યૂ, મલેરિયા અને ચિકનગુનિયાના લક્ષણો દેખાતા તેમની નોંધ લેવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા મલેરિયા ટેસ્ટિંગ લેબ તૈયાર કરવામાં આવી છે અને હવે ડેન્ગ્યૂ માટે પણ ૫૦ જેટલી ટેસ્ટિંગ લેબ તૈયાર કરવામાં આવવાની છે. આ લેબમાં ડાયગ્નોસ્ટિક્સ અને રિપોર્ટિંગ સિસ્ટમને લીધે દર્દીઓ મળી રહ્યા છે. મહારાષ્ટ્રના ૬૦ ટકા જેટલા મચ્છરને કારણે ફેલાતા રોગ અને બીમારીના કેસ શહેરમાંથી આવે છે. શહેરમાં અનેક ઠેકાણે પાણી જમાં થતાં રોગચાળો ફેલાઈ રહ્યો છે. આ બાબતે મુંબઈ પાલિકા દ્વારા રોગ અને મચ્છરના ઉપદ્રવને ઓછો કરવા માટે અનેક અભિયાન શરૂ કરવામાં આવ્યા છે, એવી માહિતી એક અધિકારીએ આપી હતી. ■

# મરાઠા આરક્ષણ કાયદાના અમલ સામે સ્ટે ન આપવા રાજ્ય સરકારની હાઇ કોર્ટ સમક્ષ રજૂઆત

મુંબઈઃ સરકારી નોકરી અને શિક્ષણમાં મરાઠાઓને ૧૦ ટકા આરક્ષણ માટેના કાયદાના અમલ સામે સ્ટે ન આપવા રાજ્ય સરકારે હાઈ કોર્ટ સમક્ષ રજૂઆત કરી છે. મરાઠાઓને આ લાભ અસાધારણ પરિસ્થિતિમાં આપવામાં આવ્યો છે, કારણ કે રાજ્યની અન્ય પછાત જાતિઓની સરખામણીમાં મરાઠાઓ વધુ પાછળ રહી ગયા છે અને મુખ્ય પ્રવાહથી તેમને દૂર રાખવામાં આવ્યા છે. તાજેતરમાં ઘડવામાં આવેલ કાયદાની યોગ્યતાને પડકારતી વિવિધ અરજીઓના જવાબમાં ૨૬ માર્ચે દાખલ કરવામાં આવેલા સોગંદનામા (એફિડેવિટ)માં જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના સચિવ સુમંત ભાંગેએ જણાવ્યું હતું કે 'સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકોને સમાન હક મળે એ માટેનો કાયદો (મહારાષ્ટ્ર સ્ટેટ રિઝર્વેશન ફોર સોશિયલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસીસ એક્ટ, ૨૦૨૪) સઘન અભ્યાસ અને તપાસ કરી તૈયાર કરવામાં આવ્યો છે. આ તબક્કે એમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. આ કાયદાના અમલીકરણમાં જો કોઈ પણ પ્રકારે રોક લગાવવામાં આવશે તો આ વર્ગના હક અટકી જશે અને એના ઘેરા પ્રત્યાઘાત સામાજિક અને કાયદાકીય રીતે પડશે.' ■

# આચારસંહિતાના કારણે પાલિકાની હૉસ્પિટલમાં નર્સની નિમણૂક રખડી પડી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા હૉસ્પિટલમાં કાર્યરત નર્સ તેમ જ ડૉક્ટરોને ચૂંટણી સંબંધિત કામની જવાબદારી સોંપવામાં આવી હોવાથી એની અસર દર્દીઓની સારવાર પર થઇ રહી છે. આ ઉપરાંત મુંબઈ મહાનગરપાલિકાની હૉસ્પિટલોમાં નર્સ તેમજ પ્રશાસકીય કર્મચારીઓની નિયુક્તિ પ્રક્રિયા આચારસંહિતામાં અટવાઈ ગઈ છે. નર્સ તેમજ પ્રશાસકીય કર્મચારીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ છે, પણ હાલ અમલમાં રહેલી આચારસંહિતાના કારણે તેમને નિયુક્ત કરી શકાય એમ ન હોવાથી મુશ્કેલી ઊભી થઈ છે.

ભરતી પ્રક્રિયા દરમિયાન ૬૫૨ નર્સની પસંદગી કરવામાં આવી છે. પસંદ થયેલી નર્સની પોલીસ તપાસ અને શારીરિક ક્ષમતાની ચકાસણી પણ પૂર્ણ થઈ ગઈ છે. તેમને અપોઈન્ટમેન્ટ લેટર આપવાના હતા ત્યાં જ આચારસંહિતા લાગુ કરવામાં આવતા નિયુક્તિ પ્રક્રિયા રખડી પડી છે. ■

# શાકાહારી થાળી ૭ ટકા મોંઘી થઇ

## ▸ કાંદા, ટમેટાં અને બટેટાની કિંમત વધતાં મોંઘવારીનો માર

મુંબઈઃ માર્ચ મહિનામાં કાંદા, ટમેટાં અને બટેટાની કિંમત વધવાને કારણે શાકાહારી થાળી વર્ષના આધારે ૭ ટકા મોંઘી થઇ ગઇ છે. ડોમેસ્ટિક રેટિંગ એજન્સી ક્રિસિલના એક યુનિટે સર્વેક્ષણ રજૂ કર્યું હતું. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસે પોતાની મહિનાની 'એન્ટી રાઈસ રેટ' અહેવાલમાં જણાવ્યું છે કે પોલ્ટ્રીની કિંમતો ઘટવાને કારણે ગયા મહિને માંસાહારી થાળીમાં ૭ ટકાનો ઘટાડો થયો હતો. બીજી બાજુ કાંદા, ટમેટાં અને બટેટાની કિંમતો વધવાને કારણે શાકાહારી થાળીમાં ૭ ટકાનો વધારો થયો છે.

બીજી બાજુ ફેબ્રુઆરીની સરખામણીએ ભાવ ઘટ્યો હોવાનું જોવા મળ્યું છે. શાકાહારી થાળીમાં રોટલી, શાક (કાંદા, ટમેટાં અને બટેટા), ભાત, દાળ, દહીં અને સેલડ આવતાં હોય છે. આ થાળીની કિંમત માર્ચમાં વધીને રૂ. ૨૭.૩ પ્રતિ પ્લેટ થઇ ગઇ છે. એક વર્ષ પહેલાં આ જ સમયગાળામાં તેની કિંમત રૂ. ૨૫.૫ હતી. જોકે ફેબ્રુઆરી મહિનાની સરખામણી કરવા જઇએ તો તેની કિંમતમાં ઘટાડો થયો છે, કારણ કે ફેબ્રુઆરીમાં તેની કિંમત રૂ. ૨૭.૪ હતી.

અહેવાલમાં જણાવ્યા અનુસાર આવક ઓછી થવા અને ઓછા આધાર દર (લો બેઝ રેટ)ના કારણે કાંદાના ભાવ વર્ષના આધારે ૪૦ ટકા, ટમેટાંના ભાવ ૩૬ ટકા અને બટેટાના ભાવ ૨૨ ટકા વધવાને કારણે શાકાહારી થાળીમાં ૭ ટકાનો વધારો થયો છે. ■

# રેલવેનો અજબનો કારભારઃ બોર્ડિંગ સ્ટેશન પરથી ટ્રેન ન પકડી હોય તો ટિકિટ રદ

મુંબઈઃ ઉનાળાની રજા નિમિત્તે ગામ જનારા નોકરિયાત વર્ગોનો ટ્રેનમાં ભારે પ્રમાણમાં ધસારો રહેતો હોય છે. બીજી બાજુ રિઝર્વેશન જે સ્ટેશનથી કરાવ્યું હોય અને એ સ્ટેશનને બદલે તેના પછીના સ્ટેશન પરથી ટ્રેન પકડનારા પ્રવાસીઓની ટિકિટ રદ થતી હોવાથી તેનો ત્રાસ પ્રવાસીઓને કરવો પડતો હોય છે. મુંબઈમાં વિવિધ ઠેકાણેથી ઓફિસમાં મોડે સુધી કામ કરીને સગવડદાયી જગ્યાએ ટ્રેન પકડનારા પ્રવાસીઓને આનો મોટો ફટકો બેસતો હોય છે. રેલવે પ્રશાસને જોકે આ અંગેના નિયમ પર ચુપકીદી સેવી છે.

રેલવે પ્રશાસને છથી આઠ મહિના પહેલાં કાઢેલા સર્ક્યુલર અનુસાર જે રેલવે સ્ટેશનથી ટિકિટ રિઝર્વ કરાવી હોય એ જ સ્ટેશનેથી પ્રવાસીઓએ પ્રવાસ શરૂ કરવો જરૂરી છે. સંબંધિત પ્રવાસીએ આગળના કે પછી ત્યાર બાદના સ્ટેશન પરથી પ્રવાસ શરૂ કર્યો અને તેની વચ્ચેના સમયમાં ટિકિટ ચેકરને સંબંધિત પ્રવાસી સીટ અથવા બર્થ પર ન દેખાય તો તેની ટિકિટ રદ થઇ જાય છે અને સંબંધિત સીટ અન્ય પ્રવાસીને આપી દેવામાં આવતી હોય છે.

રેલવે પ્રવાસીઓએ તેના પર વાંધો ઉઠાવ્યો છે. ઘડિયાળના કાંટે દોડતા મુંબઈગરાઓએ દરેક સમયે સીએસએમટી કે પછી મુંબઈ સેન્ટ્રલ પરથી ટ્રેન પકડવી શક્ય નથી હોતી. આવા સમયે એ પ્રવાસી દાદર કે પછી થાણે, કલ્યાણથી ટ્રેન પકડતા હોય છે. આને કારણે વચ્ચેના સમયમાં ટિકિટ રદ થાય તો એ પ્રવાસીએ શું કરવું, એવા સવાલનો કોઇ પણ જવાબ રેલવે પાસે નથી. ■

### રેલવે પ્રશાસન શું કહે છે

છથી આઠ મહિના પહેલાં આ નિયમ હતો. જોકે એ સમયે તેની કડક અમલબજાવણી થતી નહોતી. હવે ઉનાળાની રજા શરૂ થઇ એટલે તેની અમલબજાવણી વધુ કડક રીતે કરવામાં આવી રહી છે. એકાદા પ્રવાસીને સીએસએમટીને બદલે દાદર સ્ટેશનેથી પ્રવાસ કરવો હોય તો તેણે ૨૪ કલાક પહેલાં ટિકિટમાં ફેરફાર કરવાની સવલત છે. સંબંધિત પ્રવાસીએ પ્રવાસનું આયોજન કરતા સમયે બોર્ડિંગનું સ્ટેશન પણ નિશ્ચિત કરવું પડતું હોય છે, જેનાથી રિઝર્વેશન ટિકિટ રદ થશે નહીં, એવું રેલવે પ્રશાસને જણાવ્યું હતું.

# થાણેમાં ₹ ૧૧.૭ લાખનું કોકેઇન જપ્ત

થાણેઃ થાણેમાં રૂ. ૧૧.૭ લાખની કિંમતનું કોકેઇન પકડી પાડીને રિક્ષાચાલકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચની ટીમે મળેલી માહિતીને આધારે શુક્રવારે બપોરે મોડેલા નાકા ખાતે છટકું ગોઠવ્યું હતું અને શંકાને આધારે રિક્ષાને આંતરી હતી.

પોલીસે રિક્ષામાં તલાશી લેતાં રૂ. ૧૧.૭ લાખનું કોકેઇન મળી આવ્યું હતું, જેને પગલે રિક્ષાચાલક મંજીત સીતારામ સૉ (૩૬)ને તાબામાં લેવાયો હતો.

રિક્ષાચાલક વિરુદ્ધ વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈમાં રહેનારો આરોપીએ કોકેઇન ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે થાણેમાં આવ્યો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઇ)■

# સાયબર હેલ્પલાઈન દ્વારા ₹ ૫૦ કરોડ બચાવવામાં સફળતા

મુંબઈઃ સાયબર ગુનાઓને કાબૂમાં લાવવા માટે મુંબઈ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી સાયબર હેલ્પલાઈન દ્વારા અત્યાર સુધીમાં ૫૦ કરોડ રૂપિયાની છેતરપિંડી બચવામાં સફળતા મળી છે. સાયબર પોલીસના હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર અત્યાર સુધીમાં લગભગ અઢી લાખ કોલ આવ્યા છે. મુંબઈગરાઓની સાઇબર ક્રાઈમમાં છેતરાયેલી રકમ સંબંધિત ખાતામાં ફ્રીઝ કરી શકાય એ માટે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ હેઠળ હેલ્પલાઇન નંબર ૧૯૩૦, ૧૭ મે ૨૦૨૨ના સક્રિય કરવામાં આવી હતી. આ હેલ્પલાઈન દ્વારા ક્રાઈમમાં ટ્રાન્સફર કરાયેલી રકમ તરત જ ફ્રીઝ કરવામાં આવે છે. ઈમેલ ફિશિંગ, ઓનલાઈન જોબ ફ્રોડ, વર્ગીકૃત છેતરપિંડી, કેવાયસી અપડેટના નામે છેતરપિંડી, વર-કન્યા સૂચના વેબસાઇટ પરથી ઓળખ દ્વારા છેતરપિંડી, સોશિયલ મીડિયા દ્વારા ઓળખ દ્વારા છેતરપિંડી, કેસોમાં આવેલી આ રકમ છે. ■

# કેજરીવાલની ધરપકડઃ 'આપ' નેતાઓનો ઉપવાસ

મુંબઈઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અને 'આમ આદમી પક્ષ' (આપ)ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલની ધરપકડના વિરોધમાં 'આપ'ના કાર્યકર્તાઓ અને નેતાઓએ રવિવારે એક દિવસનો ઉપવાસ કર્યો હતો. 'આપ'ના સભ્યો વિરોધ નોંધાવવા દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં એકઠા થયા હતા. મહારાષ્ટ્રના પુણે તેમજ અન્ય શહેરોમાં પણ 'આપ'ના કાર્યકર્તાઓએ જાહેર સ્થળ પર આખો દિવસ વિરોધ નોંધાવ્યો હતો. પુણેમાં તો કૉંગ્રેસ અને શિવસેના (યુબીટી)ના નેતાગણ સુધ્ધાં 'આપ'ના વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. દિલ્હીમાં 'આપ'ના નેતાઓ જંતર મંતર ખાતે એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. દેશના અન્ય રાજ્યોમાં તેમ જ યુએસ, યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ અમુક સ્થળે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કેજરીવાલ ૧૫ એપ્રિલ સુધી ન્યાયાલીન કસ્ટડીમાં છે. (પીટીઆઈ)■

# ધર્મતેજ

કવર સ્ટોરી

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com



# ચૈત્ર શુક્લ પ્રતિપદાનો શુભ દિવસ અનેક રીતે મહત્ત્વનો છે

## મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત અને સિંધી સમાજનું નવવર્ષ પણ શરૂ થાય છે

ચૈત્ર શુક્લ પ્રતિપદા અર્થાત્ ચૈત્ર માસનો પ્રથમ દિવસ હિંદુઓ માટે અત્યંત મહત્ત્વનો દિવસ છે એ વાત તો દરેક હિન્દુ જાણે જ છે. આ દિવસ એટલે હિન્દુઓના નૂતન વર્ષનો શુભારંભ. આમ જોવા જઈએ તો નવું વર્ષ ભારતના અલગ અલગ પ્રાંતોમાં અલગ અલગ વખતે ઉજવાય છે. જેમકે પંજાબમાં બૈસાખી, ગુજરાતમાં કારતક માસનો પ્રથમ દિન, જેને આપણે બેસતું વર્ષ કહીએ છીએ. પારસીઓનું નવું વર્ષ નવરોઝ, વગેરે. દક્ષિણમાં પણ આ જ રીતે નવવર્ષો ઉજવાય છે. પણ ભારતીય નવવર્ષ તરીકે જેને ઉજવાય છે, તે છે ચૈત્ર માસની પ્રતિપદા.

ભારતમાં, અંગ્રેજી કેલેન્ડરની સાથે બીજા કેલેન્ડરને રાષ્ટ્રીય કેલેન્ડર તરીકે અપનાવવામાં આવ્યું છે. તે ભારતીય રાષ્ટ્રીય પંચાંગ અથવા ભારાંગ તરીકે ઓળખાય છે. તેને જ આપણે હિન્દુ નવું વર્ષ અથવા ભારતીય નવું વર્ષ તરીકે ઓળખીએ છીએ. આ કેલેન્ડર શક સંવત પર આધારિત છે અને તેનો પ્રથમ દિવસ ચૈત્ર શુક્લ પ્રતિપદા પર આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે સૃષ્ટિની રચના થઇ હતી. આપણે આ દિવસથી જ ચૈત્રી નવરાત્રીનું અનુષ્ઠાન પણ શરૂ કરીએ છીએ. ચૈત્ર નવરાત્રી લગભગ સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે.

અમાવસ્યા પછી, જ્યારે ચંદ્ર મેષ અને અશ્વિની નક્ષત્રમાં દેખાય છે અને દરરોજ વધે છે અને ૧૫માં દિવસે ચિત્રા નક્ષત્રમાં પૂર્ણ થાય છે, ત્યારે તે મહિનાને ચિત્રા નક્ષત્રને કારણે ચૈત્ર કહેવામાં આવે છે તેમ કહેવાય છે.

આ દિવસે પ્રભુ શ્રી રામે વાલીનો વધ કર્યો હતો.

આ જ દિવસે પ્રભુ શ્રી રામ, રાજા રામ બન્યા હતા. કારણકે આ શુભ દિવસે તેમનો રાજ્યાભિષેક થયો હતો.

બ્રહ્મ પુરાણ અનુસાર આજના પવિત્ર દિવસે જગતપિતા બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી હતી.

એવું કહેવાય છે કે સતયુગની શરૂઆત પણ આ શુભ દિવસે જ થઇ હતી.

આ અવતારી દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્યવતાર ધારણ કર્યો હતો.

સૃષ્ટિની રચના સંબંધિત પ્રજાપતિના તરંગો આ અવસરે પૃથ્વીપર સર્વાધિક આવે છે, તેથી તેને 'ગૂઢિ' દ્વારા ઝીલીને તેનું પૂજન અતિ શુભ મનાય છે.

'સ્વયં સિદ્ધ' મુહૂર્ત ગણાતા સાડાત્રણ દિવસમાં ચૈત્ર પ્રતિપદાનો દિવસ પણ શામેલ છે. આ દિવસની કોઈપણ 'ઘટિકા' (સમય) શુભમુહૂર્ત જ હોય છે.

ચૈત્ર માસની પ્રતિપદાથી રાત્રી કરતા દિવસ લાંબો થવાની શરૂઆત પણ થાય છે.

જેવી રીતે વર્ષ ઋતુ વ્રતો અને તહેવારોની મોસમ માનવામાં આવે છે, તેવી રીતે ચૈત્ર માસના પ્રારંભ સાથે પણ અનેક શુભ અને પવિત્ર દિવસની શરૂઆત થાય છે.


દક્ષિણમાં ચૈત્ર શુક્લ પ્રતિપદાને ઉગાદી તરીકે ઉજવાય છે. આંધ્ર પ્રદેશ, તેલંગણા અને કર્ણાટકમાં ઉગાદી અથવા યુગાદી નવા વર્ષની શરૂઆત તરીકે ઉજવવામાં આવે છે. યુગાદિ બે અલગ-અલગ શબ્દોથી બનેલું છે - યુગ (યુગ) અને આદિ (નવી શરૂઆત) - આમ, યુગાદિનો અર્થ થાય છે નવા યુગની શરૂઆત. તેની પાછળની માન્યતા એ છે કે ભગવાન બ્રહ્માએ આ દિવસે વિશ્વની રચના કરી હતી અને તેથી જ તેને હિંદુ કેલેન્ડરના પ્રથમ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૨મી સદીમાં, ભારતીય ગણિતશાસ્ત્રી ભાસ્કરાચાર્યએ ઉગાદીને નવા વર્ષની શરૂઆત તરીકે ઓળખાવી હતી. આ તહેવાર પ્રિયજનો સાથે આનંદ અને હળીમળીને સાથે ઉજવવામાં આવે છે. લોકો તેમના પ્રિયજનો માટે નવા કપડાં જેવી ભેટો પણ ખરીદે છે, દાન આપે છે, વિશેષ વાનગીઓ તૈયાર કરે છે

(જુઓ પાનું ૮) ▶▶

માનસ મંથન



મોરારિબાપુ
feedback@
bombaysamachar.com



# ચૈત્રમાસ એટલે મધુમાસ આપણને મધુ ક્યારે પ્રાપ્ત થયું ગણાય?

नौमि तिथि मधु मास पुनीता ।
सुकल पच्छ अभिजित हरिप्रीता ।।

બાપ ! ફરી એક વાર ભગવાન વિશ્વનાથની બહુ જ પુરાણી,પાવન અને સનાતન નગરીમાં રામકથા ગાવાનો અવસર પ્રાપ્ત થયો છે તેને હું મારું બહુ મોટું સૌભાગ્ય સમજી રહ્યો છું. સ્વામી રામતીર્થ અમેરિકા પર દિગ્વિજય કરીને આવ્યા. અદ્વૈતનો અદભુત ઝંડો લહેરાવીને આવ્યા. સ્વામી રામતીર્થે ઘણું મોટું કામ કર્યું. પછી એમને થયું કે હિંદુસ્તાન જાઉં અને પહેલીવાર કાશી જાઉં, જે વિશ્વ પરની મારી સનાતન નગરી છે. અનેક દૃષ્ટિએ આ નગરી અદભુત છે. મેં અહીં આવીને ભગવાન વિશ્વનાથના દર્શન કર્યા. સંકટમોચન હનુમાનજી પાસે ગયો. પછી મા ગંગાના દર્શનનું આચમન કરવા આવ્યો. જ્યારે માનાં દર્શન કર્યાં, ડૂબકી લગાવી ત્યારે આ વિષય આવ્યો. અને મેં વિચાર્યું કે રામનવમીનું પાવન પર્વ આવી રહ્યું છે, દુર્ગા અને શક્તિની આરાધનાના દિવસો છે. તો અહીં 'માનસ-મધુમાસ' વિષય રહેશે. મારા સદ્‌ગુરુ ભગવાનની કૃપાથી મને જે અંતઃકરણની પ્રેરણા થશે એ કહીશ. 'માનસ' મારો ઈષ્ટ ગ્રન્થ છે એટલે એની કૃપાથી તેમજ સંતો પાસેથી જે સાંભળ્યું હોય, અહીં-તહીંથી જે કંઈ મેળવ્યું હોય કે સદગ્રન્થોમાંથી જે પમાયું હોય, તે બધું તમારી સાથે શેર કરીશ. તમારી સાથે વાતો કરીશ. જ્ઞાનની અને ઘણી ઊંચાઈવાળી વાત મારી પાસે છે પણ નહીં અને એ મારી ઓકાત પણ નથી. હું સદૈવ રામકથાને પ્રેમયજ્ઞ કહું છું.

બાપ ! મધુનો એક અર્થ થાય છે મધુર, મીઠું. અને મધુનો એક અર્થ મધ પણ થાય છે. મધુનો એક અર્થ થાય છે વિશ્રામ. અન્ય સંદર્ભમાં મધુનો અર્થ શાંતિ પણ થાય છે. આપને મધુમાસ પર કેન્દ્રિત છીએ. આંતરિક વિકાસ અને વિશ્રામ માટે આ બધો સંવાદ છે. 'મધુ' શબ્દના અંતઃકરણીય કોશમાં, હૃદયકોશમાં ભાષાભિન્નતાને કારણે અને અનુભવને કારણે પણ લોકો જુદા-જુદા અર્થો કરે છે. આપણને મધુ પ્રાપ્ત થાય એનો અર્થ છે કે આપણને વિશ્રામ પ્રાપ્ત થાય. આપણને મધુ પ્રાપ્ત થયું એવું આપણે ત્યારે કહી શકીએ, જ્યારે આપણે મધુમાસને એન્જોય કરીએ; ત્યારે સમજવું કે આપણે રામનવમીને મનાવી લીધી. જ્યારે આપનામાં કોઈ ઘટનાથી, કોઈના સંગથી, કોઈના વચનથી, કોઈની દૃષ્ટિથી, કોઈના સ્મરણથી, કોઈની વાતચીતથી વગર પ્રયાસે આપણી અંદર પ્રસન્નતા આવવા લાગે ત્યારે સમજવું કે આપણે મધુ મેળવ્યું છે. આપણી જન્મજાત પ્રસન્નતા જે દબાયેલી છે એ પ્રગટ થવી જોઈએ. જ્યારે ભીતરી પ્રસન્નતાની શરૂઆત થાય ત્યારે સમજવું કે આપણે મધુપાન કર્યું છે. મધુપાનનો અર્થ મદ્યપાન ન કરવો, પ્લીઝ! આપણને મૌલિક હોશમાં લાવી દે એ મધુપાન, બેહોશીમાં નાખી દે એ નહીં.

મને બોલતાં-બોલતાં પ્રસન્નતા અનુભવાવા લાગે, તમારામાં સાંભળતાં-સંભાળતાં પ્રસન્નતા આવવા લાગે ત્યારે, કોઈ પણ માસ હોય એ મધુમાસ છે એમ સમજવું. તુલસીએ બધા માસના નામ લખ્યાં છે. ચૈત્ર માસ મારા ઠાકુરનો છે. તો, કોઈ પણ માસમાં આપણે હોઈએ પરંતુ જ્યારે કોઈ પણ સ્વાભાવિક ક્રિયાથી પ્રસન્નતા આવવા લાગે તો સમજવું કે આપણે મધુપાન કરી રહ્યાં છીએ.

બીજું, જ્યારે આપણી સમસ્યાઓનું આપોઆપ જ નિરાકરણ થવા માંડે ત્યારે સમજવું કે હવે મધુપાનનો સમય આવ્યો છે. આપણે ત્યાં એક શબ્દ છે, 'મધુવેળા'. બહુ સુંદર શબ્દ છે. લોકો કહે છે, મધુવેળામાં કામ કરો. આપણા જીવનમાં ઘણી સમસ્યાઓ છે. જીવનમાં સમસ્યાઓની લાઈન લાગી હોય છે. તેનું નિરાકરણ થાય તે મધુપાન. ત્રીજું સૂત્ર, છે નિવૃત્તિ. જ્યારે જીવનમાં નિવૃત્તિ આવવા લાગે ત્યારે સમજવું કે આપણે મધુમાસમાં જીવી રહ્યા છીએ. નિવૃત્તિ એટલે હું એમ નથી કહેતો કે સમાજસેવામાંથી કે ધંધામાંથી નિવૃત્તિ લઈ લો. નિવૃત્તિનો મારો એક અર્થ છે રોગનિવૃત્તિ. બીજો છે વહેમનિવૃત્તિ અને ત્રીજો છે વેરનિવૃત્તિ. કોઈની સાથે તમારો સંઘર્ષ ચાલી રહ્યો હોય તો એમાંથી નિવૃત્તિ લઈ લો. કોઈના પર વહેમ થઈ ગયો હોય તો એમાંથી નિવૃત્તિ લઈ લો. અને તમને તમારા પર વહેમ થઈ ગયો હોય કે મને આ રોગ છે, તો એમાંથી પણ નિવૃત્તિ લઈ લો. વહેમ, વેર અને રોગ એ ત્રણમાંથી કોઈ ઘટનાથી નિવૃત્તિ મળે તો સમજવું કે આપણે મધુમાસમાં જીવી રહ્યાં છીએ. અને વિચારો મારાં ભાઈ-બહેન, વહેમે કોને નથી પકડ્યા? શરીર તો રોગાલય છે. તુલસીદાસજીએ 'ઉત્તરકાંડ' માં લખ્યું છે કે રોગ બધામાં છે. એને ઓળખે છે કોઈ વિરલા. કોઈ વ્યક્તિ પર કે કોઈ ઘટના પર વહેમ થયો હોય અને એમાંથી નિવૃત્ત થવા લાગ્યા; માનસિક કે શારીરિક રોગમાંથી પણ નિવૃત્તિ મળી અને કોઈની સાથે સંઘર્ષ હોય અને એમાંથી પણ મુક્તિ મળવા માંડે ત્યારે સમજવું કે આપણે મધુમાસમાં જીવી રહ્યાં છીએ.

પ્રસન્નતા, નિરાકરણ, નિવૃત્તિ અને મધુમાસનું ચોથું સૂત્ર છે એ છે પ્રાયશ્ચિત. જાણતાં-અજાણતાં કોઈનું દિલ દુભાયું હોય, કોઈને આપણે ઠેસ પહોંચાડી હોય, કોઈનું કંઇક છીનવી લીધું હોય, નેટવર્ક કરીને કોઈકને શીશામાં બંધ કરી દીધા હોય, પછી સત્સંગને કારણે પ્રાપ્ત વિવેકને કારણે જ્યારે અપરાધભાવ અનુભવાવા લાગે અને પ્રાયશ્ચિત્તભાવ શરૂ થઈ જાય કે મેં જેનું ખરાબ કર્યું એની પાસે જઈને એક વાર કહી દઉં કે ભૂલ થઈ ગઈ, તો સમજવું કે તમારું મધુમાસમાં રહેવાનું શરૂ થઈ ગયું છે. પ્રાયશ્ચિત્ત મધુમાસમાં રહેવાની લાયકાત છે. પાંચમું, માગ્યા વિના કોઈના આશીર્વાદ મળવા લાગે; કોઈ આપણને દુઆઓથી ભરી દે. આશીર્વાદ મધુમાસને યોગ્ય આપણને બનાવી દે ત્યારે સમજવું કે આપણે મધુમાસમાં જીવી રહ્યા છીએ. આપણે મધુવેળામાં જીવી રહ્યાં છીએ. આપણે પરમાત્માની અસલી મધુશાળાના સદસ્ય છીએ.

આગળનું સૂત્ર છે સૌભાગ્ય. આપણને લાગે કે મારા જેવું કોઈનું સૌભાગ્ય નથી કે આટલી વ્યસ્ત દુનિયામાં પણ મને ભગવદ્દકથા સાંભળવાની રુચિ જાગી રહી છે! જ્યારે આપણે સૌભાગ્યનો અહેસાસ કરીએ ત્યારે સમજવું કે આપણે મધુવેળામાં જીવી રહ્યા છીએ. આ બધાં સૂત્રોને બરાબર સમજવા માટે 'વિનયપત્રિકા' વાંચવી પડશે. આ બધાં રહસ્યોનું ઉદઘાટન 'વિનયપત્રિકા' વિના અસંભવ છે. 'વિનય' વિનાની વિદ્વત્તા કોઈ અસર પાડી નથી શકતી. સૌભાગ્યનો અનુભવ થવો જોઈએ, હું એ કહી શકું છુ કે, મારી જાતને વ્યાસપીઠ પર જોઉં છું ત્યારે મને લાગે છે કે વિશ્વમાં મારા જેવું કોઈ ભાગ્યશાળી નથી. શું તમે મહેસૂસ નથી કરતાં? ભારતમાં જન્મ મળ્યો અને 'રામચરિતમાનસ' જેવું શાસ્ત્ર મળ્યું અને લાયક ન હતો તો પણ કોઈ એવા બુદ્ધપુરુષનો હાથ માથા પર મુકાયો એનાથી વધારે સૌભાગ્યની નિશાની બીજી શું હોઈ શકે? જ્યારે તમારા સૌભાગ્યનો અનુભવ થવા માંડે ત્યારે સમજો કે તમે મધુશાળાના સદસ્ય છો.

સંકલનઃ જયદેવ માંકડ ■

જીવનનું અમૃત

ભાણદેવ
bhandev@bombay
samachar.com

"અલૌકિક દર્શન"

# ભરત ગંગાજીને પ્રણામ કરીને આગળ વધે છે

(ગતાંકથી ચાલુ)

સૌ ગંગાકિનારે પહોંચે છે. ગંગાજીને ભરતજી પ્રણામ કરે છે અને ત્યાંથી પગપાળા ચાલવાનો પ્રારંભ કરે છે. સેવકો ઘોડા પર બેસવાનો આગ્રહ કરે છે, ત્યારે ભરતજી કહે છે:

सिर भर जाउँ उचित अस मोरा ।।
सब तें सेवक धर्म कठोरा ।।

-रामचरितमानस : अ.का. :२०३-४

"મારા માટે તો ઉચિત એ જ છે કે હું માથા વડે ચાલીને જાઉં. સેવકોનો ધર્મ સૌથી કઠિન છે."

તદનંતર સૌ તીર્થરાજ પ્રયાગરાજમાં પહોંચે છે. ભરતજી પ્રયાગરાજ પાસે બંને હાથ જોડીને માગે છે.

दो. : अरथ न धरम न काम रुचि गति न चहउँ निरबान।
जनम जनम रति राम पद यह बरदानु न आना

रामचरितमानस : अ.का. : दो-२०४

" મને ન અર્થની રુચિ છે,ન ધર્મની, ન કામની અને હું મોક્ષ પણ ઇચ્છતો નથી. જન્મોજન્મ રામનાં ચરણોમાં પ્રેમ રહે , એ જ વરદાન માગું છું બીજું કાંઈ જ નહીં."

જુઓ! ભરતજીની રામ-પ્રીતિ જુઓ!

તદનંતર એક રાત્રિનિવાસ સૌ ભરદ્ધાજ મુનિના આશ્રમમાં કરે છે અને પ્રાતઃકાલે સૌ ચિત્રકૂટ તરફ પ્રયાણ કરે છે.

ભરત સમગ્ર અયોધ્યાવાસીઓ સાથે આવે છે તેવા સમાચાર શ્રીરામ-લક્ષ્મણને મળે છે કોઈકે તો એમ પણ કહ્યું કે સાથે વિશાળ ચતુરંગિણી સેના પણ છે. ભગવાન શ્રીરામ તો શાંત અને સ્વસ્થ છે, પરંતુ લક્ષ્મણજીને લાગે છે કે ભરત અહીં પ્રભુ રામ સાથે યુદ્ધ માટે આવે છે. લક્ષ્મણજી વિચારે છે કે અયોધ્યાની રાજગાદી મેળવીને નક્કી ભરતને રાજમદ થયો છે. યુદ્ધ આવ્યું છે તેમ વિચારે છે તેમ ધારીને લક્ષ્મણજી તો ધનુષ્યબાણ હાથમાં લઈને યુદ્ધ માટે તૈયાર થાય છે.

ભગવાન શ્રીરામ ભરતજીને બરાબર જાણે છે અને તદ્‌નુસાર લક્ષ્મણજીને કહે છે :

दो. : भरतहि होइ न राजमदु विधि हरि हर पद पाइ ।
कबहुँ कि काँजी सीकरनि छीरसिंधु बिनसाई ।।

रामचरितमानस : अ.का. :दो.२३१



"(અયોધ્યાના રાજ્યની તો વાત જ શું છે) બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવનું પદ પામીને પણ ભરતને રાજ્યનો મદ ન થાય! શું ક્યારેય કાંજીના ટીપાંથી ક્ષીરસમુદ્ર નષ્ટ થઈ શકે (ફાટી શકે) છે?"

વળી પ્રભુ રામ ભરતજીનો મહિમા ગાતાં આગળ કહે છે :

मसक कूमकु मेरु उडाइ । होइ न नृपमदु भरतहि भाई।।
लखन तुम्हार सपथ पितु आना । सुचि सुबंधु नहि भरत समाना ।।

रामचरितमानस : अ.का. :२३२-२

" મચ્છરની ફૂંકથી ભલે મેરુ પર્વત ઊડી જાય, પરંતુ હે ભાઈ! ભરતને કદી રાજમદ ન થઈ શકે. હે લક્ષ્મણ! તમારી શપથ અને પિતાજીના સોગંદ ખાઈને કહું છું ભરત સમાન પવિત્ર અને ઉત્તમ ભાઈ સંસારમાં નથી"

પ્રભુ રામની આ વાણી સાંભળીને દેવો પ્રસન્ન થઈને કહે છે :

जौं न होत जग जनम भरत को। सकल धरम धुर धरनि धरत को ।।
कबि कुल अगम भरत गुन गाथा। को जानइ तुम्ह बिनु रघुनाथा ।।

रामचरितमानस : अ.का. : दो. :२३३-१

(જુઓ પાનું ૮) ▶▶

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# રવિભાણ સંપ્રદાયના સંત કવિ જેરામ શિષ્ય ભીમસાહેબ

ગણેશ, વિષ્ણુ, રામ, જગન્નાથ, રામ બંધુ ભરત, આદ્યશક્તિ અને સદ્‌ગુરુ ભાણસાહેબનો મહિમા ગાતી અગિયાર જેટલી પ્રભાતિયાં પ્રકારની પદ્ય રચનાઓના કર્તા જેરામ શિષ્ય ભીમદાસજી કે ભીમસાહેબના જીવન વિશે કે એમના ગુરુ જેરામદાસ કોણ તેના વિશે પણ સંપૂર્ણ અધિકૃત માહિતી નથી મળી. કચ્છમાંથી ઈ.સ.૧૯૩૯ આસપાસ ( લાલ ગેબી-અમરધામ આશ્રમ હાથીજણ, અમદાવાદ) દ્વારા પ્રકાશિત 'યોગ વેદાન્ત ભજન ભંડાર'માં કબીર,ભાણ,ખીમ, રવિ, ગંગ, ત્રિકમ,ચરણદાસ, હરિસાહેબની પદ-ભજન રચનાઓ તથા દીર્ઘ કૃતિઓની સાથે આ રચનાઓ પ્રકાશિત થઈ છે. એ લાલબાપુ દ્વારા રવિસાહેબ કૃત 'ભાણગીતા' પુસ્તકનું પ્રકાશન પણ ઈ.સ.૧૯૬૯માં કરવામાં આવ્યું છે જેના ૩૮૪ પૃષ્ઠોમાં ૨૧ કડવાંની 'રવિગીતા' ઉપરાંત સાત અધ્યાયની 'મનઃસંયમ', કવિત,છપ્પય,સાખીઓ અને વિવિધ અંગ રચનાઓ, પંદર કડવાંનો 'શંકર હસ્તામલક સંવાદ', ત્રિકમસાહેબનાં પદો, જીવાભગતનો 'ગુરુમહિમા', રવિસાહેબ કૃત 'તત્ત્વનિરુપણ' સાથે દરિયાલાલ સ્તુતિનાં પદ્યો,આરતી ,થાળ... વગેરે રચનાઓ સંગૃહિત છે...

ભાણ ભયે આ જગતમેં જેણે ભજન કારણ દેહ ધરી,
લોહર વંશમેં લાલ પ્રગટિયા,
ભાવ સેં ભક્તિ ભરી.
જનમ લિયો હે જીવન સારુ,
માત પિતાનો મોહ હરી,
સંસાર સંબંધ સરવે છોડ્યો,
તનમેં રિયા તૂંહિ તૂંહિ ઠરી.
ગુર્જર ખંડમેં થાન ચલાયો,
નિરગુણમેં નિષ્ઠા લરી,
નેજા ફરુકે નિજ નામકા,
દેખતાં દુનિયા વરી.



રવિ ખેમને રંગ લગાયો,
કુંવરજી પેં કરુણા કરી,
પાવન જગમેં પંથ ચલાવ્યો,
જ્ઞાનકી ખંગા ખરી.
ઈ ગંગાનો માતમ મોટો,
તમે નાહી લેજો નિશ્ચે સરી,
ચોરાશીના બંધ છૂટે,
ફોગટમાં ના આવો ફરી.
અનેક સંતતમે આગે તાર્યા,
હેત સેં રખના હરિ,
ભીમદાસ ગુરુ જેરામ ચરણે,
કર જોડે કીરતન કરી..

***

સાંભળો ને સંત સુજાણ,
કહું કથા નિરવાન કી,
સેવા લાયક સહુને સરખી,
પરથમ પૂજા ગુરુ ભાણકી.
વારાહી શેરમેં પ્રગટ્યા વા'લો,
જ્યું મુગત છાપ મેરાણ કી,
સમરણ કરતાં સંશય ટાળે,
ચોરાશી લખ ખાણકી.
સબ સંતનમાં શોભા લાયક,
જ્યું હીરલામેં માણેકી,
મુખે મધુરી વાણી બોલે,
પરગટ વેદ પુરાણ કી.
ભારી ભારી ભૂપ નમાવ્યા,
દુબધા ટાળી જમ દાણ કી,
જ્ઞાન દેતા ઘટ ઉજાળા,
જાણ હોત અજાણ કી.
અધમને ઓધારજો પ્રભુ મેરી છાતી વજ્જર પાણ કી,
ભીમદાસ ગુરુ જેરામ ચરણે,
સેવકી સાહેબ ભાણ કી..

બીજા એક ભીમદાસ/ભીમસાહેબ વાછરા ગામના રુખીકુળના ભક્ત વિરમભગતના દીકરા હતા. જેમણે કોટડાસાંગાણીના પ્રેમસાહેબના શિષ્ય વાઘાભગત અને વિરમભગતની પરંપરા જાળવી રાખેલી. આ ભીમસાહેબના શિષ્ય થયા મેંગણી ગામના હમીરભગત. આ હમીરભગતની વાણી આજે પણ ગવાય છે.

ગુરુજી નોધારાના છો રે આધાર,
અરજી મારી સ્વીકારો રે,
આ કળજુગ મધ્યે કિરતાર,
સતજુગને થાપો રે...
ગુરુજી ધુન રે ધણીનું ધ્યાન, પ
ાપી નથી ધરતા રે,
ગુરુજી સત રે જુગની શાન,
કળજુગમાં કોઈ ન પિછાને રે,
ગુરુગમની હોય ઓળખાણ,
તો સતગુરુ સમજાવે રે.
એ ગુરુજી સેવકની લેજો રે સંભાળ,
એ બુડતાંને તારી લેજો રે,
આ ભવ રે સાગરની માંય,
બાવડી ગ્રહી લેજો રે...
એ ગુરુજી ભીમ રે સતગુરુનો પ્રતાપ,
દાસ હમીરે ધાર્યો રે,
એ ચરણુમાં લેજો કીરતાર,
એ ગરીબ ગુલામ જાણી રે... ■

# ગળાફાંસો



ટૂંકી વાર્તા

સુમંત રાવલ
feedback@bombaysamachar.com

રેશમી દોરીની સરકતી ગાંઠ મહામહેનતે છૂટી શકી. ગળા ફરતી દોરી ચામડીમાં ઘૂસી ગઈ હતી એટલે લોહિયાળ રેખા અંકાઈ ગઈ હતી. ગળાનો હડિયો તૂટી ગયો હતો અને જીભ બે દાંત વચ્ચે ભીંસાઈ ગઈ હતી. ડોળા ફાટી ગયા હતા અને નાકમાંથી વહી ગયેલું લોહી કાળું પડી ગયું હતું. લાશને ફર્શ પર ગોઠવી, ત્યાં ફોટોગ્રાફર આવી ગયો. આડો તેડો કેમેરો આંખો પર ગોઠવી થોડાક ફોટા લીધા અને પછી આત્મહત્યાના સમાચાર લખવા લાગ્યો. આત્મહત્યાનું કારણ જાણી શકાયું નથી...

ત્યાં ગામનું પંચ આવી ગયું અને મારી સામે મોં બગાડીને જોતું ખૂણામાં ઊભું રહી ગયું- આ ખાખી કપડું અહીં પણ પહોંચી ગયું. જીવતા જીવના તો પૈસા લેતા હોય છે, પણ મરેલા મડદાનેય મૂકતા નથી... એવું કૈંક ગણગણતા હશે...

'માણસ કેવો હતો?' મેં છાતી પરની હેડ કોન્સ્ટેબલ નેમ-પ્લેટ સીધી કરતા પૂછ્યું.

'સારો માણસ...'

'સારો એટલે કેવો?' મૃત્યુનો મલાજો છોડી મેં બીડી સળગાવી...

'સારો એટલે સીધો માણસ... કોઈની સાથે કંઈ લપછપ નો'તી.' સરપંચે ખુલાસો કર્યો.

'પણ કે' છે કે છોકરાની બહુ માથાકૂટ હતી...' મેં ધીમેથી મમરો મૂક્યો... અમારા પોલીસખાતાની આ કરામત છે. ધીમે ધીમે સામા માણસ પાસેથી વાત કઢાવવાની...

'ખબર નથી...' સરપંચે મોં ફેરવી લીધું.

'આખા ગામને ખબર છે... અને તમને સરપંચને ખબર નથી...' મેં જરા કડક અવાજે કહ્યું 'તમને સરપંચ કોણે બનાવ્યા.... સરપંચ કને તો ગામની રજેરજની માહિતી હોવી જોઈએ...'

સરપંચ ચૂપ થઈ ગયો, તેની બાજુમાં ઊભેલા પીઢ માણસે જવાબ આપ્યો, 'જમાદારસા' બ ઘર હોય તો ક્યારેક બે વાસણ ખખડેય ખરા...'

'પણ આ વાસણ તો રોજ ખખડતાં હતાં' મેં બીડીનો ઊંડો કશ લઈ ઠુંઠું જમીન પર ફેંકતા કહ્યું.

'મોટી જુવાન દીકરીનો 'પ્રોબ્લેમ' હતો...' છેવટે સરપંચે મોં ખોલ્યું. 'જાજો વસ્તાર કંઈ થોડો સારો છે, મનુ મિસ્ત્રીની રોજિરોટીનું સાધન ટાંચું અને ખાનારા છ જણ... બે માણસ પોતે અને ચાર છોકરા... મોટી છોકરીનો પગ ખાડામાં પડી ગયો... છોકરાને અને એના મા-બાપને હાથેપગે લાગીને પરણાવી દીધી... છોકરો દરજી જ્ઞાતિનો હતો... ન્યા ય ઝઘડા ચાલતા' તા...'

'મેં સાંભળ્યું છે કે મનુ મિસ્ત્રીનો જુવાન દીકરો પણ કામધંધા વગરનો બેકાર... બેસી રહેતો...'

મેં વાતનો તાગ પામવા બીજા માણસને પકડ્યો...

ઓરડી સાંકડી હતી... અને બહારથી આવનારાની સંખ્યા વધતી જતી હતી. બાજુના ઓરડામાં બૈરાની રોકકળ ચાલતી હતી. મનુ મિસ્ત્રીની ઘરવાળી જોરજોરથી છાતી કૂટતી હતી... તમને આ શું સૂઝયું? તમારી વાંહે હું ય આવું છું... ત્યાં મોટો દીકરો દોડતો આવ્યો... બાપા... બાપા... કરતો તે શબ તરફ ધસી ગયો, પણ તે પહેલાં બે જુવાનિયાએ તેને બાવડેથી પકડી લીધો...

'આ મોટો દીકરો...' આગ લાગે ત્યારે એકાદ તેમાં ઘાસલેટ છાંટનારો ય મળી આવે... મને એક જણ મળી ગયો... 'માવો-માવજી...'

'એ માવજી શું કરે છે?'

'સા'બ કંઈ નથી કરતો, ગામનો ઉતાર છે, નવરોધૂપ ભટકે છે, બીડી પીએ છે, ક્યારેક પત્તાય ટીપે છે, તેણે જુગારમાં પાંચ હજારનું દેવું કર્યું' તું. ઈ દેવું તેના બાપ મનુ મિસ્ત્રીએ માંડ માંડ ભરપાઈ કર્યું...'

હું જરા પોરસાયો... દસ વરસેય મારે સંતાન નહોતું, જ્યારે મનુ મિસ્ત્રીને બે દીકરા-બે દીકરી. હર્યુંભર્યું ઘર વેરવિખેર થઈ ગયું! અડધી રાતે મનુ મિસ્ત્રીએ પંખા સાથે દોરી બાંધી લટકી જવું પડ્યું. આમ તો તેનો પરિવાર પંખા સાથે દોરી બાંધીને લટકતો જ હતો. મનુ મિસ્ત્રી છૂટી ગયો, જ્યારે બાકીના છૂટતા નહોતાં-તરફડતા હતા!

કોઈ દયાળુએ શબની આંખો બંધ કરી દીધી. ત્યાં ડૉક્ટર આવ્યાં. તેમણે શબ પાસે બેસી ગળામાં લટકતું સ્ટેથેસ્કોપ કાને લગાડ્યું અને તેનો ચંદો છાતી પર ગોળ ગોળ ઘુમાવ્યું અને પછી માથું નકારમાં ધુણાવ્યું અર્થાત્ મનુ મિસ્ત્રીના શરીરમાં જીવ નહોતો! તે વખતે મોટા છોકરાએ પેલા બંને પાસેથી હાથ છોડાવીને જોરથી લાશ પર પડતું મૂક્યું. 'બાપા... બાપા...'દૃશ્ય કરુણ બની ગયું. હાજર રહેલા બધાની આંખો ભીંજાઈ ગઈ. મારે તો આવું જોવાનું વારંવાર બનતું હતું એટલે મને મારી ફરજ યાદ આવી- પંચનામું. આ લોકો જતા રહે તે પહેલા પંચનામું તૈયાર કરી તેમની સહી લેવી જરૂરી હતી.પછી આત્મહત્યાનું સાચું કારણ શોધવા કામે લાગી જવાનું હતું. આવા ગરીબ પુરુષો પાસેથી ખંખેરું તોય ખાલી કોથળામાંથી કેવળ ધૂળ સિવાય કંઈ હાથ લાગવાનું નહોતું. નાહક લખાપટીની મજૂરી કરવાની હતી... મેં ફરી લાશ તરફ જોયું તો મારા કરતાંય મનુ મિસ્ત્રીનું મોં વધુ દયામણું લાગ્યું. બનિયન અને લેંઘામાં એ ચત્તોપાટ પડ્યો હતો. ગળાનો હડિયો તૂટી ગયો એટલે ખૂબ તરફડ્યો હશે, ભીના લેંઘામાંથી પેશાબની ગંધ આવતી હતી... જીવ કંઈ સરળતાથી થોડો જાય?

'સા'બ તમે પંચનામું લખી કાઢો, પછી લાશને તાલુકે પીએમસીમાં 'પૉસ્ટમાર્ટમ' માટે મોકલવી પડશે, હું રિપોર્ટ તૈયાર કરું છું... લાશ સાથે કોણ જશે?' ડૉક્ટરે પૂછ્યું. ત્યાં બેચાર આગેવાન એકબીજા સામે જોવા લાગ્યા. સરપંચ આગળ આવ્યા... 'હું અને રઘુભા અને માવજી... છકડામાં લઈ જશું. તાલુકો ક્યાં છેટો છે?'

સરપંચ તૈયાર થયા એટલે બીજા બધાનો શ્વાસ હેઠો બેઠો... અને નવી જવાબદારી આવી પડે તે પહેલાં પાછા પગલે બહાર નીકળી ગયા...

પાંચ હજારની વસ્તીવાળું રાજપર ગામ- એક નિશાળ, એક દવાખાનું અને એક પોલીસ થાણું. જેમાં જમાદાર તરીકે બે વરસથી હું ફરજ બજાવતો હતો. સરકારે એક બુલેટ પણ આપ્યું હતું, જેના પર સવાર થઈને હું બજારમાં નીકળતો ત્યારે કેટલાયના હાથ ઊંચા થઈ જતાં-વટ પડી જતો! ગામ બહાર ટેકરી પર થાણું હતું. થાણાની બાજુમાં જ નિવાસસ્થાન, ક્યારેક તહોમતદારને ગાળો આપતો ત્યારે રંભા સાંભળી જતી, હું ઘેર જતો એટલે કહેતી ગાળો ઓછી બોલતા હો તો...! કાનના કીડા ખરે એવી ગાળો બોલો છો...

હું જમાદાર છું. ગાળોય બોલવી પડે અને સમય આવ્યે હાથેય ઉપાડવો પડે. હું માથા પરની ટોપી ખીંટીએ લટકાવતો અને કહેતો, તે મારા વધેલા પેટ પર આંગળા ભેરવી ગલીપચી કરતી...

'આ ફાંદ બહાર નીકળી ગઈ છે...'

મને કહેવાનું મન થતું કે ફાંદ તો તારી બહાર નીકળવી જોઈએ તેના બદલે મારી-પણ મારી નબળાઈનું પ્રદર્શન કરતા હું મારી જાતને વામણી સિદ્ધ કરી રહ્યો હોઉં તેવું લાગતું, તેની નછોરવી કાયાને જોઈ રહેતો. ફાંદને કારણે પેન્ટ પર બાંધેલો પટ્ટો નીચે બાંધવો પડતો, પેટની નીચે... અને ચાલતો ત્યારે ફાંદ હલતી...

'હવે ઉપવાસ કરો તો વજન ઓછું થાય...' તે કહેતી...

કોઈકે લાશ પર કફન ઢાંકી દીધું. મેં પંચનામું લખવાનું શરૂ કર્યું, માવજી ક્યાંકથી લાકડાની ખુરશી લઈ આવ્યો, હું લાશની સામે ખુરશી પર બેઠો ત્યારે જરા અજુગતું લાગ્યું. ઓરડીની સામે ફરજો હતો ત્યાં કરવત, રંધો, છીણી, હથોડી, ફાડેલા લાકડા કેટકેટલી સામગ્રી પડી હતી. મિસ્ત્રી ત્યાં બેસીને સુથારીકામ કરતો હતો!

બાજુના ઓરડામાં રોકકળ વધતી જતી હતી... તેની અવગણના કરીને મેં પેડ પર કાગળ ગોઠવી લખવાનું શરૂ કર્યું. ''અમો નીચે સહી કરનારા પંચો આજરોજ મનુ મિસ્ત્રીના ઘરમાં ડાબી દિશાની ઓરડીમાં હાજર છીએ... અમારી હાજરીમાં પંખા પર ગળા ફાંસો ખાધેલી હાલતમાં એક શબ લટકતું હતું. જે મનસુખલાલ નાનજીભાઈ મિસ્ત્રીનું હતું. જેને અમે ઓળખી બતાવીએ છીએ...'' પછી લાશનું વર્ણન કરવાનું હતું એટલે પેન અટકી ગઈ અને મેં ઊભા થઈ કફન હટાવી લાશનું નિરીક્ષણ કર્યું...

ઘણું બધું હટી ગયું હતું... દસ વરસનો નિઃસંતાનપણાનો ભેદ ખૂલી ગયો હતો. તે દિવસે તાલુકા પોલીસ સ્ટેશનેથી બુલેટ પર પાછા ફરતાં ગાંધીચોકમાં એક લેબોરેટરી જોઈ. 'મારી અંદર ઈચ્છા જન્મી ગઈ... આ દસ દસ વરસથી રંભા સાથે મહેનત કરું છું છતાં કંઈ પરિણામ આવતું નથી. રંભા પણ ક્યારેક ન કહેવાનું કહી દે છે... ત્યારે હું સમસમી જાઉં છું... ક્યારેક તો મેણું મારે છે ત્યારે અકળાઈ જાઉં છું. લેબોરેટરી સામે જ છે... ખાનગીમાં મારા શરીરની તો ખાતરી કરી લઉં... જો મારામાં કોઈ ખામી જ ન હોય તો રંભાની સામે છાતી ઠોકીને રિપોર્ટનો ઘા કરી દઈને કહીશ કે જોઈ લે આ મરદનો પુરાવો... ધરતી વાંઝણી નીકળી છે... એટલે તે બિચારી મીયાંની મીંદડી બની જશે. પછી તો તેની સામે હું ધાર્યું કામ લઈ શકીશ!'

અંદર ગયો. બે જુવાન છોકરા બેઠા હતાં. કાચની શીશી આપતાં કહ્યું, સામે ટોઈલેટમાં જાવ...

રિપોર્ટ આવતા કેટલી વાર? મે પૂછ્યું.

માત્ર એક કલાક! એકે કહ્યું. હું ટોઈલેટમાં ગયો. વીર્યની શીશી આપી... તે બધા ટેસ્ટિંગના કામે લાગી ગયા. હું બહાર ગયો, પાન ખાધું, બીડી ફૂંકી અને પાછો ફર્યો. ત્યાં રિપોર્ટ તૈયાર હતો. પરબીડિયું આપતા જુવાને કહ્યું: શુક્રાણુ કણ મોટીવ નથી અને મેક્સિમમ નથી... હું કંઈ સમજ્યો નહીં, અબુધ માણસની જેમ તાકી રહ્યો.

'એટલે મારામાં ખામી?'

'હા, પણ આયુર્વેદિક દવાથી સારું થઈ જશે. સામે મૂળશંકર વૈદનું ઘર છે ત્યાંથી દવા મળશે... બે વરસ દવા લેવી અને ચરી પાળવી પડશે...'

હું તો આ સાંભળી ઠરી ગયો. રણજીત વાઘેલાની મૂંછનું પાણી ઊતરી ગયું. બુલેટને કીક મારતા શરીર હાંફી ગયું! રંભાની નજરમાં હું ઊતરી ગયો... આમ તો મારી નજરથી જ ઊતરી ગયો હતો. પેલું પરબીડિયું રંભાના હાથમાં ન ચડે તેવી રીતે પાકિટમાં મૂકી દીધું.. હવે મને રંભા કરતા આ પરબીડિયાની ચિંતા થતી હતી, રખેને એ રંભાના હાથમાં ચડી જાય અને મારી પોલ ખૂલી જાય તો રંભા તો મારા પર સિંહણ બનીને ત્રાટકે!

રંભાને ખબર ન પડે તે રીતે ઓફિસમાં બેસીને એ રિપોર્ટ વાંચતો રહેતો... પણ અંગ્રેજી શબ્દોમાં કંઈ સમજાતું નહોતું. નીચે રિમાર્કસમાં લખ્યું હતું, 'સ્પર્મ્સ કાઉન્ટ ઈઝ નોટ ઈનફ એન્ડ નોટ મોટિવ ઓલ્સો' એ શબ્દો મને દઝાડતા રહેતા હતા, કાગળનો એ ટુકડો જાણે અરીસો બની જતો અને મારા ઓશિયાળા ચહેરાનું તેમાં પ્રતિબિંબ ઊપસી આવતું જેની મૂંછો નમી ગયેલી હતી... મારી મૂંછોનું પાણી ઊતરી ગયું હતું.

પંચનામું પૂરું થઈ ગયું. હાજર રહેલા પંચોની સહીઓ પણ લેવાઈ ગઈ અને લાશને તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પીએમ માટે વાહન મારફત રવાના કરી દીધી એટલે હું નવરો પડ્યો અને નવરો પડતાં જ મારા મગજ પર મારી શારીરિક ખામીનું ભૂત સવાર થઈ ગયું... રંભાથી ખાનગીમાં દવા લેવાનો નિર્ણય કર્યો...

બપોર થઈ ગઈ એટલે બુલેટ મારી મૂક્યું. ઘેર ગયો, રંભા રસોડામાં ગીત ગણગણતી હતી...

'કેમ મોડું થયું?' રોજ કરતા મોડો આવેલો જોઈ તેણે પૂછ્યું.

'એક આપઘાતનો કેસ આવ્યો હતો...'

'આપઘાત?'

'હા, ગળાફાંસો ખાધો હતો...'

'પુરુષ કે સ્ત્રી?'

'પુરુષ...'

તે હસી પડી... 'હવે તો મરદ જેવા મરદ થઈને આપઘાત કરવા લાગ્યા...'

તેણે થાળી તૈયાર કરીને ટેબલ પર મૂકી ત્યારે હું તેની માંસલ કાયા તરફ તાકી રહ્યો. ગામડાગામમાં ય તેના માબાપે દસ ધોરણ સુધી ભણાવી હતી, રોજ સવારમાં જાગીને સ્નાન કરતી, પછી કપાળમાં મોટો કંકુનો ચાંદલો કરતી અને પાણિયારે દીવો કરતી હતી. હું પૂછતો કે પાણિયારે દીવો શું કામ? ત્યારે તે કહેતી વંશ રાખવા... એક જોષીએ બાધા આપી છે કે એક વરસ ન્હાઈધોઈ પાણિયારે દીવો કરો તો ભગવાન દૂધમલીયો આપશે... પણ વરસ પૂરું થઈ ગયું હતું અને દૂધમલીયો આવ્યો નહોતો... અને આવવાનો ય નહોતો... તેનું કારણ મારા ચામડાના પાકિટ અંદર છુપાયેલા રિપોર્ટમાં સાફ લખેલું હતું!

'બિચારી ઘરવાળીનું શું થશે?' તે રસોડામાં જતી અને ગરમાગરમ રોટલી લઈને મારી થાળીમાં મૂકી જતી...

'ઘરવાળો કેવો નમાલો કે' વાય કે ગળાફાંસો ખાધો?'

'તું ચિંતા ન કર. તારો ઘરવાળો હજુ હયાત છે...'

મેં મશ્કરી કરી ત્યાં તે ચીડાઈ ગઈ... 'શું તમેય તે... જે મનમાં આવે તે બકી નાખો છો...'

જમી લીધું, હાથ ધોઈ લીધાં, પાણી પણ પી લીધું પછી બીડી પેટાવીને ધુમાડા કાઢતો ખાંટ પર બેઠો ત્યાં એ મારી બાજુમાં આવીને બેસી ગઈ...

'આપઘાતનું કારણ જાણવા મળ્યું?'

'કૌટુંબિક ઝઘડો હતો, મિસ્ત્રીનો ધંધો ચાલતો નો' તો ને બે જુવાન દીકરી, બે જુવાન દીકરા... એમાંય દીકરી 'ફરંટ' હતી... દીકરો રખડું હતો. રોજ ઝઘડા એટલે મિસ્ત્રીએ મોતને વહાલું કરી લીધું...' મેં જરા વિસ્તારથી કહી દીધું. હું એ રીતે રંભાને આડકતરી રીતે સમજાવવા માગતો હતો કે આપણે નિઃસંતાન છીએ એટલે ઘણા સુખી છીએ, પણ એના મગજમાં મારી વાત ન ઊતરી હોય તેવું લાગ્યું, તેણે ધારદાર આંખે મારી સામે જોતા કહ્યું, 'ભલે બાઝે-ઝઘડે પણ દીકરા-દીકરી વગરનું ઘર ઈ ઘર ન કહેવાય... જુઓ હું તમને ખાનગી વાત કરું...' એટલું કહી તે ઊભી થઈ અને કબાટ ખોલી તેમાંથી એક પરબીડિયું લઈને પાછી ફરી, પછી પરબીડિયું મારા હાથમાં મૂકતાં કહ્યું, 'તમારાથી છાનુંછપનું આ કૃત્યુ કર્યું છે...'

'કયું કૃત્ય?' હું જરા ફફડી ગયો.

'હું કાશી કામવાળીને લઈને તાલુકાના સ્ત્રીરોગના નિષ્ણાત લેડી ડૉક્ટર પાસે ગઈ હતી, તેમની પાસે મેં મારા શરીરનું ચૅકઅપ કરાવ્યું તો રિપોર્ટ આવ્યો કે તમારામાં શારીરિક કોઈ ખામી નથી... તમારામાં મા બનવાનાં તમામ લક્ષણો મૌજૂદ છે... એટલે હવે તમે તમારા શરીરનો રિપોર્ટ કઢાવો... પછી આગળ દવાદારૂ થઈ શકે...' એટલું બોલી તેણે મારી વધેલી ફાંદની નીચે ત્રાંસી નજરે જોયું... મારી છાતી ધડકી ગઈ, શરીરે પરસેવો વળી ગયો... અને મારો એક હાથ મારા ગળા પર ચાલ્યો ગયો... તે પળે જાણે મારું ગળું કોઈ ભીંસતું હોય તેવું લાગ્યું!

(સંપૂર્ણ)■

---

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ન તાતો ન માતાઃ આજથી શરૂ થતી ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ભવાની અષ્ટકમના ભાવ સમજીએ

## ભવાની-અષ્ટકમના આઠ શ્લોકમાં સમર્પણના બધા જ ભાવ જાણે વ્યક્ત થઈ ગયા છે

પ્રથમ શ્લોકમાં દરેક દેહધારી સાથેના સંબંધનો છેદ ઉડાડી દેવાયો છે. અહીં એ સ્થાપિત કરવામાં આવ્યું છે કે દુનિયાના કોઈપણ સંબંધ કામમાં નથી આવતા. સારી ગતિ માટે તો - મુક્તિ માટે તો મા ભવાનીનો જ આશરો છે. બીજા શ્લોકમાં સંસાર સાગર સાથે સંકળાયેલી તકલીફો તથા પરિસ્થિતિથી છૂટવા માટે સાદ કરાયો છે. અહીં વ્યક્તિ પોતાને આ ભવસાગરમાં કેવા કેવા દુઃખ છે, અને કામ, ક્રોધ, મદ જેવાં બંધનોમાં કેવી રીતે બંધાયો છે તે વ્યક્ત કરવામાં આવેલું છે.

ત્રીજા શ્લોકમાં પૂજા તથા ભક્તિ માટેની જે જે સ્થાપિત ક્રિયાઓ છે તેનાથી વિમુક્તિનો ભાવ દર્શાવાયો છે. અહીં જણાવવામાં આવે છે કે વ્યક્તિને દાન, ધ્યાન, પૂજા, મંત્ર, ન્યાસ - કશાનું જ્ઞાન નથી. આવા જ્ઞાનના અભાવમાં માત્ર ભક્તિપૂર્વકનું મા ભવાનીનું શરણ જ ઉપયોગી નીવડે. ચોથા શ્લોકમાં વિવિધ પ્રકારના દ્વન્દ્વથી મુક્ત થવાની ભાવના વ્યક્ત થાય છે. અહીં પણ કંઈક એવો જ ભાવ છે - એવી જ વાત છે. ફેર એટલો કે અહીં પાપ-પુણ્ય, લય-મુક્તિ જેવા દ્વન્દ્વનો સમાવેશ પણ જોવા મળે છે.

પાંચમા શ્લોકમાં પોતાના અશુભ કહી શકાય તેવા સ્વભાવનું વર્ણન કરાયું છે. અહીં વ્યક્તિ પોતાની કુ-પ્રકૃતિનું વર્ણન કરે છે. તે જણાવે છે કે પોતે કુસંગી, કુકર્મી, કુબુદ્ધિ, કુદ્રષ્ટિ તથા દુરાચારી છે. આવી પરિસ્થિતિમાં તેને તારનાર માત્ર મા ભવાની જ છે. છઠ્ઠા શ્લોકમાં ઈશ્વરના દરેક સ્વરૂપથી પોતાની અજાણતા જાણે વ્યક્ત કરાઈ છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર - બધાની અપેક્ષાએ ભવાની પ્રત્યેની ગતિ જ એક માત્ર શ્રેષ્ઠ બાબત છે તેમ દર્શાવવામાં આવ્યું છે. અહીં એમ પણ કહેવાયું છે કે સૂર્ય-ચંદ્ર તથા અન્ય દેવતા પણ વ્યક્તિની જાણમાં નથી, એ તો માત્ર ભવાનીને જ જાણે છે.

સાતમા શ્લોકમાં કેવી કેવી પરિસ્થિતિમાં મા ભવાનીનું રક્ષણ જરૂરી છે તે દર્શાવાયું છે. દરેક પ્રકારની ભાવાત્મક સ્થિતિમાં, દરેક પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિમાં તથા દરેક પ્રકારના સથવારા સાથે પણ સંસારની મુસાફરી મુશ્કેલ જ રહે છે તેમ જણાવાયું છે. અને તેથી સાથ તો મા ભવાનીનો - શરણું તો મા ભવાનીનું તેમ સ્થાપિત કરાયું છે. આઠમા અંતિમ શ્લોકમાં વ્યક્તિની દયાજનક તથા પામર સ્થિતિનું વર્ણન કરી તેમાંથી છુટકારા માટે વિનંતી કરાઈ છે.



અહીં અનાથ, દરિદ્ર, વૃદ્ધ, રોગી ,અશક્ત, રાંક જેવી લાચારી વાળી પોતાની સ્થિતિનું વર્ણન કરી મા ભવાનીને શરણ માટે પ્રાર્થના કરાય છે.

શંકરાચાર્ય દ્વારા નિર્ધારિત કરાયેલ આ ભવાન્યષ્ટકમ એક ઊર્જિત તથા સફળ પ્રાર્થના છે. અહીં સંસારનું વાસ્તવિક - ભૌતિક - કષ્ટદાયક વર્ણન પણ છે અને સંસાર સાથેના ભાવાત્મક સંબંધની માયાજાળ પણ દર્શાવવામાં આવી છે. અહીં ભક્તિના દરેક સ્વરૂપને તેની મર્યાદિતતા સાથે આલેખવામાં આવ્યું છે તો સાથે સાથે જેની ભક્તિ કરવામાં આવે છે એ પ્રત્યેક સ્વરૂપથી વિમુખ થઈ માત્ર ભવાનીની આરાધના - ભક્તિના પ્રાધાન્યને સ્થાપિત કરાયું છે. અહીં જન્મ સાથે બંધાયેલ પ્રત્યેક મહત્ત્વની દુઃખ તથા ત્રસ્ત સ્થિતિ જણાવવામાં આવી છે તો સાથે સાથે જીવનની દરેક પરિસ્થિતિ સાથે જોડાયેલી કઠિન સ્થિતિનું પણ વર્ણન કરાયું છે. આ અને આવી બધી બાબતોથી મુક્તિ માટે મા ભવાનીનું શરણું જ યોગ્ય અને શ્રેષ્ઠ છે તેમ અંતે સ્થાપિત કરવામાં આવે છે. માતાની ભક્તિ માટે આ એક અનેરી રચના છે.

શક્તિની આરાધના વિવિધ સ્વરૂપે થઈ શકે છે. સામાન્ય સમજ એમ પણ છે કે શક્તિની આરાધનામાં કાળા-જાદુનું અનેરું સ્થાન છે. અહીં માત્ર સ્મશાનમાં જઈને અઘોરી પ્રકારની સાધના કરીને તંત્ર સાધવામાં આવે છે, તે પ્રકારની માન્યતા પ્રવર્તે છે. આ માન્યતા સદંતર ખોટી છે. શક્તિની આરાધનામાં તંત્રનું મહત્ત્વ છે, પણ તેનાથી કાળા જાદુ જ સિદ્ધ કરવામાં આવે છે તે વાત સાવ ખોટી છે. શાક્ત સંપ્રદાયમાં ભક્તિ તથા જ્ઞાન, યોગ તથા નિષ્કામ કર્મનું પણ એટલું જ મહત્ત્વ છે. આ એક સાત્ત્વિક માર્ગ છે. અહીં પણ આધ્યાત્મના સાત્ત્વિક માર્ગનું અનુસરણ થાય છે. શક્તિની ઉપાસના લાલિત્ય સભર હોવા ઉપરાંત તેમાં નવધા ભક્તિના દરેક સ્વરૂપના સમાવેશની સંભાવના હોય છે.

વિશ્વની દરેક રચનામાં માની રચના સૌથી મીઠાશ ભરેલી હોય છે. મા એટલે વાત્સલ્યથી ભરપૂર, અપાર કરુણાથી તરબતર, અઢળક પ્રેમથી ઉભરાતી, સદાય કાળજી રાખતી, બાળકના પ્રત્યેક ગુના માફ કરવા માટે તૈયારી વાળી, સંતાનનું હંમેશાં શુભ ઈચ્છનારી, સંતાન સાચા માર્ગે જાય તે માટે સતત દોરવણી આપનારી અને સંતાનની ખાતર સર્વસ્વ ન્યોછાવર કરી દેનારી શક્તિ. આ શક્તિ જ સૃષ્ટિનું સંચાલન બળ છે, આ શક્તિ જ સૃષ્ટિના સર્જનની પ્રેરણા છે, આ શક્તિ જ સમય આવ્યે સૃષ્ટિમાં પ્રલય માટેનું નિમિત્ત બની શકે તેવું સત્ય છે.

બધું જ આ શક્તિને કારણે છે. બધું જ આ શક્તિ થકી છે. બધું જ આ શક્તિમાંથી છે. બધું જ આ શક્તિને આધારે છે - આમ તો ઘણું કહી શકાય. ટૂંકમાં કહીએ તો જે છે તે શક્તિ જ છે. શક્તિ જ દ્રશ્ય છે, શક્તિ જ દ્રષ્ટા છે અને શક્તિ જ દર્શન છે. ■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# તો મૃત્યુ તરી જશો!

ગત અંકમાં પરમાત્માની પ્રાપ્તિના માર્ગની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ મૃત્યુને તરવાની સાધના બતાવી રહ્યા છે, તે સમજીએ.

તેરમા અધ્યાયના આરંભમાં અક્ષર તત્ત્વના મહિમાગાન કર્યા પછી પુરુષોત્તમ તત્ત્વની વાત કરીને તેનું ફળ બતાવતાં ભગવાને કહ્યું, 'अति तरन्ति एव मृत्युम्' (૧૩/૨૫), તે સાધક મૃત્યુને તારી જાય છે.

પરમાત્મા જ સ્વતંત્રપણે સર્વ જગતનું કારણ છે. એ સનાતન સિદ્ધાંત છે. પરંતુ એ જ પરમાત્માની નિત્ય ઇચ્છાથી અક્ષર પણ તેમને આધીન વર્તતા સમગ્ર જગતનું કારણ બને છે. માટે અક્ષરબ્રહ્મ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે એ પણ સનાતન સિદ્ધાંત છે. આ અક્ષરબ્રહ્મ એટલે કે પ્રત્યક્ષ ભગવાન દ્વારા જ જગતનું સર્જન થાય છે. જે સમજાવતાં સ્વયં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ વ.ચ.ગ.પ્ર.૨૭માં કહે છે કે, આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં થાય છે,' એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહીં. અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.

જુદા જુદા સાધકોને આત્માની અંદર પરમાત્માના દર્શન જુદી જુદી રીતે થતાં હોય છે. જેમ કોઈને હિમાલય પર્વતની ટોચ પર પહોચવું હોય તો ત્યાં પહોચવા માટેના અનેક રસ્તાઓ છે. પરંતુ તેનું અંતિમ લક્ષ્ય તો હિમાલયની ટોચ જ છે. તેમ પરમાત્માને પામવા માટેની ઉપાસનામાં પણ અનેક રસ્તાઓ ભક્તો પોત પોતાની રુચિ મુજબ અપનાવે છે. કેટલાક ધ્યાનથી, કેટલાક સાંખ્ય જ્ઞાનથી, કેટલાક પરમાત્માના માહાત્મ્યજ્ઞાનથી, કેટલાક અષ્ટાંગયોગની સાધના દ્વારા અને કેટલાક કર્મયોગથી. પરંતુ લક્ષ્ય અને ફળ તો સમાન જ હોય છે. તેથી જ શ્રીકૃષ્ણ ભગવાન આ અંગે સમજ આપતા કહ્યું હતું કે કેટલાક(પરમાત્માનાં ઉપાસકો) આત્માથી પોતાના આત્મામાં રહેલા પરમાત્માને જુએ છે. અને અન્ય કેટલાક જ્ઞાનપ્રિય પરમાત્માના માહાત્મ્યજ્ઞાનરૂપી યોગથી પ્રકટ પરમાત્માના સ્વરૂપમાં સકલચિત્તવૃતિનો નીરોધ કરીને, પરમાત્મા માટે નિષ્કામ કર્મ કરીને કર્મયોગથી પરમાત્માને જુએ છે. અન્ય પરમાત્માનાં ભક્તો પોતાની રીતે વિવેચન કરીને જાણવા માટે અસમર્થ હોય તેઓ બ્રહ્મસ્વરૂપ ગુરુ થકી સાવધાનપૂર્વક સાંભળીને ભજે છે. આવી રીતે શ્રવણભક્તિ પારાયણ ભક્તો પરમાત્માની કૃપાથી અવશ્ય મોક્ષને પામે છે. અહીં યોગ એટલે પ્રકટ પરમાત્માના સ્વરૂપમાં બધી જ ચિત્ત વૃત્તિનો નિરોધ એટલે કે જોડવી. અહીં ઉપાસકની રુચિ પ્રમાણે ઉપાસનામાં ભેદ છે પરંતુ ફળ તો સમાન જ છે.



મૃત્યુને તરવાની આ અમૂલ્ય સાધના ભગવાન કૃષ્ણે બતાવી તો છે, પરંતુ તેની સિદ્ધિ સાધકના વિશ્વાસના સ્તર પર અવલંબે છે. ભગવાન અને ગુરુના વચનોમાં વિશ્વાસ જ આ અમૂલ્ય સિદ્ધિ સિદ્ધ કરી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજે એક સંકલ્પ કર્યો કે યમુનાના કાંઠે મંદિર કરવું છે. અને પ્રમુખસ્વામી મહારાજે તે વિચારમાં અપાર વિશ્વાસ મૂક્યો. તેને સાકાર કરવા તેઓએ ૩૨ વર્ષ સુધી જમીન સંપાદન માટે પ્રયત્ન કર્યો! આખરે જમીન મળી અને તેઓએ એક નૂતન વિચાર કર્યો કે ૫ વર્ષમાં આ જમીન ઉપર આપણે ભવ્ય અક્ષરધામ બાંધવું છે. અને તેઓએ તે વિચારને હજારો કારીગરો અને લાખો ભક્તોના હ્રદયમાં આરપાર ઉતાર્યો અને પરિણામ શું આવ્યું કે વિશ્વને રેકોર્ડ ટાઈમમાં સર્જાયેલી એક આધુનિક અજાયબીની ભેટ મળી, દિલ્હી સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ. જેને ગિનિસ વર્લ્ડ રેકોર્ડે વિશ્વનું સૌથી મોટું હિન્દુ મંદિર તરીકેનું બિરુદ આપ્યું છે.

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજની મોટી વિશેષતા તો એ હતી કે તેઓએ ભગવાન અને ગુરુના વચનોમાં વિશ્વાસ લાવીને અનેકના જીવનપટ પર કરી ઉજ્જ્વળ પરિવર્તનની ક્રાંતિ આણી છે, આવો આપણે પણ પ્રભુને પ્રાર્થીએ કે ભગવાન ને ગુરુમાં વિશ્વાસ જીવનમાં આરપાર ઉતરે અને મહાન ભાવિનું નિર્માણ થાય. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચિંતન

હેમુ-ભીખુ
mahendra.punatar@bombaysamachar.com

# પરમ સત્ય છે જગતનું કારણ



બ્રહ્મસૂત્રનું આ સત્ય છે. જગતના આધારને, જગતના કારણને અહીં પરમ સત્ય તરીકે નિર્દેશિત કરાયું છે. સાથે સાથે આ પરમ સત્ય આનંદ સ્વરૂપ પણ છે તેમ પણ સ્થાપિત કરાયું છે. સત્ય આનંદ સ્વરૂપ છે અને પરમ આનંદનો આધાર સત્ય છે - અને આ તત્ત્વ તે બ્રહ્મ.

સ્વાભાવિક છે કે બ્રહ્મસૂત્રમાં કેન્દ્રસ્થાને બ્રહ્મ હોય. વાસ્તવમાં સમગ્ર સનાતની આધ્યાત્મિક પરંપરાના કેન્દ્રમાં બ્રહ્મ છે. ઉપનિષદોમાં જણાવ્યા પ્રમાણે જે જોતું નથી પણ જેના કારણે જોઈ શકાય છે, જે બોલતું નથી પણ જેના કારણે બોલી શકાય છે, જે વિચારતું નથી પણ વિચારવાની પ્રક્રિયા તેની હાજરીને કારણે જ સંભવ બને છે; તે બ્રહ્મ છે.

જે ધબકતું નથી પણ ધબકારનું જે કારણ છે, જેને સ્મૃતિ નથી પણ જેને કારણે સ્મૃતિ સંભવ બને છે, જે કાર્યરત નથી પણ સૃષ્ટિનું દરેક કાર્ય જેને કારણે અસ્તિત્વમાં આવે છે, જે સર્જન કરતું નથી પણ જેને કારણે સર્જન સંભવી શકે છે, જે કર્તા નથી પરંતુ કર્તાપણું જેને કારણે અસ્તિત્વમાં આવે છે; તે બ્રહ્મ છે. આ પ્રકારની ધારણા થકી જ બ્રહ્મની ઓળખ થઈ શકે.

સમગ્રતાનુ કારણ હોવા છતાં તે કશાનું કારણ નથી. તે અલિપ્ત છે. બધા સાથે તેનો સંબંધ હોવા છતાં તે સર્વ પ્રકારના સંબંધથી પર છે. પોતે નિર્ગુણ હોવા છતાં સમગ્ર ગુણાત્મક સંસારના અસ્તિત્વ પાછળનું કારણ છે. પોતે નિરાકાર હોવા છતાં તેની અધ્યક્ષતા હેઠળ દરેક આકાર, દરેક રંગ, દરેક રૂપનું સર્જન થયા કરે છે. સમય, સ્થળ અને સ્થિતિથી તેનું અસ્તિત્વ પર હોવા છતાં તે આ ત્રણેયના સર્જનનું કારણ બની રહે છે. નિષ્ક્રિય રહીને પણ તે તેના અધિકાર ક્ષેત્રમાં કર્મના સિદ્ધાંતની તરફેણ કરે છે.

હોવા છતાં તે દેખાતું નથી. સર્જનમાં તે મૂળભૂત છે છતાં વર્તાતું નથી. સૌથી નજીક - ચારે બાજુ હોવા છતાં તેના વિશે માત્ર ધારણા કરવી પડે છે. તેની અધ્યક્ષતાની - સત્તાની પ્રતીતિ થવા છતાં તે અધ્યક્ષને પ્રત્યક્ષ નથી કરી શકાતો. તેની આવી જ પ્રકૃતિને કારણે તે જગતનો આધાર હોવા છતાં જાણે સમગ્ર જગતથી ભિન્ન હોય તે રીતે વર્તાય છે. તેની ઓળખ અઘરી છે. તે બુદ્ધિના ક્ષેત્રની બહારનો વિષય છે. તે ઇન્દ્રિયગામી નથી અને મનની પહોંચમાં પણ નથી. તેના દ્વારા સર્જાયેલ કોઈપણ બાબત તેને સમજવા સમર્થ નથી. આમ પણ સર્જન ક્યારેય સર્જકનો તાગ ન મેળવી શકે.

બ્રહ્મ સર્જક છે. બ્રહ્મ પોષક છે. પ્રેરણા પણ તે છે અને ચાલક પણ તે જ છે. સમય આવે તે સંહારક બની જાય છે. જે સૃષ્ટિનું તે ક્ષણભરમાં સર્જન કરવા સમર્થ છે તે જ સૃષ્ટિનો તેટલા જ સમયગાળામાં સંહાર કરવા પણ તે સક્ષમ છે. નથી તેને સર્જન પ્રત્યે લગાવ કે નથી તેને સંહાર પ્રત્યે અ-લગાવ.

તેની માટે માત્ર હોવાપણું છે. તે સ્વયંનો આધાર છે. તેને અસ્તિત્વ માટે કોઈપણ અવલંબનની જરૂર નથી. તે સ્વયંનું કારણ છે. તે પોતે જ પોતાની માટે પુરુષ છે અને સાથે સાથે તે પોતે જ પોતાની પ્રકૃતિ પણ છે. તેનું સમગ્ર અસ્તિત્વ તેનામાં જ સમાયેલું છે. તે સ્વયંમાંથી ઉદ્‌ભવે છે - અથવા તો સ્વયંના ઉદ્‌ભવ પહેલા પણ તેનું અસ્તિત્વ હતું અને સ્વયંના લય પછી પણ તેનું અસ્તિત્વ કાયમ રહેશે. જે સર્વથા, સદાકાળ શાશ્વત છે. તે નિત્ય, અખંડ, અનંત, અનાદિ છે. તે પૂર્ણ છે અને પૂર્ણતાનો પર્યાય પણ.

તેના સ્વભાવને જ આધ્યાત્મ કહેવાય છે. તેની નિર્દોષતા અને તેની પ્રકૃતિના પ્રભાવને કારણે સૃષ્ટિનું સર્જન થાય છે. આ સર્જન પાછળ નથી હોતો કોઈ હેતુ, આ તો બસ થઈ જાય છે. નાના નિર્દોષ બાળક દ્વારા આચરવામાં આવેલ ચેષ્ટા સમાન પ્રક્રિયાથી ઉદ્‌ભવતી આ સૃષ્ટિ છે. પરંતુ તેના પાલનમાં અને સંહારમાં નિર્દોષતા નથી, નિયમો છે, સિદ્ધાંત છે, સત્ય છે, ધર્મ છે, વિવેક છે અને સાતત્યતા છે. સર્જનમાં કશું જ નિયંત્રણની બહાર નથી. આ નિયંત્રણ બ્રહ્મનો અધિકાર પણ છે અને તેની ફરજ પણ.

સૃષ્ટિનું એવું એક પણ અસ્તિત્વ નહીં હોય કે જેની પર તેની નજર ન હોય, છતાં પણ તે કશું જોતો નથી. સૃષ્ટિમાં એવું એક પણ કાર્ય સંભવી ન શકે કે જેમાં તેની મંજૂરી ન હોય, છતાં પણ પ્રત્યેક કાર્ય માત્ર પ્રકૃતિના નિયમોને આધારે જ અસ્તિત્વમાં આવે છે. સૃષ્ટિમાં એવું એક પણ પરિણામ ન હોય કે જેની પર તેની મહોર ન લાગી હોય, છતાં પણ તે બ્રહ્મ ક્યારેય પરિણામ-લક્ષી નથી.

સૃષ્ટિની દરેક વિવિધતા તેને કારણે ઉદ્‌ભવતી હોય તો પણ તે એક રસ અને એક રૂપ છે. ખંડ ખંડમાં વિભાજિત થયેલું લાગતું તેનું અસ્તિત્વ અખંડ હોય છે. તે સમરસ હોવા છતાં તેને કારણે ઉદ્‌ભવતા સૃષ્ટિના તમામ તત્ત્વોમાં ભિન્નતા વણાયેલી હોય છે. નાશવંત સૃષ્ટિના આધાર સમું તે બ્રહ્મ શાશ્વત હોય છે.

સત્ય સ્વરૂપ હોવા છતાં તેના જ સામ્રાજ્યમાં ક્યારેક અસત્ય સ્થાપિત થતું લાગે છે. પોતે આનંદ સ્વરૂપ હોવા છતાં તેના સંસારમાં દુઃખનો પડછાયો પણ દેખાતો હોય છે. સર્વજ્ઞ દ્વારા પ્રેરિત આ સૃષ્ટિમાં અજ્ઞાનનું પણ અસ્તિત્વ છે. જન્મનું કારણ હોવા સાથે તે મૃત્યુનું નિમિત્ત પણ છે. આવો જણાતો વિરોધાભાસ એ સૃષ્ટિ માટેનું અજ્ઞાન તથા સૃષ્ટિમાં પ્રવર્તમાન પ્રપંચનું પરિણામ છે. બ્રહ્મ તો દરેક પ્રકારના દ્વન્દ્વથી પર છે. અહીં નથી કોઈ પ્રકારનો ભેદ કે નથી કોઈ ઘટના માટે તરફેણ. જ્યાં બધું એકત્વને પામેલું હોય ત્યાં કોઈપણ પ્રકારની ભિન્નતા શક્ય નથી. બ્રહ્મ એકત્વનું પ્રતિનિધિ છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# નાગાજણ નારી રચિત મરશિયા કવિતા

ચારણી સન્નારી, આઈ રચિત દુહા કે કવિત સાહિત્ય બહુધા પીડાગાન છે. પરિસ્થિતિની, દારુણ-દુર્નિવાર વેદનશીલ અપસ્થિતિની અભિવ્યક્તિ દુહા રૂપે અવતરી. એને ગુજરાતી સાહિત્યની કવયિત્રી શૃંખલાના તેજસ્વી મણકા માનવા પડે એવા છે. એ માત્ર કવિતા જ નથી, પણ ભારતીય નારીના રોષ, ખમીર, ખુમારી, અડગ-અટલ મનોવૃત્તિ અને ભાવનાશીલ જીવન મૂલ્યોના જીવંત દૃષ્ટાંતો છે.

સોરઠમાં જૂનાગઢ નજીકના દાત્રાણા ગામની ઘટના છે. ગામમાં નાગાજણ નામે ચારણ દંપતી રહે. થોડી ઘણી જમીન અને ખેડવા માટે એક સાથી. જુવાન દંપતી જીવન પ્રસન્નતાથી પસાર કરતા. નાગાજણની પત્નીને ચારણ આઈમા તરીકે સહુ સંબોધે. એનું મીઠું ગળું, ધોળ-કિરતન, લગ્નગીતોથી આખા પંથકમાં જાણીતું. ચારણઆઈ કોઈના મૃત્યુવેળાએ મરશિયા પણ એવી રીતે ગાતા કે સાંભળનાર સ્તબ્ધ થઈ જતા. ભાઈબંધોએ કહેલું કે નાગાજણ તું તો ભારે ભાગ્યશાળી. તારા મોત પછી આઈ જે મરશિયા ગાશે એ તો કહેણી તરીકે યાદગાર બની રહેશે. તે દિવસથી નાથાજણના મનમાં પોતાના મરશિયા ચારણ આઈના મુખે સાંભળવાની અભરખા જાગેલી.

શિયાળાની ઋતુ હતી. ખેડનું બહુ કામ હતું નહીં એટલે નાગાજણ ચારણે આઈને કહ્યું, હું બે-ત્રણ કામ છે તે જુનાણે જઈ આવું. કહીને શિરામણ કરીને નીકળ્યો. સીમમાં ખેતરે રોંઢા સુધી કામકાજ કર્યું અને દિ આથમવા આવ્યો એટલે સાથીને કહે કે હું પાછળથી સીમમાંથી ઘરની પાછળના વાડામાં સીધો સંતાઈ જઈશ. તું આઈને કે જુનાણેથી વળતા આવતા ગઢવીને એરુ આભડી ગ્યો છે. હું ગામ લોકોને લઈને લાવવાની ગોઠવણ કરું છું. સાથીએ સાંજના ટાંણે ઘેર આવી આમ કહ્યું ત્યાં આટલી વાત ખેડુ સાથી પાસેથી સાંભળતા જ ચારણ આઈએ લાંબો ઘૂમટો તાણી, માથે કાળી કામળી ઓઢીને નાગાજણના મરશિયા દુહા બોલતાં-બોલતાં રુદન કરીને ગામ ગજવી દીધું. વાડાની વખારમાં નીરણ આડો સંતાઈને નાગાજણ મોજથી મરશિયા સાંભળતો રહ્યો. આઈએ ગાયું કે -

*'ચડિયું ચાક બંબાળ, દશ્યું દાત્રાણાનાં ધણી*
*નાગાજણ ગિરનાર, ખળભળિયો પાડાના ધણી..'* ૧
*'ગઢવી ગળબથ્થે હવે, નાગાજણ મળશે નહીં*
*રમતિયાળ રમે દીપક, ગો દાત્રાણા ધણી..'* ૨



હે દાત્રાણા ગામના ધણી ચારણના સાડાત્રણ પાડાના ધણી તારા જવાથી દિશાઓ ચકરાવા લાગી અને ગરવો ગિરનાર ખળભળી ઊઠયો. હે દાત્રાણાના ગઢવી નાગાજણ સંબંધી સ્નેહીઓને ગળે વળગાડીએ બથ ભરીને તું હવે ક્યાં મળવાનો. હે ગો-કૂળના દીપક અમને રમતા મૂકીને- અમારી જીવતરની રમત અધૂરી મૂકીને તું ક્યાં નીસરી ગયો.

*'સૂતો સૌ સંસાર, સાયર જળ સૂવે નહીં*
*ઘટમાં ઘૂઘરમાળ, નાખીને નીસર્યો નાગાજણ..'* ૩
*'ગઢવી બીજે ગામ, અધઘડી આહેરતું નહીં*
*નાગાજણનું નામ, દુરલભ થિયું દાત્રાણા ધણી..'*૪

સંસારીઓ થોડો સમય જંપી જાય, પરંતુ સમુદ્રને જરા પણ જંપ હોતો નથી. હે નાગાજણ મારા હૈડામાં આવી અજંપ ઘૂઘરમાળ નાખીને તું હાલી નીકળ્યો. હે દાત્રાણા ધણી નાગાજણ ગઢવી તમને બીજે ક્યાંય અર્ધી ક્ષણ પણ સોરવતું - ગમતું નહીં. હવે એવું મળવું - હળવું દુર્લભ થઈ ગયું.

*'શઢ સાબદો કરે, નાગાજણ હંકાર્યું નહીં*
*એનો માલમી ગયો મરે, સફરી શણગારેલી રિયું..'* ૫
*'મ જાણ મીઠપ સેં, તું ખપીએ ખારાં*
*ભાડાતને ભાડાં નશાં દેવા નાગાજણાં..'* ૬

હે નાગાજણ ચારણ, જીવતરની નૌકાના શઢ ચડાવીને તેં જીવનસફરની બધી તૈયારીઓ આદરી અને તૈયાર કરેલું - શણગારેલું વહાણ હવે તારા જવાથી નોંધારું ગઈ ગયું. હે નાગાજણ તું એમ ન સમજતો કે હવે મને જીવતરમાં કંઈ મીઠાશ રહેશે. તારા જવાથી જીવતર ખારું થઈ ગયું. દેહના ભાડાં તો આત્મરૂપી ભાડૂતે દેવા પડશે. પણ માત્ર જીવતર જીવવાનું.

*'ભાંગ્યું ભાડ ચડે, વાણ વસિયાતું તણું*
*આધો પંથ આવે, નાગલ તુટ્યું નાગાજણાં..'* ૭
*'સૂતો સોડય તાણી, બોલાવ્યો બોલે નહીં*
*હોંકારો નવ દિયે, નાગાજણ નીંભર થિયો..'* ૮

હે નાગાજણ તારું જીવતર પરદેશી વહાણવટુ ખેડનારા વણજ વેપારી જેવું હતું. અર્ધે માર્ગે નાગલા-દોરડા તુટી ગયા, હવે હું ક્યાં આથડીશ. ઊંડી-મોટી સોડય તાણીને મોટી નિંદરમાં પોઢેલા મારા ધણી મને તું હોંકારો ભણતો નથી - હે નાગાજણ તું આવો કઠોર કેમ થયો.

એક પછી એક દુહાબદ્ધ મરશિયા ગાતી અને ઘેરા સાદે રુદન કરીને રડવડતી નાગાજણની પત્ની ચારણ આઈના મરશિયાથી ગામ હિબકે ચઢયું હતું. બધા ઘેરા શોકમાં ડૂબી ગયેલા. લાંબો ઘૂમટો તાણીને હૈયાફાટ રુદન કરતી ચારણ આઈના મરશિયા એમાંનો ભાવ, એમાંથી વતો ઊંડો શોક અને કરુણરસનું વાતાવરણ રચાણું. માંડ-માંડ આઠ દુહાના મરશિયા નાગાજણ સાંભળી શક્યો. એની છાતીમાં પણ ડૂમો ભરાણો. એનાથી વધુ સાંભળવાની હિંમત ન રહી. પછવાડે પછીતે ઊભાં-ઊભાં અંધારામાં એની આંખમાંથી પણ આંસુ દડી પડયા. ભારે પગલે ફળિયામાં, ઓસરીમાં ને પછી ઓરડામાં થાંભલીનો ટેકો લઈને કૂટતી ચારણ આઈના ઘૂમટા ઉપરની લોમડી-કાળી કામળી ઉતારતા બોલ્યોઃ

'હાંઉ કરો આઈ, મું જીવતો જ છું. આ તો મારા મરશિયા હાંભળવા માટે જુગતી કરીને ખરખરાના ખબર મોકલેલા. ચારણ આઈ મોઢું ફેરવી ગઈ અને બોલી, ચારણીયાણીની ઠેકડી કરી, ગઢવી તમે આવું કાળું કામ મારી સામે કર્યું. મેં તમને મરેલા જાણી, મરશિયા કીધા તમારા. હવે મારા માટે તમે કાયમ મડદું જ. તમારું મોઢું નહીં જોવ ક્યારેય...નહીં વાત કરું હવે. જય માતાજી.'

કહેવાય છે કે, દાત્રાણા ગામમાં જીવ્યા ત્યાં સુધી ચારણનું મોઢું જોયું નહીં. એની સાથે વાતચીત પણ નહીં કરેલી. એની ખાવાની સામગ્રી ઓરડામાં મૂકી દે. ઘૂમટો તાણીને આખી જીંદગી મોઢામોઢ ન થયા અને ક્યારેય વાતું પણ ન કરી. ચારણ આઈનું આવું સત, આવું આકરું ટેકીલાપણું એક મોટી કથા બની ગઈ.

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# હું ચાહું છું કે હિરણ્યાક્ષ તમે દેવગણો પર આક્રમણ કરી સ્વર્ગલોકને જીતી પૃથ્વીને પાતાળલોકમાં લઈ જાવ

(ગતાંકથી ચાલુ)

હિરણ્યાક્ષ અને તેની પત્ની રુસભાનું નવજાત બાળકને લઈ રાજ મહેલ પહોંચે છે. રાજવૈદ્ય નવજાત બાળકને જોવા રાજમહેલ પધારે છે. તેઓ હિરણ્યાક્ષ અને રાણી રુસભાનુંને જણાવે છે કે તેમનો પુત્ર અંધ છે. હિરણ્યાક્ષ કહે છે, 'હે મહાદેવ, મારી ભક્તિમાં શું કમી હતી કે તમે આપેલા વરદાનનો પુત્ર અંધ હોય. જો મારો પુત્ર અંધ નીકળ્યો અને મારી સાથે છેતરપિંડી થઈ હશે તો હું સમસ્ત પૃથ્વીને રસાતાળ કરી દઈશ.' કૈલાસ ખાતે માતા પાર્વતી ભગવાન શિવને પૂછે છે, 'સ્વામી હું જાણવા માગું છું કે તમારા મદ-જલ (પરસેવા)થી ઉત્પન્ન થયેલ બાળક કેવું હશે.' તેના જવાબમાં ભગવાન શિવ કહે છે, 'દેવી મદ-જલ(પરસેવો) શ્રમ, ગરમી, ભય કે ક્રોધ દ્વારા અશુદ્ધ તત્ત્વને લઈને નીકળતો હોવાથી આ બાળક મહાપરાક્રમી અસુરીવૃત્તિ ધરાવતો હશે અને તેમની ઉત્પત્તિ વખતે થયેલા અંધકારથી એ અંધ છે. અંધ બાળક મળવાથી હિરણ્યાક્ષની આસુરીવૃત્તિ પરાકાષ્ઠાએ જશે અને તેને મળનારા સંસ્કારને કારણે અંધક સૃષ્ટિમાં વિનાશ સર્જશે. નિયમિત રીતે સારવાર બાદ પણ બાળકનું અંધત્વ દૂર કરી શકાતું નથી. બાળક અંધ હોવાથી દરેક જણ તેને અંધક તરીકે બોલાવે છે. અંધક અંધ હોવાથી નગરનાં અન્ય બાળકો તેની ઉપેક્ષા કરતા હતા, કોઈ પણ રમતમાં તેને રમડતા ન હતાં, એકલતાથી તેનું મન અસુરીવૃત્તિ તરફ વધતું જતું હતું, અંધકને અવાજ આવી રહ્યો હતો કે થોડે દૂર અન્ય બાળકો મટકાફોડ ખેલ રમી રહ્યા છે. તે ત્યાં પહોંચી રમાડવા માટે કહે છે, અન્ય બાળકો એવું વિચારે છે કે અંધક શું માટલું ફોડવાનો? એટલે તેઓ અંધકની આંખ પર પટ્ટી બાંધે છે અને રમતની મધ્યમાં તેને દાંડો આપી ઊભો રાખે છે. અંધકની આસુરીવૃત્તિ તેના મસ્તકમાં ચાલી રહી હોય છે. એક બાળક હંમેશાં અંધકની ઠેકડી ઉડાવતો હોવાથી અંધક તેનો અવાજ સાંભળીને તેની તરફ ઉછળે છે અને તેના મસ્તક પર એ દંડાનો પ્રહાર કરે છે. બાળકના માથા પર દંડો પડતાં જ બાળક ગંભીરરૂપે જખ્મી થાય છે અન્ય બાળકો આ જોઈ ભાગી જાય છે અને અંધક પોતાની આસુરીવૃત્તિની શરૂઆત કરી હિરણ્યાક્ષ પાસે પહોંચે છે.

અંધકઃ 'પિતાશ્રી હું અન્ય બાળકો સાથે મટકાફોડ રમતો હતો અને એ દરમિયાન મારાથી ભૂલમાં એક બાળકના મસ્તક પર દંડો મરાતાં એ જખ્મી થયો છે એની તુરંત સારવાર કરવામાં આવે.'

***



દિવસે ને દિવસે અંધકની આસુરીવૃત્તિ વધતી જઈ રહી હતી. અસુરમાતા દિતી અંધકની અસુરીવૃત્તિ જોવા તેમના મહેલ પર પધારે છે. માતા દિતી અંધકને જોઈ અત્યંત પ્રસન્નતા અનુભવે છે અને કહે છે

માતા દિતીઃ 'પુત્ર હિરણ્યાક્ષ તમે અસુર માતાના પુત્ર છો તમે તમારા પિતાના માર્ગે ચાલીને મારી મહેચ્છાને પૂર્ણ વિરામ મૂકી દીધો છે. હું ચાહું છું કે હવે તમારો પુત્ર અંધક યુવાન થઈ ગયો છે તમારે નગરની જવાબદારી આપીને દેવગણો પર આક્રમણ કરી સ્વર્ગલોક જીતી પૃથ્વીને પાતાળલોકમાં લઈ જવી જોઈએ, જેથી દરેક પૃથ્વીવાસીઓ તમારા દાસ બની જાય.

હિરણ્યાક્ષઃ 'જેવી આજ્ઞા માતા.'

માતાની આજ્ઞા લઈ હિરણ્યાક્ષ સમસ્ત સંસારના અસુરોને જમા કરે છે અને પ્રથમ સ્વર્ગલોક પર આક્રમણ કરે છે. સ્વર્ગલોક ખાતે દેવગણો ખૂબ ખંતથી યુદ્ધ કરે છે પણ અસુરોની સંખ્યાથી ગભરાઈને આસ્તે આસ્તે દેવગણો પલાયન થવા માંડે છે. દેવરાજ ઇન્દ્ર જોઈ રહ્યા છે દેવગણોની સંખ્યા ઓછી થઈ રહી છે એટલે તેઓ પણ સ્વર્ગથી પલાયન કરે છે. સ્વર્ગલોક પર વિજય મળવાથી હિરણ્યાક્ષ અને અસુરોનું મનોબળ ખૂબ ઊંચું થઈ જાય છે. સ્વર્ગલોક પર મળેલા વિજયથી હિરણ્યકશ્યપુ પણ ગેલમાં આવી જાય છે અને તે પૃથ્વીલોક પર ઋષિ-મુનીઓ પર આક્રમણ કરી તેમને રંજાડે છે. ત્યારબાદ સ્વર્ગલોકના અસુરો પણ પૃથ્વીલોક પર આવી દમન કરે છે. પૃથ્વીવાસીઓ ત્રાહિમામ પોકારે છે. હિરણ્યાક્ષ પોતાને મહાકાયરૂપમાં પરિવર્તિત કરે છે અને પૃથ્વીને પાતાળમાં લઈ જવાની કોશિશ કરે છે પણ પૃથ્વી નીચે જતી નથી. હિરણ્યાક્ષને અસુરગુરુ શુક્રાચાર્ય સમજાવે છે કે જ્યાં સુધી કૈલાસ પર્વત પૃથ્વી પર છે ત્યાં સુધી પૃથ્વીને પાતાળલોક લઈ જવાશે નહીં. હિરણ્યાક્ષ કૈલાસ પર્વતને પોતાના હાથે સ્થિર રાખી પૃથ્વીને નીચેની તરફ ધકેલે છે. એમાં તેને સફળતા મળતાં કૈલાસ સ્થિર રહે છે અને તે પૃથ્વીને પાતાળલોક લઈ જવામાં સફળ થાય છે.

સમસ્ત દેવતાગણ ભગવાન વિષ્ણુની આરાધના કરે છે. ભગવાન વિષ્ણુ તુરંત પરાક્રમી યજ્ઞમય વિકરાળ વારાહમય શરીર ધારણ કરી લાંબા મુખથી અનેક પ્રકારે પૃથ્વીને વિદીર્ણ કરીને પાતાળ લોકમાં પહોંચે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુનું વિકારળ રૂપ જોઈ અસુરો ગભરાઈ જાય છે, ભગવાન વિષ્ણુ પોતાના વજ્રના પ્રહારથી કરોડો અસુરોને ઘમરોળી નાખે છે. આ જોઈ હિરણ્યાક્ષ ત્યાં આવી પહોંચે છે તે જુએ છે કે કોઈ વરાહરૂપી તેને લલકારી રહ્યું છે. હિરણ્યાક્ષ પોતાનાં અસ્ત્રો સાથે ભગવાન વિષ્ણુ પર આક્રમણ કરે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ કરોડો સૂર્યો સમાન પ્રકાશમાન સુદર્શન ચક્રથી હિરણ્યાક્ષના પ્રજ્વલિત મસ્તકને કાપી લે છે અને ત્યાં રહેલા કરોડો અસુરોને સળગાવીને ભસ્મ કરે દે છે. ત્યાં કોઈ અસુર ન બચવાથી કોઈ સામે દેખાતું નથી વરાહરૂપી લાંબા મુખવાળા ભગવાન શ્રીહરિ વિષ્ણુ પોતાના બે દાંત વચ્ચે પૃથ્વીને ઊંચકીને બહાર લાવે છે અને ફરી એની જગ્યાએ પ્રસ્થાપિત કરે છે.

***

પૃથ્વીલોક ફરી પ્રસ્થાપિત થતાં દેવરાજ ઇન્દ્ર અને દેવગણો ફરી સ્વર્ગલોક પહોંચે છે અને રાજકારભાર સંભાળી લે છે. બીજી બાજુ અસુર પક્ષે હિરણ્યાક્ષના માર્યા જવાથી હિરણ્યકશ્યપુ શોકમાં ક્રોધથી રાતો-પીળો થઈ જાય છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુને તે પોતાના શત્રુ માનવા માંડે છે અને પોતાના અસુરોને આદેશ આપે છે કે વિષ્ણુને પોતાના આરાધ્ય માનનારી પ્રજા અને ઋષિ મુનીઓને પ્રતાડિત કરવામાં આવે. સંહારપ્રિય અસુર સ્વામીની આજ્ઞાને માથે ચઢાવી ઋષિ અને માનવોનો વિનાશ કરવા લાગ્યા. બીજી બાજુ તેણે વિચાર કર્યો કે 'હું અજય, અજર અને અમર થઈ જાઉં, મારું જ એકછત્ર રાજ રહે અને મારો પ્રતિદ્વન્દી કોઈ જ ન રહે' એમ વિચારી મંદરાચલ પર્વત પર તપસ્યા કરવા ગયો. ત્યાં એક ગુફામાં બ્રહ્માજીની અત્યંત ઘોર તપસ્યા કરવા લાગ્યો.

## કવર સ્ટોરી (છઠ્ઠામા પાનાનું ચાલુ)

અને નવા વર્ષની શુભ શરૂઆત માટે પ્રાર્થના કરવા મંદિરોની મુલાકાત લે છે.

મહારાષ્ટ્ર અને ગોવામાં ચૈત્ર પ્રતિપદાનો શુભ દિન ગૂડીપડવા અથવા સંવત્સર પડવા રૂપે મનાવાય છે. તેનો શાબ્દિક અર્થ છે નવા વર્ષનો પ્રથમ દિવસ એટલે કે 'સંવત'. આ દિવસથી ઉત્તરભારતમાં ચૈત્રી નવરાત્રીની ઘટ સ્થાપના સાથે નવરાત્રી પર્વ ઉજવવાની શરૂઆત થાય છે. મરાઠી નવા વર્ષ ગૂડીપડવાનું નામ બે શબ્દોના સાયુજ્ય પરથી પડ્યું છે - 'ગૂડી', જેનો અર્થ હિંદુ દેવ બ્રહ્માનો ધ્વજ અથવા પ્રતીક અને 'પડવો' એટલે ચંદ્રના ચરણનો પ્રથમ દિન, જે આ તહેવારની શરૂઆતનું પ્રતીક છે. મહારાષ્ટ્રમાં આ તહેવારનું અનેરું મહત્ત્વ છે, અને પ્રત્યેક ઘરની બારી પર કાષ્ઠના દંડ પર તાંબાના લોટની ગૂડી, મરાઠી પરંપરાગત સાડીના ધ્વજ સહિત શોભાયમાન દેખાય છે. તેની વિધિવત પૂજા કરીને નવા વર્ષની શુભકામના કરવામાં આવે છે.

સિંધી સમુદાય દ્વારા મનાવવામાં આવતો ચેટી ચંડ, આ વર્ષે ચૈત્ર શુક્લ પ્રતિપદાના દિવસ સાથે મનાવશે. 'ચૈત્ર' મહિનાને સિંધીમાં 'ચેત' કહેવાય છે. અને ચંદ્રનો અપભ્રંશ ચંડ એટલે 'ચૈત્રી ચંદ્ર'નો અપભ્રંશ થઈને ચેટી ચંડ થયું. આમ તો આ દિવસ ચૈત્ર માસના શુક્લ પક્ષની દ્વિતીય તિથિએ મનાવાય છે. પરંતુ આ વર્ષે ચંદ્રની સ્થિતિ મુજબ તે પ્રતિપદા સાથે ઉજવાશે. આ દિવસે સિંધી સમુદાયના આરાધ્ય દેવ ઝૂલેલાલનું પ્રાગટ્ય થયું હોવાથી તેમના માટે આ તેમનું નવું વર્ષ ગણાય છે. કેટલાક વિદ્વાનોના મતે, સિંધના શાસક મિરખશાહે તેની પ્રજા પર અત્યાચાર કરવાનું શરૂ કર્યું હતું, જેના કારણે સિંધી સમુદાયે ૪૦ દિવસ સુધી સખત જાપ, તપસ્યા અને ધ્યાન કર્યું. ત્યારે ભગવાન ઝુલેલાલ સિંધુ નદીમાંથી એક વિશાળ નર માછલી પર બેઠેલા પ્રગટ થયા અને કહ્યું કે હું ૪૦ દિવસ પછી જન્મ લઈશ અને લોકોને મિરખશાહના અત્યાચારોથી મુક્ત કરીશ. ચૈત્ર માસના બીજા દિવસે એક બાળકનો જન્મ થયો જેનું નામ ઉડેરોલાલ રાખવામાં આવ્યું હતું. તેમના ચમત્કારોને કારણે, પાછળથી તેમને સિંધી સમુદાય દ્વારા ઝુલેલાલ, લાલસાઈના નામથી અને મુસ્લિમો દ્વારા ખ્વાજા ખિઝર જિંદાહ પીરના નામથી પૂજવા લાગ્યા. ચેટીચાંદના દિવસે ભક્તો બહિરાણા સાહેબ બનાવે છે. શોભાયાત્રામાં લોકો 'છેજ' (જે ગુજરાતના દાંડિયા જેવું લોકનૃત્ય છે) સાથે ઝુલેલાલની પ્રશંસામાં ગીતો ગાય છે. તાહિરી (મીઠા ભાત), છોલે (બાફેલી મીઠું ચડાવેલું ચણા) અને શરબતનો પ્રસાદ વહેંચવામાં આવે છે. બહિરાણા સાહેબનું સાંજે વિસર્જન કરવામાં આવે છે. ■

## જીવનનું અમૃત (છઠ્ઠામા પાનાનું ચાલુ)

"જો જગતમાં ભરતનો જન્મ ન થાત, તો પૃથ્વી પર સંપૂર્ણ ધર્મોની ધૂરાને કોણ ધારણ કરત? હે રઘુનાથજી! કવિકુળ માટે પણ અગમ્ય ભરતજીના ગુણોની કથા આપના સિવાય બીજા કોણ જાણી શકે?

ભગવાન શ્રીરામની અને દેવોની આ વાણી જો ભરતજીએ સાંભળી હોત તો તેમની વેદના અવશ્ય ઓછી થઈ હોત, પરંતુ તેમ થવું હજુ બાકી છે."

પ્રભુ રામના દૂરથી જ દર્શન પામીને ભરતજી તો ભાવવિભોર બની ગયા. ભરત, શત્રુઘ્ન અને નિષાદરાજ ત્રણેય લગભગ દોડતા-દોડતા પ્રભુ રામની પર્ણકૂટિ તરફ આગળ વધે છે અને પહોંચીને શું કરે છે?

सानुज सखा समेत मगन मन । बिसरे हरष सोक सुख दुख गन ।।
पाहि नाथ कहि पाहि गोसाई । भूतल परे लकुट की नाई।।

रामचरितमानस : अ.का. : दो-२४०-१

"નાના ભાઈ શત્રુઘ્ન અને નિષાદરાજ સાથે ભરતજીનું મન મગ્ન બની ગયું છે. હર્ષ-શોખ, સુખ-દુઃખ આદિ સર્વ ભૂલી ગયા. 'હે નાથ! રક્ષા કરો. હે ગોસાઈ! રક્ષા કરો' એમ કહીને ભરતજી દંડની જેમ પૃથ્વી પર પડી ગયા."

તે વખતે લક્ષ્મણજી પ્રભુ રામને કહે છે :

कहत सप्रेम नाइ माहि माथा । भरत प्रनाम करत रघुनाथा ।।
उठे रामु सुनि प्रेम अधीरा । कहुँ पट कहुँ निषंग धनु तीरा ।।

रामचरितमानस : अ.का. : दो.२४०-४

"લક્ષ્મણજીએ પ્રેમ સહિત પૃથ્વી પર મસ્તક નમાવીને કહ્યુંઃ 'હે રઘુનાથજી! ભરતજી પ્રણામ કરે છે!' આ પ્રમાણે સાંભળતાં જ રઘુનાથજી પ્રેમમાં અધીર બની ગયા. ક્યાંક વસ્ત્ર પડ્યું, ક્યાંક ભાથો, ક્યાંક ધનુષ અને ક્યાં બાણ!"

ભગવાન શ્રીરામનો પોતાનો પ્રત્યેનો આવો અપ્રતિમ પ્રેમ જોઈને ભરતજીની અડધી વેદના અને અડધો સંકોચ તો દૂર થઈ ગયા, પરંતુ તેમાંથી સર્વથા મુક્ત થવાનું હજુ બાકી છે.

તદનંતર ચિત્રકૂટમાં અનેક સભાઓ થઈ. જનકપુરથી મહારાજ જનક અને મહારાણી સુનયનાજી પણ પધારે છે. ખૂબ સભાઓ, મુલાકાતો, ચર્ચાઓ, વિચારણા થઈ, પણ ભરતજીની ઈચ્છા પૂરી ન થઈ. ભરતજીની ઈચ્છા હતી પ્રભુ રામ અયોધ્યા પધારે અને અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન થાય.

અનેક સભાઓમાં અપરંપાર ચર્ચા-વિચારણાના અંતે ભગવાન શ્રીરામની ઈચ્છા પ્રમાણે આ પ્રમાણે નક્કી થયું :

૧. રામ- લક્ષ્મણ-સીતા ચૌદ વર્ષ વનવાસ કરે.
૨. આ ચૌદ વર્ષ દરમિયાન ભરત- શત્રુઘ્ન શ્રીરામના પ્રતિનિધિ તરીકે અયોધ્યાનું શાસન સંભાળે.
૩. ચૌદ વર્ષ પરિપૂર્ણ કરીને શ્રીરામ-લક્ષ્મણ-સીતાજી અયોધ્યા પધારે.
૪. તે વખતે ભગવાન શ્રીરામનો રાજ્યાભિષેક થાય.

પ્રભુ રામની આજ્ઞા પ્રમાણે ચિત્રકૂટના સર્વતીર્થોની યાત્રા સંપન્ન કરીને ભરતજી હવે સર્વ અયોધ્યાવાસીઓ સાથે અયોધ્યા જવા તૈયાર થાય છે (જુઓ પાનું ૬)

# ગુજરાતની આઠ બેઠકો પર ક્ષત્રિયો મજબૂત

કિરીટ ઉપાધ્યાય

અમદાવાદ: ગુજરાતમાં ૧૯૮૫માં માધવસિંહ સોલંકીએ ખામ થિયરી એટલે કે ક્ષત્રિય-ઠાકોર('કે' ), શિડ્યુલકાસ્ટ (એચ), આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ(એ) તથા મુસ્લિમો (એમ)ને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવીને સર્જેલા ઐતિહાસિક વિજય સાથે જ્ઞાતિ આધારિત સમીકરણો અને ઉમેદવારો નક્કી કરવાનો ચીલો ચાતરવામાં આવ્યો હતો ત્યારબાદની આજ સુધીની તમામ ચૂંટણીઓમાં જ્ઞાતિના ચૂંટણી સમિકરણોને કૉંગ્રેસ હોય કે ભાજપ બન્નેએ મન કમને પણ સ્વીકારીને જ ચૂંટણીની વૈતરણી પાર કરવી પડી છે.

ભાજપે ૧૯૯૫ બાદ તત્કાલિન ભાજપના પાટીદાર નેતા કેશુભાઇ પટેલ અને ક્ષત્રિય નેતા શંકરસિંહ વાઘેલાએ સાથે મળીને પીએચએકે (પક્ષ-પટેલ , દલિત, આદિવાસી અને ક્ષત્રિય) થિયરી ગોઠવીને ભાજપને સત્તા સ્થાને પહોંચાડી હતી. ૧૯૮૫થી ૧૯૯૫ સુધીની તમામ ચૂંટણી સમીકરણોની થિયરીમાં ક્ષત્રિય જ્ઞાતિનું મહત્ત્વનું સ્થાન રહ્યું હતું પરંતુ પટેલ અને વાઘેલાની પક્ષના સમીકરણમાંથી રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગે વિવાદાસ્પદ નિવેદનથી રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજ ભાજપથી વ્યૂહાત્મક રીતે દૂર જઇ રહ્યો છે.

પાટીદાર આંદોલન બાદ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં રિસાયેલા પાટીદારોને લીધે ૧૯૯૫ બાદ ભાજપને ૧૮૨ બેઠકોમાંથી પહેલીવાર ૯૯ બેઠકો સાથે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. હવે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ક્ષત્રિયો રિસાયા છે. ગુજરાતમાં ૭૦ લાખથી વધુ મતદારો ધરાવતા ક્ષત્રિય સમાજને લીધે ભાજપને સૌરાષ્ટ્ર-કચ્છની આઠમાંથી ઓછામાં ઓછી છ બેઠકો પર નુકસાન થઇ શકે છે. જ્યારે મધ્ય ગુજરાતની વડોદરા અને આણંદ બેઠક પર પણ નારાજગીનું નડતર રહી શકે છે.

સૌરાષ્ટ્રમાં ક્ષત્રિય સમાજના આંદોનલનું એપી સેન્ટર બનેલા રાજકોટની લોકસભા બેઠક પર સૌથી વધુ ૧૭ ટકા જેટલા ક્ષત્રિય મતદારો છે.

ક્ષત્રિય સમાજની આંખની શરમ ધરાવનારી બીજી જ્ઞાતિઓ રાજપૂતો સાથે કદમ તાલ કરે તો આ બેઠક પર ભાજપના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલાને મોટુ નુકશાન કરી શકે છે. સમાજના આંદોલનમાં પણ અગ્રણીઓ દ્વારા હવે બીજા સમાજના આગેવાનોને જોતરીને ટેકો લેવામાં આવી રહ્યો છે. જોકે રાજકોટ લોકસભા મતવિસ્તારમાં ૨૦.૯૦ લાખમાંથી પાટીદારના સાત લાખ, કોળીના દોઢ લાખ, દલિતના દોઢ લાખ, મુસ્લિમના દોઢ લાખ, વણિક-બ્રાહ્મણ-રઘુવંશી અને સોનીના ત્રણ લાખ મતો છે.

પુરષોત્તમ રૂપાલા સામે ફૂંકાયેલા આંદોલનના બ્યૂગલની અસર રાજકોટ બેઠક બાદ સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર જોવા મળી રહી છે. આ બેઠક ક્ષત્રિયોના રાજકીય વજનના બીજા ક્રમે આવે છે. અહીં ૧૪ ટકા મતદારો ક્ષત્રિય સમાજના છે.

આંદોલનની સૌથી વધુ સભા-સંમલનો સુરેન્દ્રનગર-વઢવાણમાં થઇ રહ્યાં છે.આ બેઠક હેઠળની સુરેન્દ્રનગર, દસાડા, લીંબડી, ધંધૂકા અને વિરમગામ વિધાનસભા બેઠકો પર ઉમેદવારની હારજીત નક્કી કરી શકે તેવા ક્ષત્રિય મતદારોની સંખ્યા છે.

અધૂરામાં પૂરું અહીં પહેલીવાર ભાજપે તળપદા કોળી સમાજને બદલે ચૂંવાળીયા કોળી સમાજના ચંદુ શિહોરાને મેદાનમાં ઉતાર્યા હોવાથી આ બેઠક પર પાંચ લાખથી વધુ મતદારો ધરાવતો તળપદા કોળી સમાજ રિસાયેલો છે જ્યારે કૉંગ્રેસે અહીં તળપદા સમાજના રાજકીય મોભી ગણાતાં કુટુંબના ઋત્વિક મકવાણા પર પસંદગી ઉતારતા ભાજપ માટે મુશ્કેલીમાં વધારો જોવા મળી રહ્યો છે.

સુરેન્દ્રનગર બેઠક બાદ કચ્છ બેઠક પર ક્ષત્રિય મતદારોની સંખ્યા ૧૦ ટકા જેટલી છે જે આ અનામત બેઠક પર અસર પાડી શકે છે. જ્યારે જામનગર બેઠક પર પણ ૧૦ ટકા ક્ષત્રિય મતદારોનો રોષ આંદોલન દરમિયાન બહાર આવી રહ્યો છે. સૌથી મોટી મુશ્કેલી ભાવનગરમાં જોવા મળી શકે છે. અહીં પણ લગભગ ૧૦ ટકા જેટલા ક્ષત્રિય મતદારો છે. દોઢ દાયકા પહેલા ભાજપના ક્ષત્રિય નેતા રાજેન્દ્રસિંહ રાણાને પડતા મૂક્યાં બાદ આજ સુધી કોરાણે મૂકવામાં આવ્યા હોવાનો પડઘો તાજતરમાં આંદોલનના ભાગરૂપે યોજાયેલા ક્ષત્રિય સંમેલનોમાં પડ્યો હતો. આ બેઠક કૉંગ્રેસ આમ આદમીને ફાળવી હોવાથી કૉંગ્રેસથી રિસાયેલા ક્ષત્રિયો હવે આપને ફાયદો કરાવી શકે છે. પોરબંદર બેઠક પર રાજપૂત સમાજ ભાજપના ઉમેદવાર ડો. મનસુખ માંડવીયાને ઝાઝું નુકસાન કરી શકે તેવું લાગતું નથી કારણ કે અહીં ક્ષત્રિય મતદારોની સંખ્યા પાંચ ટકા જેટલી છે જ્યારે ભાવનગરનાં પડખે આવેલી અમરેલી લોકસભા બેઠક પર પણ આંદોલનની વધારે અસર જોવા મળી રહી છે. જૂનાગઢ બેઠક પર ઝાઝુ નુકસાન થાય તેવું વર્તાતુ નથી.

સૌરાષ્ટ્ર સિવાય મધ્ય ગુજરાતમાં આણંદ અને વડોદરા બેઠકો પર પણ ક્ષત્રિય સમાજનાં મતનું વજન વધારે મળી રહ્યુ છે. ભાજપ માટે છેલ્લી ઘડી સુધી ઉમેદવારોની આખરી પસંદગીના મામલે મૂંઝવણ પેદા કરનારી વડોદરા લોકસભા મત વિસ્તારમાં આઠથી નવ ટકા જેટલા ક્ષત્રિય મતદારો છે. જ્યારે કૉંગ્રેસનાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અને આણંદ બેઠકના ઉમેદવાર અમિત ચાવડા માટે આ વખતે ક્ષત્રિયોની મદદ મળી શકે એવા માહોલ ક્ષત્રિય આંદોલનથી સર્જાયો છે. આણંદ બેઠક ૧૨ ટકા જેટલા નોંધપાત્ર ક્ષત્રિય મતદારો ધરાવે છે. ■

# ૯મીએ કેસરિયા ઝંડા અને મજબૂત દંડા સાથે ગાંધીનગર કમલમનો ઘેરાવો કરીશું: રાજ શેખાવત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજનું આંદોલન રૂપાલા વિરુદ્ધ દિવસેને દિવસે વધુ ઉગ્ર બની રહ્યું છે. ગુજરાતભરમાં છઠી એપ્રિલે ક્ષત્રિય સમાજના લોકો રોડ પર ઊતરી આવ્યા હતા. આ વચ્ચે કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે સોશિયલ મીડિયા મારફત ગુજરાત ભાજપના મુખ્ય કાર્યાલય ગાંધીનગર કમલમનો ઘેરાવો કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૯મી એપ્રિલના રોજ બપોરે બે વાગ્યે કમલમનો ઘેરાવો કરવામાં આવશે એવું જણાવ્યું હતું

રાજ શેખાવતે સોશિયલ મીડિયામાં એક વીડિયોમાં જણાવ્યું છે કે ભાજપના ઉમેદવાર રૂપાલા વિરુદ્ધ સમગ્ર સમાજ દ્વારા ઠેર-ઠેર વિરોધપ્રદર્શન કરવામાં આવી રહ્યું છે છતાં પણ ન્યાય મળતો નથી. જેને જે સમજવું હોય એ સમજી લે, હવે આ માન-સન્માનની લડાઈ છે. એક રાજકીય વ્યક્તિ દ્વારા વિવાદાસ્પદ ટિપ્પણી કરવામાં આવે છે. ઠેર-ઠેર વિરોધપ્રદર્શન છતાં પણ ભાજપ દ્વારા સમાજની માગને ન્યાય આપવામાં આવતો નથી, તેથી આપણે સૌ સાથે મળી ગાંધીનગર પ્રદેશ કાર્યાલય ખાતે ૯મી એપ્રિલના રોજ બપોરે બે વાગ્યે સંમેલન માટે ભેગા થઈએ. આ ઘેરાવ હોય, આક્રોશ હોય કે રજૂઆત હોય, સંમેલન માટે ભેગા થઈએ. જેને જે સમજવું એ સમજી લે. આ માન-સન્માનની લડાઈ છે. ગાંધીનગર ખાતે કેસરિયા ઝંડા અને દંડા સાથે આવજો. દંડો મજબૂત લઈને આવજો. જેને જે સમજવું હોય એ સમજી લે. જેને જે ભાષામાં જવાબ જોઈએ એ ભાષામાં જવાબ આપીશું. ગુજરાતનાં ગામેગામથી લાખોની સંખ્યામાં લોકો કમલમ ખાતે ઉપસ્થિત રહે. તમામ લોકોને મારી વિનંતી છે કે આ મેસેજ સોશિયલ મીડિયા મારફત લોકો સુધી પહોંચાડવામાં આવે. ■

# રૂપાલા સામે સાવલી બાદ ગળતેશ્વર તાલુકાના સાગોલ ગામનો ક્ષત્રિય સમાજ આકરા પાણીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાનો ક્ષત્રિય સમાજ વિરુદ્ધ ટિપ્પણી કરવાનો વિવાદ ગામડાઓમાં પણ વકર્યો છે. વડોદરાના સાવલી બાદ ખેડા જિલ્લામાં પણ રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજ દ્વારા ઠેરઠેર રૂપાલાની ટિકિટ રદ્દ ન કરે ત્યાં સુધી ભાજપના આગેવાનો અને કાર્યકરો પર ગામમાં પ્રવેશ પર બંધી લગાવતાં બેનરો લગાવવામાં આવ્યા છે.

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સાગોલ ગામનો ક્ષત્રિય સમાજ આકરા પાણીએ નજરે પડી રહ્યો છે. સાગોલ ગામમાં રૂપાલાની ટિકિટ રદ્દ ન કરે ત્યાં સુધી ભાજપના આગેવાનો કાર્યકરોને ગામમાં પ્રવેશ પર પ્રવેશ બંધી કરતાં બેનરો ઠેર ઠેર લગાવવામાં આવ્યા છે. ભાજપના દિગ્ગજ નેતાઓમાં ગણાતા કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલા હાલ કપરા સમયથી પસાર થઇ રહ્યા છે. પુરુસોત્તમ રૂપાલા સામે સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજે બાયો ચઢાવી છે. ત્રણ ત્રણ વખત રુપાલાએ સમાજની માફી માગી છે પરંતુ સમાજ માફી આપવાના મિજાજમાં નથી લાગી રહ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે સાવલીમાં રૂપાલાની ટિકિટ રદ ન થાય તો ભાજપના કાર્યકરોએ અને આગેવાને ગામમાં પ્રવેશવું નહીં તેવા બેનર સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. હવે ગળતેશ્વર તાલુકાના સાગોલ ગામનો ક્ષત્રિય સમાજ પણ આકરા પાણીએ નજરે પડી રહ્યો છે.

આ ઉપરાંત ગાંધીનગરના પેથાપુરમાં પુરુશોત્તમ રૂપાલાના વિરોધમાં બેનર લાગ્યાં હતાં. તેમાં ભાજપથી વેર નહી રૂપાલાની ખેર નહીં ના મહિલાઓએ રોડ પર આવી સૂત્રોચાર કર્યા છે. તેમજ અંબોડમાં ક્ષત્રિયોએ રૂપાલાના પૂતળાનું દહન કર્યું હતું. ■

# દાહોદ લોકસભા બેઠક પર ભાજપના જસવંતસિંહ અને કૉંગ્રેસના પ્રભાબેન તાવિયાડ વચ્ચે ટક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ લોકસભા બેઠક ૧૯૫૭માં અસ્તિત્વમાં આવી હતી. ૧૯૬૨ અને ૧૯૬૭માં દાહોદ બેઠક અનુસૂચિત જાતિ (એસસી) ઉમેદવાર માટે અનામત બેઠકમાં રૂપાંતરિત થઈ હતી. ત્યાર બાદ ૧૯૬૭માં દાહોદ બેઠક પુનઃ અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે અનામત બની હતી જે આજ સુધી યથાવત રહી છે. દાહોદ જિલ્લાની વસતિ મોટે ભાગે ગ્રામીણ છે, અને એમાંના મોટા ભાગના આદિવાસી લોકો છે. દાહોદ જિલ્લા ભારતમાં દાઉદી વ્હોરા સમાજની બીજા નંબરની સૌથી મોટી વસતિ ધરાવે છે. આ બેઠક પર ૨૦૦૯માં કૉંગ્રેસનાં પ્રભાબેન તાવિયાડ જીત્યાં હતાં. એ પછીની બે ટર્મમાં ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી લહેર વચ્ચે ભાજપના જસવંતસિંહ ભાભોરે સીટ મેળવી હતી. આ વખતે ભાજપે જસવંતસિંહ ભાભોરને ત્રીજીવાર ટિકિટ આપી છે, જ્યારે કૉંગ્રેસે ફરી પ્રભાબેન તાવિયાડને મેદાનમાં ઉતાર્યાં છે. દાહોદ લોકસભા બેઠક કૉંગ્રેસે નવ વખત જ્યારે ભાજપને માત્ર ચાર વાર જીત મળી છે. દાહોદ બેઠક હેઠળ સંતરામપુર, ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, દેવગઢ બારિયા આવે છે. ૨૦૦૪ લોકસભાની ચૂંટણીમાં ભાજપે માત્ર ૩૬૧ મતથી જીત હાંસલ કરી હતી.

દાહોદ લોકસભા બેઠક અત્યાર સુધીમાં કૉંગ્રેસે નવ વાર જીત મેળવી છે. દાહોદ લોકસભા બેઠક પર કૉંગ્રેસે પહેલીવાર ૧૯૬૭ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. આ ચૂંટણીમાં કૉંગ્રેસમાંથી બી.આર. પરમાર ચૂંટણી લડી રહ્યા હતા. બી.આર. પરમારે એસડબ્લ્યુએ પક્ષના એલ. બી. પટેલને હરાવીને જીત મેળવી હતી. ૧૯૭૭થી ૧૯૯૮ સુધી કૉંગ્રેસ સતત આ બેઠક પર જીત મેળવતી હતી. જ્યારે વર્ષ ૧૯૯૯ની ચૂંટણીમાં દાહોદ લોકસભા બેઠક પર ભાજપની પહેલીવાર જીત થઈ હતી. છેલ્લી બે ટર્મથી આ સીટ ભાજપ પાસે છે. દાહોદ બેઠક પર ભાજપને માત્ર ચાર વાર જીત મળી છે. વર્ષ ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપ પહેલીવાર દાહોદ લોકસભા બેઠક પર જીત મેળવી શક્યો હતો. ભાજપના ઉમેદવાર બાબુભાઈ કટારાએ કૉંગ્રેસના ઉમેદવાર સોમજીભાઈ ડામોરને હરાવ્યા હતા. એ પછી વર્ષ ૨૦૦૪, ૨૦૧૪ અને ૨૦૧૯માં દાહોદ લોકસભા બેઠક પર ભાજપની જીત થઈ હતી. વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે કૉંગ્રેસના ઉમેદવાર બાબુભાઇ કટારાને હરાવ્યા હતા. આ વખતની ચૂંટણીમાં ભાજપે ફરી એકવાર જશવંતસિંહ ભાભોરને દાહોદ બેઠક પર ઉમેદવાર બનાવ્યા છે. દાહોદ વિસ્તાર આદિવાસીઓનો વિસ્તાર છે. આદિવાસી મતદારો કાયમ આ બેઠક પર નિર્ણાયક રહ્યા છે. આ લોકસભા બેઠકમાં કુલ ૧૮.૭૧ લાખ મતદારોમાંથી ૧૩ લાખ જેટલા આદિવાસી મતદારો છે. જ્યારે બક્ષીપંચ મતદારોની સંખ્યા ૨.૮૦ લાખ છે. અન્ય મતદારો ૧.૫૧ લાખ છે.

દાહોદ બેઠક પર વર્ષ-૨૦૦૪માં યોજાયેલી ચૂંટણી સૌથી રોમાંચક રહી હતી. ૨૦૦૪માં ગુજરાતમાં ગોધરાકાંડની અસરો અને કેન્દ્રમાં ઈન્ડિયા શાઇનિંગ કેમ્પેન વચ્ચે યોજાઈ હતી, જેમાં ભાજપે ત્રીજીવાર બાબુભાઈ કટારાને ઉતાર્યા હતા. કૉંગ્રેસે ડો. પ્રભાબેન તાવિયાડને ઉમેદવાર બનાવ્યાં હતાં. ૨૦૦૪માં ભાજપ અને કૉંગ્રેસ સાથે સોમજી ડામોર ભારતીય નવશક્તિ પાર્ટીમાંથી અને સીપીઆઈ (એમ) તરફથી સીગજીભાઈ કટારા ચૂંટણી લડ્યા હતા. ૨૦૦૪માં મોટે પાયે રાજકીય ઊથલપાથલ વચ્ચે માત્ર ૪૨.૭૧ ટકા મતદારોએ મતદાન કરી ચૂંટણીજંગને રોચક બનાવ્યો હતો. ભાજપના બાબુભાઈ કટારાને કુલ ૨,૨૮,૧૫૪ (૪૪.૦૬ ટકા) મત પ્રાપ્ત થયા હતા. કૉંગ્રેસનાં ડો. પ્રભાબેન તાવિયાડને ૨,૨૭,૭૯૩ (૪૩.૯૯ ટકા) મત પ્રાપ્ત થયા હતા. ભાજપ-કૉંગ્રેસ વચ્ચેના આ રોમાંચક જંગમાં ભારતીય નવશક્તિ પાર્ટીના સોમજી ડામોરના ૪૫,૫૯૭ (૮.૮૧ ટકા) મત અને સીપીઆઈ (એમ)ના સીગજીભાઈ કટારાના ૧૬,૩૦૧ (૩.૧૫ ટકા) મતે પરિણામ બદલ્યું હતું. આ જંગમાં ભાજપના બાબુભાઈ કટારા માંડ-માંડ ૩૬૧ મતે જીત્યા હતા. ■

# રૂપાલાના નિવેદનના વિવાદ વચ્ચે પ્રચારની રણનીતિ ઘડવા કૉંગ્રેસની બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા લોકસભા બેઠક પર કૉંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે ક્ષત્રિય સમાજના પાદરાના પૂર્વ ધારાસભ્ય જશપાલસિંહ પઢિયારને લોકસભાની ચૂંટણીમાં મેદાને ઉતાર્યા છે. હવે જશપાલસિંહ પઢિયાર ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરવાના હોવાથી ચંદ્રકાંત શ્રીવાસ્તવના ઘરે પ્રચારની રણનીતિ ઘડવા કૉંગ્રેસની મહત્ત્વની બેઠક યોજાઈ હતી.

પુરુષોત્તમ રૂપાલાના નિવેદન વચ્ચે કૉંગ્રેસ પોતાના ઉમેદવારને લોકસભાની ચૂંટણીમાં જીત અપાવવાની તૈયારીઓમાં લાગી ગયું છે. જેના ભાગરૂપે રવિવારે વડોદરા લોકસભા બેઠકના કૉંગ્રેસ ઉમેદવાર જશપાલસિંહ પઢિયારના પ્રચારની રણનીતિ ઘડવા વડોદરા લોકસભા પ્રભારી ચંદ્રકાંત શ્રીવાસ્તવના ઘરે કૉંગ્રેસની મહત્ત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં કૉંગ્રેસ ઉમેદવાર જશપાલસિંહ પઢિયાર, શહેર કૉંગ્રેસ પ્રમુખ, કોર્પોરેટરો, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા.

આમ લોકસભા ચૂંટણીમાં પહેલીવાર કૉંગ્રેસ એકજૂટ દેખાઈ હોય તેવી ચર્ચા શરૂ થઇ હતી. એકબીજાના કટર હરીફો કૉંગ્રેસના ઉમેદવારને જીતાડવા એક થયા હતા. ક્ષત્રિય બહુમતી વિસ્તાર ધરાવતા પાદરા તાલુકામાંથી ચૂંટાયેલા જશપાલસિંહે ફોર લેન રોડ તેમજ પાણીની યોજનાના અમલ માટે ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાની પણ ચીમકી આપી હતી. તેઓ શાંત અને સૌમ્ય પ્રતિભા ધરાવે છે. પરંતુ તેમનો મત વિસ્તાર વડોદરા લોકસભામાં આવતો નહિં હોવા છતાં તેમને વડોદરા લોકસભાની બેઠક માટે ઉમેદવાર જાહેર કરાયા છે. જેનો અર્થ કૉંગ્રેસે ક્ષત્રિય મતો અંકે કરવા માટે પાસુ ફેંક્યું હોય તેમ મનાય છે.

વડોદરા બેઠક પર પુરુષ મતદારોની સંખ્યા નવ લાખ ૯૧ હજાર ૧૦૯ જ્યારે મહિલા મતદારોની સંખ્યા નવ લાખ ૫૦ હજાર ૨૪૪ સહિત કુલ ૧૯ લાખ ૪૧ હજાર ૫૮૩ મતદારો ભાવિ સાંસદનું ભવિષ્ય નક્કી કરશે. દલિત, પાટીદાર, ઓબીસી, મુસ્લિમ, રાજપૂત, બ્રાહ્મણ મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવી જાય છે. વડોદરામાં જ્ઞાતિવાદી સમીકરણમાં દલિત ૧૬ ટકા, પાટીદાર ૧૪ ટકા, ઓબીસી ૧૨ ટકા, મુસ્લિમ ૧૨ ટકા, રાજપૂત ૧૧ ટકા, બ્રાહ્મણ ૧૦ ટકા, અન્ય ૧૫ ટકા મતદારો છે. હવે આ બેઠકની રણનીતિ મુજબ કૉંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં વડોદરા બેઠક જીતવામાં કેટલું સફળ રહેશે તે તો પરિણામના દિવસે જ ખબર પડશે. ■

# મા નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમાનો આજથી પ્રારંભ: ૮મી મે સુધી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મા નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા ૮મી એપ્રિલ સોમવારથી શરૂ થઈ ૮મી મે, ૨૦૨૪ સુધી ચાલશે. પરિક્રમામાં આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમાનો રૂટ પણ યથાવત રહેશે. પરિક્રમા શરૂ થવાના પૂર્વ સ્થળ પર જઈ રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ, શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી, પ્રાયોજના વહીવટદાર, તાલીમી આઈએએસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, નાયબ માહિતી નિયામક સહિત બંન્ને તરફના ઘાટ ખાતેના નોડલ-સહનોડલ અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ જોડાયા હતા. નાવડી સંચાલકો અને શ્રદ્ધાળુઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીના પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા કરી કેટલાંક સૂચનો કર્યા હતાં. પરિક્રમા અર્થે આવતા ભાવિક ભક્તોને અપીલ કરતા જણાવ્યું હતું કે, આ પરિક્રમા ૮મી એપ્રિલથી શરૂ થવાની છે ત્યારે અહીં આવતા શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા શરૂ કરે અને શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા પૂર્ણ કરીને જાય. વહીવટી તંત્ર દ્વારા પૂરતી માત્રામાં નાવડીઓની સુવિધા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ માટે નાવડી સંચાલન, પાર્કિંગ, આરોગ્ય, સલામતી, છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ બેબી ફિડિંગ રૂમ, કન્ટ્રોલરૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ■

# જીટીયુની કૉલેજમાં માસ કોપી કેસમાં એન્જિનિયરિંગના ૧૦૦ વિદ્યાર્થીઓ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની જીટીયુની કૉલેજમાં પ્રથમવાર સરકારી કોલેજમાં માસ કોપી કેસની ઘટના બની હતી. સરકારી કોલેજ હોવાથી ટેક્નિકલ એજ્યુકેશન વિભાગને આની જાણ કરવામાં આવી છે. વિદ્યાશાખાના ૧૫૧ જેટલા વિદ્યાર્થીઓ સામે ગેરરીતિનો કેસ કરવામા આવ્યો છે. ડિપ્લોમાં એન્જિનિયરિંગમાં સૌથી વધુ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ સામે કોપી કેસ કરવામાં આવ્યો છે.

સરકારી કૉલેજ હોવાથી ટેક્નિકલ એજ્યુકેશન વિભાગને આની જાણ કરવામાં આવી છે. જીટીયુની પરિક્ષા પૂર્ણ થતાં જ ઉત્તરવહી અને સીસીટીવીની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમવાર વ્યારાની સરકારી ડિપ્લોમાં કૉલેજના વિદ્યાર્થીઓએ માસ કોપી કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. સામાન્ય રીતે આ પ્રકારની પરીક્ષાઓમાં અત્યાર સુધી સ્વનિર્ભર ઇજનેરી કૉલેજોમાં લેવાતી પરીક્ષાઓમાં માસ કોપીના કેસો બહાર આવતાં હોય છે. પરંતુ પહેલી વખત વ્યારામાં આવેલી સરકારી પોલિટેકનિકમાં આ પ્રકારની ઘટના બહાર આવી હતી. સૂત્રોના કહેવા પ્રમાણે પરીક્ષા પૂરી થાય બાદ ઉત્તરવહી ચકાસણી દરમિયાન અધ્યાપકના ધ્યાનમાં વ્યારા પોલિટેકનિક કૉલેજના ડિપ્લોમા ઇજનેરીના સેમેસ્ટર -૧ના વિદ્યાર્થીઓએ માસ કોપી કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતુ. રાજયની સૌથી મોટી ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા ડિપ્લો-ડિગ્રી ઇજનેરીની પરીક્ષાઓ લેવામાં આવી હતી. કોપી કેસમાં સંડોવાયેલા કૉલેજ સેન્ટર ઇન્ચાર્જ, જુનિયર સુપરવાઈઝર, ખંડ નિરીક્ષકને તેમજ વિદ્યાર્થીઓને હિયરિંગમાં બોલાવાશે. ■

# અંબાજી મંદિરમાં ચૈત્રી નવરાત્રીને પગલે દર્શનનો સમય બદલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સમયમાં થોડોક ફેરફાર કરવામાં આવ્યો છે. ૯મી એપ્રિલથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ૯મી એપ્રિલથી ૧૬મી એપ્રિલ સુધી મંદિરના સમયમાં ફેરફાર કરાયો છે.

વર્ષમાં બે વખત નવરાત્રી આવતી હોય છે, તેને પગલે ભકતોનો ભારે ધસારો રહેતો હોય છે, મંગળવારથી ચૈત્રી નવરાત્રીની શરૂઆત થઈ રહી છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આરતી, રાજભોગ,દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે, મંદિરમાં આરતી સવારે સાત વાગ્યે, દર્શન ૭.૩૦ થી ૧૧.૩૦ અને બપોરે ૧૨.૩૦ થી ૪.૩૦ સુધી કરી શકાશે, જ્યારે સાંજે સાત વાગ્યે આરતી, ૭:૩૦ થી ૯ વાગ્યા સુધી મંદિર દર્શન માટે ખુલ્લું રહેશે. ■

# સુરતમાં અલગ-અલગ વિસ્તારમાં બે બાળકના ઝાડા-ઊલટી બાદ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના અલગ-અલગ વિસ્તારમાં રહેતા બે બાળકોના ઝાડા-ઊલટી થયા બાદ મોત નીપજ્યા હતા. સચિનમાં છ મહિનાનું બાળક અને પાંડેસરામાં પાંચ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતુ.

સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુરના વતની અને હાલમાં સુરતના સચિન લક્ષ્મીનગર પાસે પરિવાર સાથે રહેતા પરિવારના પુત્ર વીરાટ ગુપ્તા (ઉં.વ.છ મહિના)ને તાવ આવ્યો હતો અને બાદમાં ઝાડા ઉલટી થયા હતા. જે બાદ મરોલી હેલ્થ સેન્ટર ખાતેથી દવા પણ લીધી હતી પરંતુ બાળકની તબિયત વધુ લથડતાં તેને સારવાર માટે સિવિલ હૉસ્પિટલ લાવવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પર હાજર તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો. બીજા બનાવમાં મૂળ ઓરિસ્સાના વતની અને હાલમાં સુરતના પાંડેસરા વિસ્તારમાં ક્રિષ્ના નગર પાસે લુમ્સના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓની પાંચ વર્ષની પુત્રીને ઝાડાઊલટી થયા બાદ તેની તબિયત વધુ લથડી ગઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હૉસ્પિટલ લઈ આવતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. પોતાના વ્હાલસોયા બાળકોના મોતને લઈને પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો હતો. ■

# નવસારીમાં અત્યંત નશીલા બુબા કુશ ગાંજા સાથે ત્રણ આરોપી ઝડપાયા

અમદાવાદ: નવસારીમાં એક લાખથી વધુની કિંમતના વિશિષ્ઠ પ્રકારના સૌથી વધુ ડિમાન્ડ ધરાવતા ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. એસઓજીએ ત્રણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આરોપીઓ નવસારીમાં છેલ્લા બે વર્ષથી વેચાણ માટે આવતા હોવાની વિગતો તપાસમાં બહાર આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ નવસારી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે એમડી ડ્રગ્સના સમકક્ષ ભાવે અને સૌથી વધુ ડિમાન્ડ ધરાવતા બુબા કુશ હાયબ્રિડ ગાંજા સાથે ત્રણને ઝડપી પાડી તપાસ કરતા સુરતથી લાવી નવસારીમાં છેલ્લા બે વર્ષથી વેચાણ માટે આવતા હોવાની વિગતો બહાર આવી હતી. જેમાં મરોલી ચેકપોસ્ટ પાસેથી ૩૨ ગ્રામ ગાંજા સાથે બાઇકસવાર બેની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ જથ્થો ઉપલબ્ધ કરાવનાર સુરતનો સેમસન ઉર્ફે સેમ સાયમન કરાસકોની પણ કાર સાથે ધરપકડ કરવામાં આવી હતી. નવસારી શહેરમાં રહેતા રાહુલ જાના (ઉં.વ.૨૧) અને આકાશ આહીર (ઉં.વ.૨૩) જેઓ નવસારી શહેરની એક કોલેજમાં અભ્યાસ કરતા હોવાનું તપાસમાં બહાર આવ્યુ છે. ■

# અમદાવાદની હૉસ્પિટલમાં દર્દીનું મૃત્યુ નીપજતાં ડૉક્ટરને માર માર્યો

અમદાવાદ: શહેરના સરખેજ વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં એક દર્દીને સારવાર માટે લાવવામાં આવ્યો હતો. દરમિયાન દર્દીનું હોસ્પિટલમાં આવતાં જ મૃત્યુ નીપજ્યું હતું છતાં ડોકટરે સીપીઆર આપી બચાવવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમ છતાં દર્દી બચી શક્યો નહોતો, આથી દર્દી સાથે આવેલાં ચાર સગાંવહાલાં ઉશ્કેરાયાં હતાં અને ડોકટરની સાથે ગાળાગાળી કરી માર માર્યા હતો. સમગ્ર ઘટના હોસ્પિટલના સીસીટીવી કેમેરામા પણ કેદ થઈ હતી. ઘટનાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ મકરબા હેડ કવાર્ટર પાસે આવેલી ખાનગી હૉસ્પિટલમાં ચાર એપ્રિલના રોજ આલમ ખાન નામના દર્દીના ધબકારા ઘટી જતાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેમની સારવાર બાદ તેમને તબિયતમાં સુધારો થતાં ૬ઠી એપ્રિલે બપોરે રજા આપવામાં આવી હતી. સાંજે ફરીથી તબિયત બગડતાં તેમના પરિવારના સભ્યો તેમને હૉસ્પિટલ લઈને આવ્યા હતા. આલમ ખાનના હૉસ્પિટલમાં આવ્યા પહેલાં જ તેમના શ્વાસ બંધ થઈ જતાં મૃત્યુ નીપજ્યું હતું. જોકે તેમને જીવનદાન મળી રહે એ માટે સીપીઆર આપી શ્વાસ આપવા મશીન દ્વારા પ્રયત્ન કર્યો હતો, પરંતુ દર્દીનો જીવ બચ્યો ન હતો, જેથી ડોક્ટરે દર્દીનાં પત્નીને બહાર આવીને જણાવતા પત્નીએ તેમનાં અન્ય સગાંને પણ જાણ કરી હતી. ■




# હાર્દિકને સોમનાથદાદાના દર્શન ફળ્યા, મુંબઈ ઈન્ડિયન્સે જીતવાનું શરૂ કરી દીધું

## વેસ્ટ ઈન્ડિઝના હાર્ડ-હિટર શેફર્ડની છેલ્લી ઓવરની ફટકાબાજી દિલ્હીને ભારે પડી



મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સે વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સને ૨૯ રનથી હરાવીને આઇપીએલની આ સીઝનમાં સતત ત્રણ હાર બાદ હવે જીતવાનું શરૂ કરી દીધું છે.

રિષભ પંતના સુકાનમાં દિલ્હીની ટીમે ૨૩૫ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૫ રન બનાવ્યા હતા. મુંબઈની ટીમને વાનખેડેની સાંજ ફળી છે એની સાથે કૅપ્ટન હાર્દિક પંડ્યાને મહાદેવના દર્શન પણ ફળ્યા છે. તેણે ગયા સોમવારે વાનખેડેમાં જ રાજસ્થાન રૉયલ્સ સામેની હાર પછીના પાંચ દિવસના બ્રેક દરમ્યાન પ્રભાસ પાટણ જઈને સોમનાથના મંદિરે મહાદેવજીની પૂજા કરી હતી. તે ઘણી વાર સુધી મંદિરમાં હતો અને તેની અનેક તસવીરો સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ હતી.

હાર્દિક માટે આ સીઝનમાં પહેલી વાર રવિવારનો દિવસ પોતાની કૅપ્ટન્સીને વખોડતી બૂમાબૂમ વગરનો ગયો હતો. તેણે ૩૩ બૉલમાં બનાવેલા ૩૯ રનથી અને પછી વિજય મેળવીને ટીકાકારોને ચૂપ કરી દીધા હશે.

મુંબઈની ટીમ તળિયાના સ્થાનેથી ઉપર આવી અને છેલ્લેથી ત્રીજા સ્થાન પર આવી ગઈ હતી. દિલ્હીની ટીમ છેક ૧૦મા નંબરે અને સૌથી વધુ પાંચ મૅચ રમીને એક જ વિજય પ્રાપ્ત કરનાર બેન્ગલૂરુની ટીમ નવમા નંબરે છે.

રોમારિયો શેફર્ડ (અણનમ ૩૯ અને એક વિકેટ)ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. તેની છેલ્લી ઓવરની ફટકાબાજી (૪, ૬, ૬, ૬, ૪, ૬) જ દિલ્હીને છેલ્લે ભારે પડી હતી.



હાર્દિક પંડ્યા



રોહિત શર્મા



ઈશાન કિશન



ટિમ ડેવિડ (iplt20.com)

દિલ્હીના ૨૦૮ રનમાં સાઉથ આફ્રિકન રાઇટ-હૅન્ડ બૅટર ટ્રિસ્ટેન સ્ટબ્સ (૭૧ અણનમ, પચીસ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. જોકે તેની આ ફટકાબાજી પાણીમાં ગઈ હતી. પૃથ્વી શો (૬૬ રન, ૪૦ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર)ની ગર્લફ્રેન્ડ વાનખેડેમાં પ્રેસ બૉક્સની બાજુના વીઆઇપી બૉક્સમાં બેઠી હતી અને તેની હાજરીમાં પૃથ્વીએ જોરદાર ફટકાબાજી કરી હતી. પૃથ્વી અને અભિષેક પોરેલ (૪૧ રન, ૩૧ બૉલ, પાંચ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૮૮ રનની ભાગીદારી થઈ હતી, પરંતુ દિલ્હીની ટીમ મુંબઈના બૅટર્સની બરાબરીમાં નહોતી આવી શકી અને ૨૯ રનથી પરાજય જોવો પડ્યો હતો.

મુંબઈ વતી જેરાલ્ડ કૉએટ્ઝીએ ૩૪ રનમાં ચાર તેમ જ જસપ્રીત બુમરાહે બાવીસ રનમાં બે વિકેટ લીધી હતી. આકાશ મઢવાલ પોતાના ફેવરિટ મેદાન વાનખેડે ખાતે ૪૫ રનમાં એક પણ વિકેટ નહોતો લઈ શક્યો. મોહમ્મદ નબી અને પીયૂષ ચાવલાને પણ વિકેટ નહોતી મળી, પરંતુ મુંબઈની ઇનિંગ્સમાં છેલ્લે-છેલ્લે જોરદાર ફટકાબાજી કરનાર કૅરિબિયન ઑલરાઉન્ડર રોમારિયો શેફર્ડને એક વિકેટ મળી હતી. એ મહત્ત્વની વિકેટ ડેવિડ વૉર્નરની હતી જે માત્ર ૧૦ રનના પોતાના સ્કોરે મિડ-ઑન પર હાર્દિક પંડ્યાના હાથમાં કૅચઆઉટ થયો હતો.

શેફર્ડની વાત નીકળી છે તો ખાસ ઉલ્લેખ કરવાનો કે તેણે મુંબઈની ઇનિંગ્સમાં (હેન્રિક નોર્કિયાની ૨૦મી ઓવરમાં) ફટકાબાજી કરીને જે ૩૨ રન બનાવ્યા હતા એ છેવટે દિલ્હીને ભારે પડ્યા. શેફર્ડે એ ઓવરમાં ૪, ૬, ૬, ૬, ૪, ૬ ફટકારીને સ્ટેડિયમને ચારેકોરથી ગૂંજતું કરી દીધું હતું અને દિલ્હીની છાવણીમાં સોપો પાડી દીધો હતો.

શેફર્ડે કુલ ૧૦ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોર સાથે અણનમ ૩૯ રન બનાવ્યા હતા.

મુંબઈ ઇન્ડિયન્સે માત્ર ૫૦ લાખ રૂપિયામાં મેળવ્યો છે. આ સીઝનમાં તેની આ પહેલી જ મૅચ હતી અને એને તેણે યાદગાર બનાવી નાખી. તેની અને ૪૫ રને અણનમ રહેલા ટિમ ડેવિડ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૫૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. ડેવિડે એ ૪૨ રન ૨૧ બૉલમાં ચાર સિક્સર અને બે ફોરની મદદથી બનાવ્યા હતા.

કમબૅકમૅન સૂર્યકુમાર યાદવ પોતાના બીજા જ બૉલમાં આઉટ થયો હતો અને તિલક વર્મા માત્ર છ રન બનાવી શક્યો હતો. એ સિવાય મુંબઈના બધા બૅટર્સે નાનું-મોટું યોગદાન આપ્યું હતું. રોહિત શર્મા (૪૯ રન, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) અને ઇશાન કિશન (૪૨ રન, ૨૩ બૉલ, બે સિક્સર, ચાર ફોર) વચ્ચે ૮૦ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. હાર્દિક અને ટિમ ડેવિડની જોડીએ ભેગા થઈને ૬૦ રન બનાવ્યા હતા.

દિલ્હીએ ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. હાર્દિક પંડ્યાએ પણ ટૉસ વખતે કહ્યું હતું કે 'હું ટૉસ જીત્યો હોત તો મેં પણ ફીલ્ડિંગ પસંદ કરી હોત.'

દિલ્હીએ ઈજાગ્રસ્ત મિચલ માર્શના સ્થાને ઝ્યે રિચર્ડસનને અને રસિખ દરના સ્થાને ઑલરાઉન્ડર લલિત યાદવને ઇલેવનમાં સમાવ્યો હતો. ■

# ૫૦ લાખ રૂપિયાવાળો શેફર્ડ બેકાબૂ: ૪, ૬, ૬, ૬, ૪, ૬ના ધમાકા જોઈને હાર્દિક ઊભો થઈ ગયો, સચિન પણ આફરીન

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સે વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચમાં રોહિત શર્મા અને ઇશાન કિશનની ધમાકેદાર ઓપનિંગ ભાગીદારીથી જ વિજયનો પાયો નાખવાની શરૂઆત કરી દીધી હતી, પરંતુ બન્ને ઓપનરે જેટલા ધમાકા બોલાવ્યા લગભગ એટલા છેલ્લે રોમારિયો શેફર્ડે કર્યા હતા. મુંબઈએ આમ તો છેલ્લા આઠ બૉલમાં ૪૨ રન બનાવ્યા હતા, પણ હેન્રિક નોર્કિયાની ૨૦મી ઓવરમાં ૨૯ વર્ષના કૅરિબિયન હાર્ડ-હિટર રોમારિયો શેફર્ડે જે ધમાલ મચાવી એ યાદગાર હતી.

શેફર્ડે એ ઓવરમાં ૪, ૬, ૬, ૬, ૪, અને ૬ એમ છએ છ બૉલને બાઉન્ડરી દેખાડી હતી.

શેફર્ડનું પાવર હિટિંગ જોઈને કૅપ્ટન હાર્દિક પંડ્યા સહિત એમઆઇના ડગઆઉટમાંની એકેએક વ્યક્તિ આનંદના અતિરેકમાં ડૂબી ગઈ હતી. હાર્દિક તો ઊભો થઈ ગયો હતો અને શેફર્ડની વાહ-વાહ કરતો થાકતો નહોતો.

રાઇટ-હૅન્ડ શેફર્ડને મુંબઈ ઇન્ડિયન્સે માત્ર ૫૦ લાખ રૂપિયામાં મેળવ્યો છે. આ સીઝનમાં તેની આ પહેલી જ મૅચ હતી અને એને તેણે યાદગાર બનાવી નાખી. તેણે માત્ર ૧૦ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોરની મદદથી અણનમ ૩૯ રન બનાવ્યા હતા. તેના ૩૯માંથી ૩૬ રન બાઉન્ડરીઝમાં બન્યા હતા. તેની અને ૪૫ રને અણનમ રહેલા ટિમ ડેવિડ વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૫૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

શેફર્ડે નોર્કિયાના પહેલા બૉલમાં સ્ટ્રેઇટ શૉટમાં ફોર ફટકારી હતી. બીજા બૉલમાં લૉન્ગ-ઑન પરથી સિક્સર ફટકારી હતી. એ ઓવરમાં આગળ શું થઈ શકે એનો અંદાજ કદાચ ખુદ બોલરને આવી ગયો હશે એટલે તેણે વૅરિએશનનો સહારો લીધો હતો. જોકે એમઆઇ તરફી ૧૮,૦૦૦ બાળકો સહિત હજારો પ્રેક્ષકો શેફર્ડની વધુ ફટકાબાજીની અપેક્ષા રાખીને તૈયાર બેઠા હતા. નોર્કિયાના ત્રીજો બૉલ શેફર્ડે ડીપ સ્ક્વેર લેગ પરથી ગ્રાઉન્ડની બહાર મોકલ્યો હતો. એ જોઈને તેનો જોડીદાર ટિમ ડેવિડ પણ છક થઈ ગયો હતો. ડેવિડ જાણતો હશે કે શેફર્ડ એટલાથી અટકવાનો નહોતો. ચોથી ડિલિવરીમાં શેફર્ડે ફરી લૉન્ગ-ઑન પરથી સિક્સરના રૂપમાં બૉલને મેદાનની બહાર મોકલ્યો. પાંચમા બૉલમાં શેફર્ડે વધુ એક ફોર ફટકારી હતી. હરીફ ટીમનો કૅપ્ટન રિષભ પંત શેફર્ડની આતશબાજી જોઈને નિરાશ હાલતમાં ઊભો રહ્યો હતો. શેફર્ડે ફરી વાર બૉલને લૉન્ગ-ઑન પરથી મેદાનની બહાર મોકલીને છગ્ગા સાથે મુંબઈની ઇનિંગ્સ પૂરી કરી હતી.



રોમારિયો શેફર્ડ (iplt20.com)

મુંબઈની ટીમનો મેન્ટર સચિન તેન્ડુલકર પણ શેફર્ડની બેકાબૂ ફટકાબાજી જોઈને તેના પર આફરીન થઈ ગયો હતો. ■

# આઈપીએલમાં બુમરાહની ૧૫૦ વિકેટઃ થર્ડ ફાસ્ટેસ્ટ બોલર બન્યો

## લસિથ મલિન્ગા પહેલા નંબરે અને યુઝવેન્દ્ર ચહલ બીજા ક્રમે છે

મુંબઈઃ વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ સામેની મહત્ત્વની મૅચમાં મુંબઈ ઇન્ડિયન્સના બૅટર્સે છગ્ગા-ચોક્કાનો વરસાદ વરસાવ્યો ત્યાર પછી 'બૂમ...બૂમ...બુમરાહ'ની બૂમો વચ્ચે જસપ્રીત બુમરાહે મોટી સિદ્ધિ મેળવી હતી. તે આઇપીએલમાં ૧૫૦મી વિકેટ લેનાર ભુવનેશ્વર કુમાર પછીનો બીજો ભારતીય પેસ બોલર બન્યો હતો.

મુંબઈ ઇન્ડિયન્સ વતી અગાઉ શ્રીલંકાના લસિથ મલિન્ગાએ ૧૫૦મી વિકેટની ઉપલબ્ધિ મેળવી હતી.



બુમરાહ આઇપીએલમાં ૧૫૦ વિકેટ લેનાર થર્ડ ફાસ્ટેસ્ટ બોલર છે. તેની આ ૧૨૪મી મૅચ હતી. મલિન્ગાએ ૧૫૦ વિકેટ માત્ર ૧૦૫ મૅચમાં લીધી હતી અને ૧૫૦મી વિકેટ સુધી પહોંચનાર તે સૌથી ઝડપી બોલર છે.

લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ૧૧૮ મૅચમાં ૧૫૦મો શિકાર કર્યો હતો અને તે બીજા નંબરે છે.

ચોથા નંબરના ડ્વેઇન બ્રાવોએ ૧૩૭ મૅચમાં અને પાંચમા નંબરના ભુવનેશ્વર કુમારે ૧૩૯ મૅચમાં ૧૫૦ વિકેટ લીધી હતી અને તેઓ અનુક્રમે ચોથા તથા પાંચમા ક્રમે છે.

બુમરાહે દિલ્હીના અભિષેક પોરેલની જે વિકેટ લીધી એ તેની ૧૫૦મી વિકેટ હતી. પોરેલે બુમરાહના ફુલ-ટૉસને મિસ-જજ કર્યો હતો અને લૉન્ગ ઑન પર કૅચ આપી દીધો હતો. એ પહેલાં, બુમરાહે પૃથ્વી શોને યૉર્કરમાં આઉટ કર્યો હતો. ■

# લખનઊ સામે ગુજરાતને મળ્યો ૧૬૪ રનનો સાધારણ લક્ષ્યાંક

## સ્ટોઈનિસ ૫૮ રન સાથે ટીમમાં ટૉપ-સ્કોરર હતો

લખનઊઃ આઇપીએલમાં રવિવાર પહેલાં ગુજરાત ટાઇટન્સ સામે એક પણ મૅચ ન જીતનાર લખનઊ સુપર જાયન્ટ્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૩ રન બનાવીને શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ગુજરાતની ટીમને ૧૬૪રનનો સાધારણ લક્ષ્યાંક આપ્યો હતો. ઑલરાઉન્ડર માર્કસ સ્ટોઇનિસ (૫૮ રન, ૪૩ બૉલ, બે સિક્સર, ચાર ફોર) ટીમમાં ટૉપ-સ્કોરર હતો. કૅપ્ટન કેએલ રાહુલે ૩૧ બૉલમાં ૩૩ રન, આયુષ બદોનીએ ૧૧ બૉલમાં ૨૦ રન અને નિકોલસ પૂરને બાવીસ બૉલમાં ત્રણ સિક્સરની મદદથી અણનમ ૩૩ રન બનાવ્યા હતા. તેણે ઇનિંગ્સની છેલ્લી પળોમાં ત્રણેય સિક્સર મોહિત શર્મા તથા રાશિદ ખાનની બોલિંગમાં ફટકારી હતી. તેની સાથે કૃણાલ પંડ્યા બે રને અણનમ રહ્યો હતો.

ગુજરાત વતી ઉમેશ યાદવ અને દર્શન નાલકંડેએ બે-બે વિકેટ તથા રાશિદ ખાને એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, લખનઊના સુકાની કેએલ રાહુલે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી. લખનઊએ પાછલી મૅચની જ વિનિંગ ઇલેવન જાળવી રાખી હતી, જ્યારે ગુજરાત ટાઇટન્સે પીઠની ઈજાને કારણે ન રમી શકનાર વૃદ્ધિમાન સાહાના સ્થાને બી.આર. શરથને ટીમમાં સમાવ્યો હતો. સ્પેન્સર જૉન્સનને અઝમતુલ્લા ઓમરઝાઈના સ્થાને લેવામાં આવ્યો હતો.

લખનઊએ પહેલી મૅચમાં રાજસ્થાન સામે ૨૦ રનથી પરાજય જોવો પડ્યો હતો. જોકે પછીની બે મૅચ લખનઊએ જીતી લીધી હતી. પંજાબને રાહુલની ટીમે ૨૧ રનથી અને બેન્ગલૂરુની ટીમને ૨૮ રનથી પરાજિત કરી હતી.

ગુજરાતે લખનઊ સામેની આ મૅચ પહેલાં મુંબઈને છ રનથી હરાવ્યા પછી ચેન્નઈ સામે ૬૩ રનથી પરાજય જોયો, પરંતુ હૈદરાબાદને સાત વિકેટે સજ્જડ હાર આપ્યા પછી પંજાબ સામે ત્રણ વિકેટે પરાજય જોયો હતો. ■

# સોમવારે રોહિત અને રવિવારે સૂર્યાઃ શૂન્ય સાથે અસંખ્ય ચાહકોને નિરાશ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહેલી એપ્રિલે વાનખેડેમાં ભારતીય ક્રિકેટના રત્ન સમા ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના મુદ્દે વાતાવરણ જૂજ પ્રેક્ષકોને કારણે તંગ હતું અને જ્યાં જુઓ ત્યાં રોહિત શર્માની જ વાતો થતી હતી અને તેના નામવાળા જ ટી-શર્ટ નજરે પડતા હતા એ માહોલમાં રોહિતના અસંખ્ય ચાહકો તેની આતશબાજી જોવા આવ્યા હતા, પરંતુ તે પહેલા જ બોલમાં (ગોલ્ડન ડકમાં) આઉટ થઈ ગયો હતો જે નિરાશા લોકોમાં જોવા મળી હતી એવું અહીં દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ફરી બન્યું હતું. આ વખતે સૂર્યકુમાર યાદવે બધાને નિરાશ કર્યા હતા.

પગની ઘૂંટીની સર્જરી કરાવીને મહિનાઓ બાદ પાછો રમવા આવેલો સૂર્યકુમાર માત્ર ચાર મિનિટ સુધી ક્રીઝ પર રહી શક્યો હતો અને પોતાના બીજા જ બોલમાં આઉટ થઈ ગયો હતો.

સૂર્યા ઘણા મહિનાઓથી ટી-૨૦ ઇન્ટરનેશનલનો વર્લ્ડ નંબર વન બેટર છે, પરંતુ કમબેકમાં ફ્લોપ રહ્યો.

મુંબઈની ટીમ ઉપરાઉપરી ત્રણ મેચ હારી હોવાથી એને મુસીબતમાંથી બહાર લાવવા સૂર્યાએ ઉતાવળે ફરી રમવાનું શરુ કર્યું કે શું એ તો કહેવું મુશ્કેલ છે, પણ ઈશાન કિશન (૪૨ રન, ૨૩ બોલ, ત્રણ સિક્સર, ચાર ફોર) સાથેની ૮૦ રનની ધમાકેદાર પાર્ટનરશિપ કરીને રોહિત શર્મા (૪૯ રન, ૨૭ બોલ, ત્રણ સિક્સર, છ ફોર) હાફ સેન્ચુરી ફક્ત એક રનથી ચૂકી ગયો અને અક્ષર પટેલના બોલમાં કલીન બોલ્ડ થતાં નિરાશા સાથે પેવિલિયનમાં પાછો ગયો ત્યાર પછી ટીમને ફરી સંગીન સ્થિતિમાં લાવવાની જવાબદારી વન-ડાઉન બેટર સૂર્યાની હતી. જોકે તે નોર્કીયાના પહેલા બોલ પર બીટ થયા પછી બીજા બોલમાં સબ્સ્ટિટ્યૂટ ફિલ્ડર જે. ફ્રેઝર મેકગર્કને તેણે કેચ આપી દીધો હતો.



સૂર્યકુમાર ગઈ કાલે તેના બીજા જ બૉલે આઉટ થયો. (iplt20.com)

સૂર્યા મિડલ અને લેગ પરના લેન્ગથ બોલને મિડ-ઓન પરથી બાઉન્ડરી તરફ મોકલવાના પ્રયાસમાં હતો, પણ ટાઈમિંગના અભાવે કેચ આપી બેઠો હતો. ■

# હોમ સ્વીટ હોમઃ ચેપૉકનું ગ્રાઉન્ડ આજે ચેન્નઈની હારની હૅટ-ટ્રિક રોકી શકે

ચેન્નઈઃ આઇપીએલની ૧૭મી સીઝનની શરૂઆતમાં જ એમએસ ધોનીએ ઋતુરાજ ગાયકવાડને ચેન્નઈ સુપર કિંગ્સની કૅપ્ટન્સીની જવાબદારી સોંપી ત્યાર બાદ પહેલી લાગલગાટ બે મૅચમાં ચેન્નઈની ટીમે વિજય માણ્યો હતો, પણ પછીની બેઉ મૅચમાં પરાજય જોવો પડ્યો. ચેન્નઈએ પહેલી બે જીત હોમટાઉન ચેપૉકમાં રમાઈ હતી, પરંતુ ત્યાર પછીની બે મૅચ હરીફ ટીમના ગ્રાઉન્ડ પર રમાઈ હતી જેમાં ગાયકવાડની ટીમની હાર થઈ હતી.

હવે વાત એમ છે કે આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) ચેન્નઈની ટીમ ફરી એકવાર ચેપૉકમાં રમવાની છે અને એમાં જીતીને આ ટીમ હારની હૅટ-ટ્રિક થતી રોકી શકશે તેમ જ ચેપૉક આ વખતે ફરી એના માટે નસીબવંતુ સાબિત થશે. જોકે સોમવારની મૅચ મોટા સિતારાવાળી કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રમાવાની છે એટલે ચેન્નઈ માટે જીતવું જરાય આસાન નથી. કોલકાતાના સ્ટાર્સ પ્લેયર્સ પહેલી ત્રણેય મૅચ જીતીને ચેન્નઈ આવ્યા છે.

ચેન્નઈ ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે, પરંતુ કોલકાતા હાલના પૉઇન્ટ્સ-ટેબલમાં એનાથી એક લેવલ ઉપર બીજા નંબરે છે. ચેપૉકમાં રમાયેલી બે મૅચમાં ફાસ્ટ બોલર્સે ૧૮ વિકેટ લીધી છે અને સ્પિનર્સને ફક્ત ચાર વિકેટ મળી શકી છે.

ચેપૉકમાં ચેન્નઈની ટીમનો કોલકાતા સામે બહુ સારો રેકૉર્ડ છે. અહીં તેઓ (ચેન્નઈના ખેલાડીઓ) ૧૩માંથી ૯ મૅચ જીત્યા છે.

બન્ને ટીમની પ્લેઇંગ ઇલેવન કંઈક આવી હોઈ શકેઃ

**ચેન્નઈઃ** ઋતુરાજ ગાયકવાડ (કૅપ્ટન), એમએસ ધોની (વિકેટકીપર), રાચિન રવીન્દ્ર, અજિંક્ય રહાણે, શિવમ દુબે, ડેરિલ મિચલ, મોઇન અલી, રવીન્દ્ર જાડેજા, દીપક ચાહર, તુષાર દેશપાંડે, મુકેશ ચૌધરી/શાર્દુલ ઠાકુર/માહીશ થીકશાના.

**કોલકાતાઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), ફિલ સૉલ્ટ (વિકેટકીપર), સુનીલ નારાયણ, વેન્કટેશ ઐયર, અંગક્રિશ રઘુવંશી/નીતિશ રાણા, આન્દ્રે રસેલ, રિન્કુ સિંહ, રમણદીપ સિંહ, મિચલ સ્ટાર્ક, હર્ષિત રાણા/વૈભવ અરોરા, વરુણ ચક્રવર્તી/અનુકૂલ રૉય/સુયશ શર્મા. ■

# શ્રીસાન્ત ફિક્સિંગના ગુના છતાં કેમ સજાથી બચી ગયો હતો?: રહસ્ય ખુલ્લું પડી ગયું

## અઝહરુદ્દીનવાળા કેસ વખતે અપાયેલા ઘણા મોટા ખેલાડીઓના નામવાળું બંધ કવર હજી પણ સુપ્રીમ કોર્ટ પાસે પડ્યું છે

નવી દિલ્હીઃ આઇપીએલની નવી સીઝન આવે એટલે વીતેલી કેટલીક સીઝનોની મહત્ત્વની ઘટનાઓ તથા વિવાદો ફરી યાદ આવી જતા હોય છે. ભૂતપૂર્વ પેસ બોલર શ્રીસાન્તની સ્પૉટ-ફિક્સિંગવાળી ઘટના એમાંની એક છે જેની ચર્ચા લગભગ દરેક સીઝનમાં થતી હોય છે.

૨૦૧૩ની આઇપીએલમાં સ્પૉટ-ફિક્સિંગની ઘટના બની હતી અને ત્યારે ૨૦૦૮ની ચૅમ્પિયન તથા વર્તમાન સીઝનની મોખરાની ટીમ રાજસ્થાન રૉયલ્સના ૨૦૧૩ના ખેલાડીઓ શ્રીસાન્ત તેમ જ સાથી ખેલાડીઓ અજિત ચંડિલા તથા અંકિત ચવાણની દિલ્હી પોલીસના ખાસ વિભાગે ફિક્સિંગના આરોપસર ધરપકડ કરી હતી. દિલ્હીના ભૂતપૂર્વ પોલીસ કમિશનર નીરજ કુમારના સ્પેશિયલ ડિપાર્ટમેન્ટે ત્રણેય પ્લેયરની ધરપકડ કરી હતી. ત્રણેય પ્લેયરના રમવા પર બીસીસીઆઇએ આજીવન પ્રતિબંધ મૂકી દીધો હતો. ૨૦૧૯માં શ્રીસાન્તની વિરુદ્ધમાં પુરાવા હોવાનું સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હોવા છતાં બીસીસીઆઇને શ્રીસાન્ત પરના આજીવન પ્રતિબંધ વિશે સમીક્ષા કરવા કહ્યું હતું. તેની સજા ઘટાડીને સાત વર્ષની કરી નાખવામાં આવી હતી. એ સજા સપ્ટેમ્બર, ૨૦૨૦માં પૂરી થઈ હતી.શ્રીસાન્તે મે, ૨૦૧૩માં જ સ્પૉટ-ફિક્સિંગની કબૂલાત કરી હોવાનું પોલીસ જણાવી ચૂકી છે. નીરજ કુમારે પીટીઆઇને ખાસ વાતચીતમાં કહ્યું, 'ક્રિકેટમાંના કરપ્શન (જેમ કે સ્પૉટ ફિક્સિંગ, મૅચ ફિક્સિંગ વગેરે) વિશે કે સામાન્ય રીતે ખેલકૂદ ક્ષેત્રે થતા ભ્રષ્ટાચાર વિરોધી કડક કાયદો ભારતમાં છે જ નહીં. આ મોટી કમનસીબી છે. ઝિમ્બાબ્વે જેવા નાના દેશમાં આવા પ્રકારનો કાયદો છે, ઉદાહરણ તરીકે, મૅચ-ફિક્સિંગ દરમ્યાન લોકો સાથે છેતરપિંડી થઈ હતી એવું જો અમે કોર્ટને કહીએ તો કોર્ટ અમને કહેશે કે જેની સાથે છેતરપિંડી થઈ હોય એવી એક વ્યક્તિ અમને દેખાડો અને એ વ્યક્તિને અદાલતમાં રજૂ કરો.'

નીરજ કુમારે ૨૦૦૦ની સાલના મોહમ્મદ અઝહરુદ્દીન કેસ સંબંધમાં પીટીઆઇને કહ્યું, 'એ કેસ પણ અંત સુધી લઈ જવા દેવામાં આવ્યો. જો અઝહરુદ્દીનવાળો કેસ આગળ વધ્યો હોત ઘણા મોટા નામ બહાર આવ્યા હોત. એ નામ લખીને સીલ કરાયેલા કવરમાં રજૂ કરવામાં આવ્યા હતા. એ બંધ કવર હજી પણ સર્વોચ્ચ અદાલત પાસે પડ્યું છે.' ■

# શેરબજારમાં ટૂંકા ગાળામાં તેજી જળવાઇ રહેવાની અપેક્ષા, બજારની નજર ઇન્ફ્લેશન, ફેડરલની મિનિટ્સ અને ચોથા ક્વાર્ટરના કંપની પરિણામો પર

શેરબજારમાં અફડાતફડી અને અનેક અવરોધો છતાં આગેકૂચ ચાલુ રહી છે અને નિષ્ણાતો માને છે કે, શેરબજારમાં ટૂંકા ગાળામાં તેજી જળવાઇ રહેવાની અપેક્ષા છે. બજારની નજર ઇન્ફલેશન, ફેડરલની મિનટ્સ અને ચોથા ક્વાર્ટરના કંપની પરિણામો સહિતના પરિબળો પર રહેશે. પ્રાઇમરી માર્કેટમાં હલચલ ચાલુ રહી છે. આ સપ્તાહે મેઇનબોર્ડનો એક અને એસએમઇ સેગમેન્ટના ત્રણ શેર લિસ્ટ થશે. આઠમી તારીખે સોમવારે એસએમઇ સેગમેન્ટમાં બે નવા આઇપીઓ આવશે.

નિષ્ણાતો અનુસાર, બ્રોડ માર્કેટની ઉછાળો સૂચવે છે કે મજબૂતાઈ ટૂંકા ગાળામાં ચાલુ રહેશે. દરમિયાન, મજબૂત યુએસ આર્થિક ડેટાને કારણે જૂનમાં ફેડ રેટ કટ અંગે ફરી આશંકા વ્યક્ત થઇ રહી છે, પરંતુ આ ફેક્ટર અત્યારે ડિસ્કાઉન્ટ થઇ ગયેલું જણાય છે.

ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી નવી ઊંચી સપાટીએ બંધ થયો છે અને સાપ્તાહિક ચાર્ટ પર લોંગ અપર અને લોવર શેડો સાથે સ્મોલ બોડી બુલિશ કેન્ડલસ્ટિક પેટર્નની રચના કરી છે, જ્યાં હા.ર હાઇ અને હાયર લોની રચના સતત બીજા અઠવાડિયા સુધી ચાલુ રહી છે.

ટેક્નિકલ રીતે, નિફ્ટી આ સપ્તાહમાં રેન્જબાઉન્ડ રહેવાની શક્યતા છે, સિવાય કે તે અપર સાઇડમાં ૨૨,૬૦૦ અથવા નીચલી બાજુએ ૨૨,૩૦૦-૨૨,૨૦૦ને નિર્ણાયક રીતે તોડે નહીં. આ સપાટીઓનો ભંગ જ બજારને મજબૂત દિશા આપી શકે છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે નિફ્ટીની ૨૨,૨૦૦ પોઇન્ટની સપાટી ના તૂટે ત્યાં સુધી રોકાણકારોએ ઘટાડે લેવાલીનો અભિગમ ચાલુ રાખવો જોઈએ. હાયર સાઇડમાં નિફ્ટી ૨૨,૭૦૦-૨૨,૮૫૦ ઝોન તરફ વધી શકે છે. સાપ્તાહિક ઓપ્શન્સ ડેટા સૂચવે છે કે નિફ્ટી ૫૦ માટે ૨૨,૫૦૦ નિર્ણાયક બનવાની ધારણા છે, જેમાં ૨૨,૮૦૦ ઊંચી બાજુએ મુખ્ય પ્રતિકાર અને ૨૨,૪૦૦ ઇન્ડેક્સ માટે તાત્કાલિક સપોર્ટ બનવાની સંભાવના છે.

એપ્રિલના પ્રથમ સપ્તાહમાં બજારો અસ્થિર હતા, પરંતુ સકારાત્મક નોંધ પર સમાપ્ત થયા છે. નિફ્ટી ૨૨,૬૧૯ પોઇન્ટની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો અને ૦.૮૪ ટકાના વધારા સાથે ૨૨,૫૦૦ પોઇન્ટની ઉપર સપ્તાહનો અંત આવ્યો હતો. સેન્સેક્સ ૫૯૬.૮૭ પોઇન્ટ અથવા ૦.૮૧ ટકા વધીને ૭૪,૨૪૮.૨૨ પોઇન્ટના સ્તર પર બંધ

## ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

થયો છે. ફુગાવાના મોરચે, મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) એ રેપો રેટ યથાવત રાખ્યો હતો, પરંતુ સ્થાનિક અને વૈશ્વિક બંને વાતાવરણના આંચકાઓ વિશે સાવચેતી વ્યક્ત કરી હતી, જે ખાદ્યપદાર્થોના ભાવમાં વધારો કરી શકે છે.

ટોચના મ્યુચ્યુલ ફંડના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, ભારતીય બજારમાં એક સૂક્ષ્મ હકારાત્મકતા છે, નબળા વૈશ્વિક વલણને આગળ ધપાવતા, હકારાત્મક ઉત્પાદન પીએમઆઇ (પરચેઝ મેનેજર ઇન્ડેક્સ) ડેટા અને આગામી કોર્પોરેટ સેક્ટરના ચોથા ત્રિમાસિક પરિણામો વિશે આશાવાદ દ્વારા ટેકો મેળવે છે.

બ્રોડ માર્કેટ એવો સંકેત આપે છે કે મજબૂતાઈ ટૂંકા ગાળામાં ચાલુ રહેશે. દરમિયાન, અમેરિકાના મજબૂત આર્થિક ડેટાએ જૂનમાં ફેડ રેટ કટ ટાળવામાં આવશે એવી આશંકા ઊત્પન્ન કરી છે, જોકે આ અપેક્ષિત જ હતું. કોર્પોરેટ સેકટરના પરિણામોને આધારે શેરલક્ષી કામકાજ સાથે બજારના સેન્ટિમેન્ટને પણ અસર થશે. છ કંપનીઓ આ અઠવાડિયે તેમના નાણાકીય વર્ષ ૨૦૨૪ના ચોથા ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરશે. તેઓ છે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ક્યુપિડ, આનંદ રાઠી વેલ્થ, ક્રિસ્ટલ ઈન્ટિગ્રેટેડ સર્વિસિસ, પોપ્યુલર વ્હિકલ્સ એન્ડ સર્વિસિસ અને ટીમો પ્રોડક્શન્સ એચક્યુનો સમાવેશ છે.

આ ઉપરાંત ભારતનો કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) ડેટા ૧૨ માર્ચે બહાર પાડવામાં આવશે. ખાદ્ય અને ઇંધણના ભાવમાં ઘટાડા સાથે કોર ઇન્ફલેશનનો વેગ થોડો હળવો થવાને કારણે સીપીઆઇ ફુગાવો માર્ચમાં થોડો દબાઇને ૪.૭ ટકા થવાની ધારણા છે. સીપીઆઈ ડેટાની સાથે, ફેબ્રુઆરીમાં ઔદ્યોગિક ઉત્પાદન અને પાંચમી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહ માટે વિદેશી હૂંડિયામણ અનામતનો ડેટા પણ ૧૨ એપ્રિલે જાહેર કરવામાં આવશે.

એક્સચર્ટનલ ફેકટર જોઇએ તો યુ.એસ. તેના ફુગાવાના આંકડા ૧૦ એપ્રિલના રોજ જાહેર કરશે. છેલ્લી બેઠકમાં, ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફએમઓસી)એ ફેડરલ ફંડ વ્યાજ દર ૫.૨૫ થી ૫.૫ ટકાની વર્તમાન લક્ષ્ય શ્રેણી પર જાળવવાનું પસંદ કર્યું હતું. યુએસ ફેડરલ રિઝર્વ (ફેડ) એ જુલાઈ ૨૦૨૩થી તેના વ્યાજ દરના લક્ષ્યાંકમાં કોઈ ફેરફાર કર્યો નથી, ફુગાવા સામે તેની ચાલુ લડતમાં દર બાવીસ વર્ષના ઉચ્ચ સ્તરે જાળવી રાખ્યા છે.

બજારના સહભાગીઓ યુરોપિયન સેન્ટ્રલ બેંકના વ્યાજ દર પર પણ નજર રાખશે, જે આગામી સપ્તાહે જાહેર થશે. ચાઇના ફુગાવાના આંકડા, યુએસ જોબ ડેટા અને યુએસ, ચીન અને જાપાનના ઉત્પાદક ભાવ સૂચકાંકો પણ શેરીને વ્યસ્ત રાખશે.

# મ્યુ. ફંડની એસેટ ૩૪ ટકા વધી ₹ ૫૪ લાખ કરોડ વટાવી ગઇ

નવી દિલ્હીઃ સાત વર્ષના સૌથી ઝડપી વૃદ્ધિદર સાથે મ્યુચ્યુઅલ ફંડની એસેટ ૩૪ ટકા વધી રૂ. ૫૪,૦૦,૦૦૦ કરોડ વટાવી ગઇ છે. ભારતીય મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દ્વારા સંચાલિત કરાતી સંપત્તિ (એસેટ અંડર મેનેજમેન્ટ – એયુએમ) ગત નાણાકીય વર્ષમાં ૩૩.૫૮ ટકા વધીને રેકોર્ડ ૫૪.૧ લાખ કરોડ રૂપિયાના સ્તરે પહોંચી ચૂકી છે. જે સાત વર્ષનો સૌથી ઝડપી ગ્રોથ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડની અગખ ૪૦.૫ લાખ કરોડ રૂપિયા હતી. વર્ષ ૨૦૨૩-૨૪ના શરૂઆતના ૧૧ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં કુલ ૫.૧ લાખ કરોડનું રોકાણ જોવા મળ્યું હતું. તેમાં વર્ગીકરણ પ્રમાણે એક્ટિવલી મેનેજડ ઇક્વિટી સ્કીમોમાં આવેલું ૧.૬ લાખ કરોડ રૂપિયાના ફંડનું મુખ્ય યોગદાન છે.

# આરબીઆઈ રિટેલ રોકાણકારો માટે એપ બનાવશે

મુંબઇઃ આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે રિટેલ રોકાણકારો માટે એક એપ બનાવવાની જાહેરાત કરી છે. જે ગવર્મેન્ટ બોન્ડ અને સિક્યુરિટીઝમાં રોકાણ કરવામાં સરળતા આપશે. આ એપ મારફત રિટેલ રોકાણકાર સરળતાથી અને સુરક્ષિત રોકાણ કરી શકશે. આ રિટેલ ડાયરેક્ટ સ્કીમ એપ રિટેલ રોકાણકારને સીધુ સ્કીમમાં રોકાણ કરવાની તક આપશે. એપ મારફત ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ, બોન્ડમાં રોકાણ હિસ્સો વધારી શકાશે. રિટેલ ડાયરેક્ટ સ્કીમ એપ અન્ય રોકાણ એપ્લિકેશન્સની માફક કામ કરશે, જેમાં રોકાણકાર પોતાના પોર્ટફોલિયો પર સરળતાથી દેખરેખ રાખવા ઉપરાંત માર્કેટ ડેટા પણ એક્સેસ કરી શકશે.

આરબીઆઈના મતે, આ એપ રોકાણકારોને યુઝર-ફ્રેન્ડલી ઈન્ટરફેસ ઉપલબ્ધ કરાવશે.

# કન્ઝ્યુમર કોન્ફિડેન્સ ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો, વપરાશકારોને ફુગાવો ઘટવાની આશા

મુંબઈઃ ભારતમાં કન્ઝ્યૂમર કોન્ફીડેન્સ હાલમાં ચાર કરતા વધુ વર્ષની ઊંચી સપાટીએ છે. અર્થતંત્રની સામાન્ય સ્થિતિ તથા રોજગાર બાબતે માનસમાં સુધારો થયાનું રિઝર્વ બેન્ક દ્વારા હાથ ધરાયેલા એક સર્વેમાં જણાયું હતું. હાલની આર્થિક સ્થિતિમાં ઉપભોગતાનો વિશ્વાસ સ્થિર રિકવરીના માર્ગે છે. ભાવિ અપેક્ષાનો ઈન્ડેકસ જે આગામી ૧૨ મહિના માટે ઉપભોગતાના માનસનો અંદાજ આપે છે તેમાં પણ ૨૦૧૯ના મધ્યથી સુધારો થયો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં દેશનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહેવા અપેક્ષા હોવાનું રિઝર્વ બેન્કે તેની નાણાં નીતિની સમીક્ષામાં જણાવ્યું છે. આગળ જતા ફુગાવો હાલના સ્તરેથી નીચે જશે એમ પણ ઉપભોગતાઓ માની રહ્યા હોવાનું અન્ય એક રિપોર્ટમાં જણાવાયું છે.

ડિસેમ્બર, ૨૦૨૩ ત્રિમાસિકમાં ઉત્પાદન ક્ષેત્રમાં ક્ષમતા ઉપયોગીતાનું સ્તર વધી ૭૪.૭૦ રહ્યું છે જે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૭૪ ટકા જોવા મળ્યું હતું. ખાનગી મૂડીખર્ચનું ચક્ર સુધરી રહ્યું છે અને ઈન્વેસ્ટમેન્ટસ પ્રવૃત્તિનું ભાવિ ઉજળું જણાય છે એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે નાણાં નીતિની સમીક્ષા બેઠક બાદ જણાવ્યું હતું.

# એસએમઇ આઈપીઓ ઇન્ડેક્સમાં ૧૦ ટકાનો ઉછાળો, માર્કેટ કેપ ₹ ૩૯૯ લાખ કરોડના સ્તરે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં અફડાતફડી વચ્ચે મૂડીબજારમાં નવા આઇપીઓની બજારમાં તેજી રહી હતી. એસએમઇ સેગમેન્ટમાં પણ સારી હલચલ રહી હતી. પાછલા સપ્તાહે એસએમઇ આઇપીઓ ઇન્ડેક્સમાં ૧૦ ટકાનો ઉછાળો નોંધાયો છે.

આ સપ્તાહે પણ કેટલાક એસએમઇ આઇપીઓ આવી રહ્યાં છે, જેમાંથી બે એસએમઇ આઇપીઓ આજે જ ખૂલી રહ્યાં છે. આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૩૯૯.૩૧ લાખ કરોડ રહ્યું હતું.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના ગુરુવારના ૭૩,૬૫૧.૩૫ બંધથી ૫૯૬.૮૭ પોઈન્ટ્સ (૦.૮૧ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ સોમવારે ૭૩,૯૬૮.૬૨ ખૂલી, ૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઊંચામાં ૭૪,૫૦૧.૭૩ અને ૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ નીચામાં ૭૩,૪૮૫.૧૨ સુધી જઈ અંતે ૭૪,૨૪૮.૨૨ પર બંધ રહ્યો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૬૨ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૨.૧૨ ટકા, બીએસઈ મીડ કેપ ઈન્ડેક્સ ૩.૮૪ ટકા, બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૧૪ ટકા અને સ્મોલ કેપ ઈન્ડેક્સ ૬.૬૪ ટકા વધ્યા હતા. આઈપીઓ ૭.૩૫ ટકા અને એસએમઈ આઈપીઓ ૧૦.૦૨ ટકા વધ્યા હતા. કાર્બોનેક્સ ૧.૨૩ ટકા અને બીએસઈ ગ્રીનેક્સ ૦.૮૫ ટકા વધ્યા હતા.

સેકટરલ ઈન્ડેક્સમાં ઓટો ૦.૫૨ ટકા, બેન્કેક્સ ૨.૦૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૩૪ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૫૦ ટકા, એફએમસીજી ૦.૫૩ ટકા, હેલ્થકેર ૧.૪૧ ટકા, આઈટી ૧.૧૮ ટકા, મેટલ ૪.૭૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૮ ટકા, પાવર ૪.૭૧ ટકા, પીએસયુ ૪.૧૬ ટકા, રિયલ્ટી ૪.૦૦ ટકા અને ટેક ૦.૩૬ ટકા વધ્યા હતા.

એસએમઇ સેગમેટમાં અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની, તીર્થ ગોપીકોન લિમિટેડ આઠમી એપ્રિલે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપની આ આઇપીઓ દ્વારા નિશ્ચિત કિંમતે રૂ. ૪,૪૩૯.૫૬ લાખ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, શેર એનએસઇ ઇમર્જ પર યાદીબદ્ધ થશે. ભરણું ૧૦ એપ્રિલે બંધ થશે. મિનિમમ શેરલોટ ૧૨૦૦ શેરનો છે. ઇશ્યૂના લીડ મેનેજર ઇન્ટરેક્ટિવ ફાઇનાન્શિયલ સર્વિસિસ અને રજીસ્ટ્રાર બિગશેર સર્વિસીસ છે.

એ જ સાથે, કોર્પોરેટ હલચલમાં હોલાની ગ્રુપે રૂ. ૪૦૦ કરોડનું એસએમઇ ફોકસ્ડ ફંડ લોન્ચ કર્યું છે. કંપનીને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા કેટેગરી વન વૈકલ્પિક રોકાણ ફંડ (એઆઇએફ) લાઇસન્સ આપવામાં આવ્યું છે, જે નાણાકીય સેવા ક્ષેત્રમાં તેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. ઉપરાંત, ફ્લેગશિપ કંપની, હોલાની કન્સલ્ટન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ , રોકાણ બેન્કિંગ અને સ્ટોક બ્રોકિંગ માટે લાયસન્સ ધરાવે છે.

સેન્સેક્સના શેરોમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી વધેલા પાંચ શેરોમાં એચડીએફસી બેન્ક ૬.૫૩ ટકા, એનટીપીસી ૫.૨૧ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૪.૬૫ ટકા, ટાટા સ્ટીલ ૪.૫૬ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૨.૯૪ ટકાના વધારા સાથે સમાવેશ હતો.

જ્યારે સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી ઘટેલા પાંચ શેરોમાં નેસ્લે ઈન્ડિયા ૩.૩૬ ટકા, ભારતી એરટ્લ ૩.૧૫ ટકા, રિલાયન્સ ૧.૯૫ ટકા, મારુતી સુઝુકી ઈન્ડિયા ૧.૫૨ ટકા અને ટાઈટન ૧.૩૩ ટકાના ઘટાડા સાથે સમાવેશ હતો.

એ ગ્રુપની ૭૦૬ કંપનીઓમાં ૬૧૦ સ્ક્રિપ્સના ભાવ વધ્યા અને ૯૫ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા તેમજ ૧ સ્ક્રિપ્સનો ભાવ સ્થિર રહ્યો હતો જ્યારે બી ગ્રુપની ૧,૦૯૦ કંપનીઓમાં ૧,૦૨૩ સ્ક્રિપ્સના ભાવ વધ્યા અને ૬૫ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા અને ૨ સ્ક્રિપ્સના ભાવ સ્થિર રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન કરન્સી ડેરિવેટિવ્સ સેગમેન્ટમાં કુલ રૂ. ૧૩,૦૯૧.૬ કરોડનું કુલ કામકાજ થયું હતું. આ સપ્તાહમાં સૌથી વધારે રૂ. ૫,૧૨૦.૩૦ કરોડનું ટર્નઓવર બુધવાર, ૦૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ થયું હતું.

માર્ચ મહિનામાં એક્સચેન્જે વિવિધ કંપનીઓ સામેની રોકાણકારોની ૩૬૩ ફરિયાદો ઉકેલી છે. બીએસઈએ જણાવ્યું છે કે એક્સચેન્જને માર્ચ, ૨૦૨૪માં ૨૧૬ કંપનીઓ સામે ૩૪૮ ફરિયાદો મળી હતી. આ જ ગાળામાં એક્સચેન્જે ૨૦૯ લિસ્ટેડ કંપનીઓ સામેની ૩૬૩ ફરિયાદો ઉકેલી હતી, જેમાં આગળના સમયગાળાની આગળ ખેંચાયેલી ફરિયાદોનો સમાવેશ થતો હતો.

ઉપલબ્ધ ડેટા અનુસાર ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીની ટોચની ત્રણ કંપનીઓ કે જેની ફરિયાદો એક મહિના કરતાં વધુ સમયથી નિવારણ માટે પેન્ડિંગ છે, તેમાં વિલાર્ડ ઈન્ડિયા લિ. (૧૦ ફરિયાદો), ઈન્ડિયન ઈન્ફોટેક એન્ડ સોફ્ટવેર લિ. (૭ ફરિયાદો) અને જેએસડબલ્યૂ સ્ટીલ લિ. (૭ ફરિયાદો)નો સમાવેશ છે.


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### PUBLIC NOTICE

NOTICE is hereby given that under instructions from our client we are investigating the title of **MR. VISPI PATEL** and **MRS. LATA VISPI PATEL** in respect of **Flat No.22 A,** on the 2nd floor of **"EMBASSY APARTMENTS"** situated at 46, Nepean Sea Road, Mumbai 400 026 and the Shares held by them in **Embassy Apartments Co-operative Housing Society Ltd.** (hereinafter referred to as "the said Property") and more particularly described in the Schedule hereunder written.

All persons having any claim, right, title or interest against or to the said property, by way of sale, exchange, gift, transfer, lease, license, tenancy, sub tenancy, mortgage, lien, charge, trust, inheritance, maintenance, easement, adverse possession as a protected tenant under any provision of law, order or decree of any Court, agreement, possession, encumbrance or otherwise howsoever are required to inform the undersigned in writing at the address mentioned below, within **14 days** from the date of publication along with all supporting documentary evidence by which such right is claimed, failing which the claim, if any, shall be deemed to be waived and/or abandoned by the person/s claiming or having any such claim and shall not be binding on our clients.

**SCHEDULE**

**Flat No.22 A** admeasuring 1379 sq.ft. (Carpet area) on the 2nd Floor along with one covered Car Parking Space No.19 in the building known as **"EMBASSY APARTMENTS"** situated at 46, Nepean Sea Road, Mumbai 400 026 on the property bearing Cadastral Survey No.450 and 894 of Malabar, Cumballa Hill Division along with the Ten (10) fully paid up Shares of Rs.50/- each bearing **distinctive Nos.61 to 70** (both inclusive) represented by Share **Certificate No. 13** held in the name of **MR.VISPI PATEL** and **MRS. LATA VISPI PATEL** in the **Embassy Apartments Co-operative Housing Society Ltd.**

Dated this 8th day of April, 2024

Sd/-
**Niloofer Sawhney**
**M/s.Hooseini Doctor & Co.,**
**Advocates/Solicitors**
**23-24 Alli Chambers,**
**Nagindas Master Road,**
**Fort, Mumbai - 400 023**

### પશ્ચિમ રેલવે - રતલામ

**સિગ્નલિંગ મટિરિયલ પૂરા પાડવા, બેસાડવા, ટેસ્ટ કરવા અને શરૂ કરવા**

ટેન્ડર ક્ર. SnT_RTM_23_15_2R_સિગ્નલ. તારીખઃ ૦૪/૦૪/૨૦૨૪. પશ્ચિમ રેલવેના રતલામના ડિવિઝનલ રેલ મેનેજર (એસ ઍન્ડ ટી), સિગ્નલિંગ અને ટેલિકોમ કામ માટે ઈ-ટેન્ડર્સ મગાવે છે. **કામનું નામઃ** અંદાજે ૧૬૦ કેએમપીએચનું કામ (૭૧.૮૩ કિ.મી.). મેટલ બીમ ફેન્સિંગ વર્ક એસ ઍન્ડ ટી વર્કની જોગવાઈ મુજબ. સિગ્નલિંગ મટિરિયલ પૂરા પાડવા, બેસાડવા, ટેસ્ટ કરવા અને શરૂ કરવા. **કામનો અંદાજિત ખર્ચઃ** રૂ. ૮૮,૮૫,૬૧૫.૪૩/- (રૂ. અઠ્યાશી લાખ પિચ્યાશી હજાર છસો પંદર અને તેંતાળીસ પૈસા ફક્ત). **ટેન્ડરના દસ્તાવેજનો ખર્ચઃ** રૂ. ૦ (શૂન્ય) **બાનાની રકમઃ** રૂ. ૧,૭૭,૭૦૦. **પૂરું કરવાનો સમયઃ** બાર (૧૨) મહિના. **ઈ-ટેન્ડરના દસ્તાવેજો ભરવાની તારીખ અને સમયઃ** તા. ૨૬/૦૪/૨૦૨૪ એ ૧૫.૦૦ વાગ્યે. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા. ૨૬/૦૪/૨૦૨૪ એ ૧૫.૩૦ વાગ્યા પછી. **ઓફરની માન્યતાઃ** ટેન્ડર ખૂલવાના સમયથી ૬૦ દિવસ સુધી. ઈ-ટેન્ડર પોર્ટલ **www.ireps.gov.in** ઉપર ટેન્ડર ઓનલાઈન જોઈ શકાશે અને ઈ-ટેન્ડર પોર્ટલ પર ઓફર ભરી શકાશે.

ડિવિઝનલ રેલવે મેનેજર, (એસ ઍન્ડ ટી) પ.રે., રતલામ

SNP-500

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

### PUBLIC NOTICE

1. NOTICE OF CAUTION IS HEREBY GIVEN TO PUBLIC AT LARGE on behalf of my clients (1) Mr. Rajeev Manmohan Gupta and (2) Mr. Vicky Madanmohan Gupta, having their address at 6th floor, Shri Ram Trade Center, S.V.P. Road, Borivali (W), Mumbai 400 092, that under a Memorandum of Understanding dated 28th February, 2017 entered into with " M/s. Sun-Vision Estate & Consultants Pvt. Ltd." (now known as "Sheth Creator & Sun Vision Private Limited") through its director Mr. Suresh Menghraj Shroff, having its registered office at Sheela Niwas, R.C. Marg, Vileparle E, Mumbai – 400057 r/w 17 different Allotment Letters, my clients (1) Mr. Rajeev Manmohan Gupta and (2) Mr. Vicky Madanmohan Gupta and their family members, have acquired 30 Flats in all admeasuring 17133 Sq.ft. (Carpet Area) in the building known as "Irene" constructed on the Plot of land bearing CTS No.232 corresponding to Survey No.482, Hissa No.1 admeasuring 6731 Sq.mtrs. and land bearing CTS No.231, admeasuring 1325.6 Sq.mtrs. corresponding to Survey No.482, Hissa No.2 aggregating to 8591 Sq.mtrs. or thereabout situated lying and being at Village Malad(South), Mota Pada(Bhandarwada) near K.G Mittal College, Liberty Garden, Malad(W), Mumbai-400 064. My Clients and their family members are the lawful owners in respect of the 17 flats at the aforesaid property, the details thereof are as under.

| Sr No | Wing | Flat No | Qty | Name of Allotte |
|---|---|---|---|---|
| 1 | A | 3202 | 1 | Rajeev Gupta |
| 2 | A | 4304 | 1 | Rajeev Gupta |
| 3 | A | 4203 | 1 | Rajeev Gupta |
| | | | | |
| 4 | A | 2604 | 1 | Sanjiv Gupta |
| 5 | A | 2704 | 1 | Sanjiv Gupta |
| 6 | A | 3903 | 1 | Sanjiv Gupta |
| | | | | |
| 7 | A | 3704 | 1 | Vicky Gupta |
| 8 | A | 3904 | 1 | Vicky Gupta |
| 9 | A | 3203 | 1 | Vicky Gupta |
| | | | | |
| 10 | A | 3004 | 1 | Amit Gupta |
| 11 | A | 3503 | 1 | Amit Gupta |
| | | | | |
| 12 | B | 2802 | 1 | Jagmohan Gupta |
| 13 | B | 2804 | 1 | Jagmohan Gupta |
| 14 | B | 2803 | 1 | Jagmohan Gupta |
| 15 | A | 3103 | 1 | Jagmohan Gupta |
| 16 | A | 3104 | 1 | Jagmohan Gupta |
| 17 | A | 2403 | 1 | Jagmohan Gupta |

It has come to my Clients' knowledge that inspite of executing the Writing / MoU dated 28th February, 2017 and issuing Allotment Letters in favour of my clients abovenamed and their family members, said M/s. Seth Creator & Sun-Vision Pvt. Ltd. are creating third party rights in respect of the aforesaid Flats which is ex-facie illegal and unlawful and not binding upon my clients. My clients have already initiated criminal prosecution by filing Criminal Complaint with the Joint Commissioner of Police, Economic Offences Wing, Mumbai against M/s. Seth Creator & Sun-Vision Pvt. Ltd. and its Directors which complaint is under investigation.

Public at Large hereby caution that anybody has any claim any right, title or interest in respect of the aforesaid flats alleged to have acquired from said M/s. Seth Creator & Sun-Vision Pvt. Ltd. should approach the undersigned Advocate within 14 days from the date of publication of this Notice and lodge their claim against with support of adequate documents, failing which no claim will be entertained and, right, if any, shall treated as waived.

Dated this 8th Day of April, 2024

(GIRISH B. KEDIA)
Advocate. Contact: 98922 60588

### પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જીનીયરીંગ કામો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 01 વર્ષ 2024-2025**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત એન આઈટી ખર્ચ (₹) | ઈએમડી ની રકમ (₹) |
|---|---|---|---|---|
| 01 | DRM-ADI-01 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) વટવાના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-I) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 1 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 1,02,04,482.53 | 2,01,000.00 |
| 02 | DRM-ADI-02 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) (દક્ષિણ) અમદાવાદના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-I) અમદાવાદનાઅધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 2 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 1,35,98,869.21 | 2,18,000.00 |
| 03 | DRM-ADI-03 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) (ઉત્તર) અમદાવાદ. આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-II) અમદાવાદના અધિકારક્ષેત્ર 2024-2025 ના ઝોન નંબર 3A માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે અમદાવાદ રેલ્વે સ્ટેશન અને ફરતા વિસ્તાર, કાલુપુર કોલોની અને સર્વિસ બિલ્ડીંગ, યાર્ડ માસ્ટર ઓફિસ, સરસપુર કોલોની 1 અને 2 અને સર્વિસ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફિસ કેમ્પસ, ડીઆરએમ સ્ટાફ કોલોની અને તમામ સર્વિસ બિલ્ડીંગ ગોમતીપુર ROB-કાલુપુર ROB-સાબરમતી નદીપુલ થી. | 1,68,28,770.43 | 2,34,200.00 |
| 04 | DRM-ADI-04 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) (ઉત્તર) અમદાવાદ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-II) અમદાવાદના અધિકારક્ષેત્રહેઠળ 2024-2025 ના ઝોન નંબર 3B માટે નવા કામો અને તમામ સામાન્ય સમાર કામ ₹ 5 લાખ સુધીના એટલે કે શાહીબાગ, ગાંધીગ્રામ કોલોની અને શાહીબાગ અને ગાંધીગ્રામ વિસ્તારની સર્વિસ બિલ્ડિંગ. | 1,38,05,463.95 | 2,19,000.00 |
| 05 | DRM-ADI-05 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર(વર્ક્સ) (જૂની કોલોની) સાબરમતીના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-I) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 4 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 2,16,53,619.10 | 2,58,300.00 |
| 06 | DRM-ADI-06 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) (નવી કોલોની) સાબરમતીના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ-II) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 5 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 2,14,54,013.73 | 2,57,300.00 |
| 07 | DRM-ADI-07 -2024-25 | બાગાયત ક્ષેત્રઃ 2024-2025 નો ઝોન નંબર 6: આસિસ્ટન્ટ ડિવિઝન એન્જિનિયર (વર્કસ-I) અમદાવાદ અને અસિસ્ટન્ટ ડિવિઝન એન્જીનિયર (વર્કસ-II) અમદાવાદના અધિકારક્ષેત્રમાં બગીચાઓનો વિકાસ / સુધારણા, ખાતર, મેન્યુર, બિયારણ, છોડ, ફૂલના કુંડા, બગીચાના ઉપકરણો અને સાધનોની જોગવાઈ નું સપલાય. | 67,19,240.00 | 1,34,400.00 |
| 08 | DRM-ADI-08 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) હિંમતનગર ના અધિકરક્ષેત્ર હેઠળ આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર/પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 7 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે અસારવા (સિવાય) થી હિંમતનગર અને ખેડબ્રહ્મા સુધી. | 67,35,873.68 | 1,34,700.00 |
| 09 | DRM-ADI-09 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર ના (વર્ક્સ) કલોલ ના અધિકારક્ષેત્ર હેઠળ. આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (M .G.) સાબરમતી ના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 8 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે ખોડિયાર (બાકાત) થી જગુદણ (સહિત), ખોડિયાર(સિવાય)-ગાંધીનગર (સિવાય) કલોલ-ગાંધીનગર (સિવાય), કલોલ થી કડી સુધી. | 62,00,194.07 | 1,24,000.00 |
| 10 | DRM-ADI-10 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનીયર (વર્ક્સ) ગાંધીધામ યુનિટ હેઠળ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર – ગાંધીધામ અને DEN(NW) અમદાવાદ અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 9A માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે સામખિયાળી (સહિત) થી ભુજ (સહિત) અને ગાંધીધામ (યાર્ડ અને સ્ટેશન) થી કંડલા પોર્ટ (સહિત) | 1,84,33,856.99 | 2,42,200.00 |
| 11 | DRM-ADI-11 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) ગાંધીધામ યુનિટ હેઠળ ગાંધીધામ કોલોની માટે, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર – ગાંધીધામ અને DEN (NW) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 9B માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે ગાંધીધામ કોલોની માટે. | 1,81,75,804.00 | 2,40,900.00 |
| 12 | DRM-ADI-12 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર(વર્ક્સ) રાધનપુર યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર–રાધનપુર અને DEN (NW) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 10A માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે ભાભર (સહિત) થી સાંતલપુર (સહિત) સુધી. | 74,95,000.35 | 1,49,900.00 |
| 13 | DRM-ADI-13 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર(વર્ક્સ) આડેસર યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર–રાધનપુર અને DEN (NW) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન ઝોન નંબર 10B માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે ગરામડી (સહિત) થી લાકડિયા (સહિત) સુધી. | 74,95,000.35 | 1,49,900.00 |
| 14 | DRM-ADI-14 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) મહેસાણાના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/મહેસાણાના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 11 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 1,33,00,000.00 | 2,16,500.00 |
| 15 | DRM-ADI-15 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) પાટણના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/મહેસાણાના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 12 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 1,10,00,000.00 | 2,05,000.00 |
| 16 | DRM-ADI-16 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર(વર્ક્સ) પાલનપુરના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/પાલનપુરના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 13 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 1,25,00,000.00 | 2,12,500.00 |
| 17 | DRM-ADI-17 -2024-25 | સિનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) ભીલડીના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/પાલનપુરના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 14 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 82,80,000.00 | 1,65,600.00 |
| 18 | DRM-ADI-18 -2024-25 | સેક્શન એન્જિનિયર (વર્ક્સ) વિરમગામના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર વિરમગામના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 15 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે ખારાઘોડા ખાતે આંબલી રોડ થી ખારાઘોડાસાઈડિંગ સુધી અને વિરમગામ ખાતે MG યાર્ડ, વિરમગામથી કટોસણ રોડ, ઝુંડથી હરીપર (સિવાય) સુધી. | 1,87,00,000.18 | 2,43,500.00 |
| 19 | DRM-ADI-19 -2024-25 | સેક્શન એન્જિનિયર (વર્ક્સ) હળવદના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/ધ્રાંગધ્રાના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 16A માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. એટલે કે હળવદ (સિવાય) થી હરીપર (સહિત) સુધી. | 83,00,000.28 | 1,66,000.00 |
| 20 | DRM-ADI-20 -2024-25 | સેક્શન એન્જિનિયર (વર્ક્સ) હળવદના યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર/ધ્રાંગધ્રાના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના ઝોન નંબર 16B માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે હળવદ (સહિત) થી સામાખીયાળી (સિવાય) સુધી. | 1,32,00,000.27 | 2,16,000.00 |
| 21 | DRM-ADI-21 -2024-25 | ડિવિઝનલ એન્જિનિયર (વર્ક્સ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 17 ના રોડ ઓવર બ્રિજ/રોડ અન્ડરબ્રિજ માટે ₹ 5 લાખ સુધીના તમામ સામાન્ય અને પરચુરણ સમારકામ. | 87,34,350.00 | 1,74,700.00 |
| 22 | DRM-ADI-22 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (NW) અમદાવાદ, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (દક્ષિણ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 18 માટે ₹ 5 લાખ સુધીના બ્રિજ તમામ સામાન્ય અને પરચુરણ સમારકામ. | 61,22,415.00 | 1,22,500.00 |
| 23 | DRM-ADI-23 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (MG) સાબરમતી, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (દક્ષિણ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 19 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 56,27,430.00 | 1,12,600.00 |
| 24 | DRM-ADI-24 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર–ગાંધીધામ, ડિવિઝનલ એન્જિનિયર (NW) – અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજઝોન નંબર 20 માટે ₹ 5 લાખ સુધીના તમામ સામાન્ય અને પરચુરણ સમારકામ. | 87,71,060.20 | 1,75,400.00 |
| 25 | DRM-ADI-25 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર(વર્ક્સ) - રાધનપુર યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર-રાધનપુર, ડિવિઝનલ એન્જિનિયર (NW)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 21A માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે ભાભર (સહિત) થી સાંતલપુર (સહિત). | 49,66,000.00 | 99,300.00 |
| 26 | DRM-ADI-26 -2024-25 | સીનિયર સેક્શન એન્જિનિયર (વર્ક્સ) - આડેસર યુનિટ, આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર - રાધનપુર, ડિવિઝનલ એન્જિનિયર (NW) - અમદાવાદ અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 21B માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના એટલે કે ગરામડી (સહિત) થી લાકડિયા (સહિત) સુધી. | 49,66,000.00 | 99,300.00 |
| 27 | DRM-ADI-27 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર–મહેસાણા, ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદ અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજઝોન નંબર 22 માટે ₹ 5 લાખ સુધીના તમામ સામાન્ય અને પરચુરણ સમારકામ. | 47,37,600.00 | 94,800.00 |
| 28 | DRM-ADI-28 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર – પાલનપુર, ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 23 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 62,48,000.00 | 1,25,000.00 |
| 29 | DRM-ADI-29 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર–વિરમગામ, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 24 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 78,00,000.20 | 1,56,000.00 |
| 30 | DRM-ADI-30 -2024-25 | આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર ધ્રાંગધ્રા, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 2024-2025 ના બ્રિજ ઝોન નંબર 25 માટે નવા કામો અને તમામ સામાન્ય સમારકામ ₹ 5 લાખ સુધીના. | 70,00,000.20 | 1,40,000.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર્સ માટે : ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : તારીખ 30.04.2024 ના 15:00 કલાકે; ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : તારીખ 30.04.2024 ના 15:30 કલાકે; ઓફિસનું સરનામુંઃ સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસેઃ ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ - 382 345; ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ : www.ireps.gov.in** 317

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે માટે રાજકીય અસ્તિત્વની લડાઈ

## જ્યારે એકનાથ શિંદેને ક્ષમતા સિદ્ધિની તકઃ વિજય મહાયુતિમાં આપશે મોટું સ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી માટે પ્રચારે જોર પકડ્યું છે. આ દરમિયાન મહારાષ્ટ્રના રાજકારણમાં પણ રસપ્રદ વળાંક આવી રહ્યા છે. મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને પણ ખેંચતાણ ચાલી રહી છે. મહારાષ્ટ્રના બે મુખ્ય પ્રાદેશિક પક્ષોના નેતાઓ શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે તેમના રાજકીય જીવનના અસ્તિત્વ માટે લડી રહ્યા છે. આ ચૂંટણી મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા અજિત પવાર માટે પણ પરીક્ષા સમાન છે. શિંદે અને અજિત પવાર પોત-પોતાની પાર્ટીઓથી અલગ થઈને ભાજપના નેતૃત્વવાળા એનડીએમાં જોડાઈ ગયા હોવાથી અસ્તિત્વ તો ટકી ગયું છે, પરંતુ ક્ષમતા સિદ્ધ કરવાની તક છે. આ ચૂંટણીમાં જો એકનાથ શિંદે સારો દેખાવ કરે એવી પૂરી શક્યતા છે અને આવું થાય તો મહાયુતિમાં તેમનું કદ ઘણું વધી શકે છે. બીજી તરફ ઠાકરે અને શરદ પવાર માટે પડકાર મોટો છે કારણ કે તેઓ સત્તાથી બહાર છે અને તેમના પક્ષોનાં મૂળ (જુઓ પાનું ૪) ▶▶

### એકનાથ શિંદે લાભદાયક સ્થિતિમાં

શિંદે પાસે સૌથી મોટી લાભદાયક સ્થિતિ એ છે કે તેઓ અત્યારે રાજ્યના મુખ્ય પ્રધાન છે અને ભાજપના કેન્દ્રીય મોવડીમંડળનો તેમના પર પૂરો વિશ્વાસ છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક છે કે તેઓ ઉદ્ધવ ઠાકરે કરતાં વધુ ઉમેદવારોને વિજયી બનાવવામાં સક્ષમ નીવડશે અને આવું થશે તો આગામી સમયમાં મહાયુતિમાં તેમનું કદ વધશે. જો એકનાથ શિંદે ઉદ્ધવ ઠાકરે કરતાં વધારે સંસદસભ્યોને જીતાડવામાં સફળ રહેશે તો સ્વાભાવિક રીતે જ રાજ્યમાં તેમનો પ્રભાવ છે એ સિદ્ધ થઈ જશે અને આનો લાભ વિધાનસભાની ચૂંટણીમાં થશે. એટલું જ નહીં, આવું થશે તો ઉદ્ધવ ઠાકરે પાસે બચેલા વિધાનસભ્યો પણ એકનાથ શિંદે પાસે આવી જાય એવી શક્યતા છે.

# ખડસે ભાજપમાં, તો પુત્રી શરદ પવાર જૂથમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

જળગાંવઃ મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ઘણા સમયથી ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. હિંદુત્વનો ઝંડો ઉઠાવનારી શિવસેના અને મરાઠા સમાજની રાજનીતિ કરતી એનસીપી બે જૂથોમાં વહેંચાઈ ગઈ. તે જ સમયે, તાજેતરમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના ઘણા અગ્રણી (જુઓ પાનું ૪) ▶▶

### વિનોદ તાવડેએ લીધો બદલો?

ખડસેના સ્વગૃહે પુનરાગમનને ફડણવીસ અને ગિરીશ મહાજન માટે મોટા ફટકા સમાન માનવામાં આવી રહ્યું છે. ૨૦૧૯માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં વિનોદ તાવડેનું પત્તું કાપવા માટે દેવેન્દ્ર ફડણવીસ જ જવાબદાર હતા અને તેથી આ વખતે ખડસેનું પુનરાગમન કરાવીને તાવડેએ બદલો લીધો હોવાનું કહેવાઈ રહ્યું છે. ખડસે અને ફડણવીસ વચ્ચેનો ગજગ્રાહ જગજાહેર છે અને આને માટેનું કારણ ગિરીશ મહાજન છે, જેઓ ખડસેના જળગાંવ જિલ્લાના જ છે.

### ₹ ૨૫૨ કરોડના મેફેડ્રોનની જપ્તીનો કેસ

# ડ્રગ્સ વેચીને મળેલાં નાણાં મુખ્ય આરોપી સુધી પહોંચાડવા બદલ હવાલા ઓપરેટરની ધરપકડ

મુંબઈઃ કુર્લા, મીરા રોડ અને સાંગલીથી રૂ. ૨૫૨ કરોડની કિંમતનું ૧૨૬ કિલો મેફેડ્રોન પકડી પાડી મહિલા સહિત ૧૦ જણની ધરપકડ કરનારી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ગયા અઠવાડિયે મુખ્ય આરોપીના ભિવંડીના ઘરેથી રૂ. ૩.૪૬ કરોડ જપ્ત કર્યા હતા, જે ડ્રગ્સ વેચીને મેળવાયા હતા. આ રોકડ ડ્રગ પેડલર પાસેથી લઇને મુખ્ય આરોપી સુધી પહોંચાડવા બદલ હવાલા ઓપરેટર જેસાભાઇ મોટાભાઇ માલીની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી. ક્રાઇમ (જુઓ પાનું ૪) ▶▶

# માથે લાખોનું ઈનામ ધરાવતી બે મહિલા નક્સલવાદી સહિત ત્રણ જણ પકડાયાં

ગઢચિરોલીઃ ગઢચિરોલી જિલ્લામાં માથે લાખો રૂપિયાનું ઇનામ ધરાવતી બે મહિલા નક્સલવાદી સહિત ત્રણ જણની સુરક્ષા દળોએ ધરપકડ કરી હતી. ત્રણેયની ઓળખ કાજલ ઉર્ફે સિંધુ ગાવડે (૨૮), ગીતા ઉર્ફે સુકલી કોરચા (૩૧) તથા જાન મિલિશિયા સંગઠનના કમાન્ડર પિસા પાંડુ નરોટે તરીકે થઇ હતી. સુરક્ષા દળો પર અનેક હિંસક હુમલામાં બંને મહિલા સંડોવાયેલી છે, જ્યારે આરોપી પિસા નરોટે ૨૦૨૨થી ૨૦૨૩ દરમિયાન પોલીસ પાટીલ સહિત ત્રણ જણની હત્યામાં સામેલ હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બે મહિલા નક્સલવાદી આગામી ચૂંટણીને અનુલક્ષી ગઢચિરોલી-કાંકેર સીમા પર (જુઓ પાનું ૪) ▶▶

મહાબળેશ્વર
સંપૂર્ણ સુરક્ષિતતા Pure Veg
Neeta's હોટેલ
SAKET PLAZA
૨ રાત, ૩ રાત પેકેજ
All AC રૂમ્સ, કોટેજીસ,ભારત બેન્ઝ બસ
નીતા ટ્રાવેલ્સ 8652222690 8652222656 8652222893 8652222825
www.neetaholidays.com
મહાબળેશ્વર :02168-260583/4/5

# બીજા તબક્કાની આઠ બેઠકો પર પચાસથી વધુ નોમિનેશન ગેરલાયક

## ૩૫૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જેમાંથી ૨૯૯ પાત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભાની આઠ બેઠકો માટે બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે. અહીં તપાસમાં ૨૯૯ ઉમેદવારોના નામાંકન માન્ય જણાયા છે. આ માહિતી અધિકારીઓ દ્વારા આપવામાં આવી હતી. આ આઠ બેઠકો રાજ્યના વિદર્ભ ક્ષેત્રની બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાલ-વાશિમ અને મરાઠવાડાના હિંગોલી, નાંદેડ અને પરભણી છે. નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૮ એપ્રિલ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે આઠ બેઠકો પર ૩૫૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા આ માહિતી શેર કરવામાં આવી છે. બુલઢાણામાં ૨૫, (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મુંબઈ પર તોળાઈ રહ્યો છે પાણીકાપ

## જળાશયોમાં માત્ર ૨૭.૮૪ ટકા પાણીનો જથ્થો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડતાં રહેલાં જળાશયોમાં પાણીનો જથ્થો ઘટીને ફક્ત ૨૭ ટકા રહ્યો હોવાથી મુંબઈગરાના માથા પર ૧૫ ટકા સુધીનો જંગી પાણીકાપ તોળાઈ રહ્યો છે. અત્યારે આ બાબતે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હોવા છતા ૧૫ મેના મુંબઈ મહાનગર પાલિકાની રિવ્યુ મિટીંગમાં આ બાબતે નિર્ણય લેવાઈ શકે છે.

ગયા વર્ષે અપૂરતો વરસાદ પડવાને કારણે જળાશયોમાં પાણીનો જથ્થો પહેલાથી ઓછો રહ્યો હતો. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં જ ખબર પડી ગઈ હતી કે જળાશયોમાં પાણીનો જથ્થો ઓછો છે, છતાં ફેબ્રુઆરી કે પછી માર્ચમાં પણ પાલિકા પ્રશાસને પાણીકાપને લાદવાનો કોઈ નિર્ણય લીધો નહોતો. જો ત્યારે જ પાંચ ટકા સુધીનો પાણીકાપ અમલમાં મૂકી દીધો હોત તો જળાશયોની સપાટીમાં આટલો મોટો ઘટાડો થયો ના હોત. પરંતુ સત્તાધારી પક્ષે આગામી લોકસભાની ચૂંટણી જીતવાની લાયમાં પાલિકા પ્રશાસન પણ દબાણ લાવીને પાણીકાપ લાદવા દીધો નહોતો અને હવે જળાશયોની ઘટતી સપાટીને કારણે આગામી દિવસમાં મુંબઈગરાની તકલીફમાં વધારો થવાનો છે.

મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૩,૮૫૦ મિલિયન લિટર જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે. સાતેય જળાશયોમાં છેલ્લા બે વર્ષની સરખામણીમાં અત્યંત ઓછો પાણીનો જથ્થો બાકી રહ્યો છે. રવિવારે સવારે સાતેય જળાશયમાં ૪,૦૨,૯૦૪ મિલિયન લિટર એટલે કે (જુઓ પાનું ૪) ▶▶

### વેઈટ એન્ડ વોચઃ કમિશનર

જળાશયોની ઝડપથી સપાટીમાં થઈ રહેલા ઘટાડાએ પાલિકા પ્રશાસનની ચિંતામાં વધારો કર્યો છે. આગામી ૧૫ મેના રિવ્યુ મિટીંગ થવાની છે. તેમાં જળાશયોમાં પાણીની સપાટીનો અહેવાલ લઈને ૧૫ ટકા સુધી પાણીકાપ લાદવાને લઈને નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. આ બાબતે પાલિકા કમિશનર ડૉ. ભુષણ ગગરાણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે હાલ મુંબઈમાં પાણીકાપ લાદવાને લઈને કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પરંતુ હાલ અમે ઝીણવટપૂર્વક પાણીના જથ્થા પર નજર રાખી રહ્યા છે. રિવ્યુ બેઠકમાં પાણીકાપ મુદ્દે નિર્ણય લેવાશે.

